ઉપયોગી વિદ્યાકળા ગ્રંથમાળા, મણકો ૧ લો.

જંગલની જડીબુટ્ટી.

પ્રથમ ભાગ.

લેખક,
વૈદ્યશાસ્ત્રી સામળદાસ સેવકરામ.

ઉપયોગી વિદ્યાકળા ગ્રંથમાળા, મણકો ૧ લો.

જંગલની જડીબુટ્ટી

ભાગ ૧ લો.

લેખક,

વૈદ્યશાસ્ત્રી સામળદાસ સેવકરામ.

પશુ ચિકિત્સા, નૂતન હુન્નર સાગર વિગેરેના કર્ત્તા.

પ્રકાશક.

વૈદ્યશાસ્ત્રી સામળદાસ સેવકરામ.

મેનેજર-વિદ્યાકળા પ્રચારક મંડળ

વડાગામ-વાયા-તલોદ.

એ. પી. રેલવે.

(સર્વે પ્રકારના હક લેખક પોતાના સ્વાધિન રાખ્યા છે.)

પ્રથમા વૃત્તિ.] પ્રત ૧૦૦ [સને ૧૯૧૭

કિંમત વાર્ષિક ફાજે પોસ્ટેજ સાથે રૂા ૦-૬-૦

છુટક નકલ એકના રૂા ૦-૮-૦ પોસ્ટેજ જુદુ.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉંગ્રેસાઈટ-સંગ્રહ
૬૮૭૨

અમદાવાદ-શાહાપુર નવી પોળમાં આવેલા શ્રી
'પ્રજાહિતાર્થ મુદ્રાલય' માં પટેલ.
ડાહ્યાભાઈ દલપતરામે છાપ્યું.



गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक [illegible] वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

પ્રસ્તાવના.

પૂર્વે બ્રહ્માનું મસ્તક જ્યારે વીરભદ્રે છેદન કર્યું હતું, ત્યારે અશ્વિની કુમારોએ તેનું ફરીથી સંધાન કર્યું હતું; તે અન્ય ઉપાયોથી નહિ પરંતુ માત્ર જડીબુટ્ટીના પ્રતાપથીજ ! એજ વૈદ્યોએ ચ્યવન ઋષિની જરાવસ્થા ટાળી પુનઃ યુવાવસ્થા બક્ષી હતી તે પણ જડીબુટ્ટીથીજ ! રામ, રાવણના વિખ્યાત યુદ્ધ પ્રસંગે લક્ષ્મણને લાગેલી મૂર્છા સુષેણ વૈદ્યવાળી હતી તે પણ તેનાથીજ ! અને દેવોએ સમુદ્રમંથન કરી અમૃત ઉપજાવ્યું તે પણ જડીબુટ્ટીઓના મંથનથીજ.

આ પ્રમાણે જડીબુટ્ટીઓના દીવ્ય ગુણોનું જ્ઞાન અતિ પ્રાચિન કાળથીજ ચાલ્યું આવે છે. છતાં આજ કાલ તેનું જ્ઞાન ધરાવનારા વીરલા થઇ જવાથી કે કોંતો આજકાલના સુધરેલા ગણાતા જમાનાના સુધરેલા જનોની તેમાં આસ્થા નહિ રહેવાથી, પોતાને થયેલા દરદના સબંધમાં એકાદ વૈદ્ય અગર એકાદ ગામડીઓ જડીબુટ્ટી સબંધી કંઇ દલાજ બતાવે તો તે હવામાં ચાલ્યો જાય છે. પરંતુ એકાદ ડોકટર વિલાયત કે અમેરિકામાં બેઠાં બેઠાં ન્યુસપેપરોદ્વારા પોતાના ઔષધનાં મરજીમાં આવે તેવાં બણગાં ફુંકે તો પણ તેની વાત ઉપર એકદમ વિશ્વાસ મૂકવામાં આવે છે. અને તેની વાતને એક મહાન્ શોધ માની તેના તરફથી પ્રસિદ્ધ થયેલી પેટન્ટ દવા ખરીદવાને બજારમાં દોડાદોડ થાય છે.

અમે એમ કહેવા નથી માગતા કે દરેક પેટંટ દવાઓની ખબરો અતીશયોક્તિ ભરેલી હોય છે. પરંતુ તેઓ પૈકી ઘણી ખરીઓમાં શું સત્યતા સમાએલી હોય છે, તેનો ખ્યાલ તો જેઓએ "સિક્રેટ મેડીસીન" અને મોર 'સિક્રેટ મેડીસીન" નામનાં પુસ્તકો વાંચ્યાં હશે તેઓની કલ્પનામાં આવીજ ગયો હશે. અને તેથી એવાં ઔષધો ખરીદનારા જ્યારે નિરાશ થાય છે, ત્યારે જોગી, જતી અગર ઊંટ વૈદોના પાલે પડી પારો, ગંધક. સોમલ, હરતાલ વિગેરેની અનેક અશુદ્ધ બનાવટો ખાઇ થએલું દરદ મટાડવાના બદલે બીજાં અનેક દરદોના ભોગ બની પડે છે. તે કરતાં જે અતિ પવિત્ર, નિર્ભય, કદી પણ અવગુણ નહિ કરનારી, સરળતાથી મળી શકનારી અને અલ્પ મૂલ્યવાળી છતાં અમૂલ્ય ગુણ કરનારી જડીબુટ્ટીઓના વપરાશનો વિશેષ પ્રચાર થાય, તો દરેક વ્યક્તિને અને તેમાં પણ વળી ગરીબ વર્ગને વિશેષ ફાયદો થાય એમ ધારી, આ પુસ્તકની એક નાનકડી આવૃત્તિ સને ૧૯૦૮ માં પ્રગટ કાઢવામાં આવી હતી. જે લોકપ્રિય થઇ ટુંક સમયમાં ખપી જવાથી આ સબંધિનું એક મોટું પુસ્તક પ્રસિદ્ધ કરવા વિચાર હતો. પરંતુ એકી વખતે સામટી કિંમત ખર્ચી સાધારણ સ્થિતિનાં મનુષ્યો તેનો લાભ લઇ શકશે કે કેમ? એવી શંકા ઉપસ્થિત થવાથી, તેમજ અમારી તરફથી ઉપયોગિ વિદ્યાકળા ગ્રંથમાળા" નામની સીરીઝ શરૂ થવાથી, આખું પુસ્તક એકદમ નહિ છાપતાં કેટલાએક ભાગોમાં થર્ડ પૂર્ણ કરવાનો નિશ્ચય થવાથી, તૈયાર મેટરમાંથી માત્ર થોડોજ નમુનો આ પ્રથમ ભાગ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તે જો વાંચકવૃન્દને ઉપયોગિ થઇ પડશે

તો બાકીનો વિષય બીજા કેટલાએક ભાગોમાં થઇ પૂર્ણ કરવામાં આવશે.

આ પુસ્તકમાં આવેલી જડીબુટ્ટીઓના ગુણદોષ કેવળ મનની કલ્પના પ્રમાણે લખવામાં આવ્યા નથી, પરંતુ ચરક, શુશ્રુત, વાગ્ભટ્ટ, ધન્વંતરી, સારંગધર. ભાવમિશ્ર, અંગસેન, ડો. ડીમક. ડો. વોટ. ડો. એન્સ્લી. ડો. ઓરી, ડો. મુબ્દીન શેરીફ, ડો. દાજીભાઉ, ડો. સખારામ અર્જુન, ડો. દત્ત, ડો. સર ભાલચંદ્ર કૃષ્ણા. સર દીનશા માણેકજી, ધન્વંતરી સ્વરૂપ વૈદ્યરાજ ગુંડુભટ્ટજી. પનવેલના પ્રખ્યાત કારખાનાના ચાલક વૈદ્યરાજ વિષ્ણુ કૃષ્ણ પુરાણિક, પ્રસિદ્ધ પત્ર વૈદ્ય કલ્પતરૂના સંપાદક વૈદ્ય પંચાનન જટાશંકર લીલાધર ત્રિવેદી, પ્રસિદ્ધ હકીમ અકબરખાન, મખજનઉલ અદ્વીઆના કર્ત્તા વિગેરે અનેક પ્રાચીન અર્વાચિન દેશી, વિદેશી મહાશયોએ ગુજરાતી, ઈંગ્રેજી, અરબી, ફારસી મરાઠી, હીંદી, સંસ્કૃત વિગેરે ભાષાઓમાં લેખો, પુસ્તકો અગર અભિપ્રાયો દ્વારા જણાવેલા પોતાના અનુભવોનો આધાર લેવામાં આવ્યો છે. તેમજ અનેક સાધુ, સંતો, મહાત્માઓ, ગામડીઆઓ, ડોસીઓ વૃદ્ધ વૈદ્યો વિગેરેની સેવા કરતાં તેઓની કૃપા દૃષ્ટિથી પ્રાપ્ત થયેલી પ્રાસાદિક જડીબુટ્ટીઓનો અનુભવ લેતાં જે સત્ય રહસ્ય સમજવામાં આવેલું તે ખુલ્લાદીલે વર્ણવવામાં આવ્યું છે. આ બહલ વાંચકોની વિશેષ ખાત્રી માટે પ્રસંગોપાત્ દરેક વિષય જે જે ગ્રંથ અગર લેખમાંથી લીધેલો છે તે ગ્રંથ, લેખ તેમજ તેના લેખક મહાશયનું નામ અને તે સંબંધમાં અમારો જાતિ અનુભવ દર્શાવવામાં આવ્યો છે. જે ઉપરથી આ પુસ્તકને

પ્રમાણ ભૂત બનાવવાને માટે અમોએ લીધેલા શ્રમનો કંઇક ખ્યાલ વાંચક વૃન્દને આવશે.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિમાં પ્રથમ દરેક રોગનું નિદાન આપી પછી તેને લગતા જડીબુટ્ટીના ઉપચાર આપવામાં આવ્યા હતા, પરંતુ એમ કરવા જતાં પુસ્તકનું કદ વધી જવાના ભયથી જડીબુટ્ટીઓના ગુણ બહલ જોઇએ તેટલી સ્પષ્ટતાથી પ્રમાણ આપી શકાયાં નહોતાં. અને તેથી આ વખતે એ સ્ટાઇલ ફેરવીને એટલે દરદોનો ક્રમ છોડી દેઇને કેવળ જડીબુટ્ટીઓનો ક્રમ રાખવામાં આવ્યો છે. અને તેથી પુસ્તકની સ્ટાઇલ તદન નવાજ સ્વરૂપમાં ફરી જવાથી, બીજી આવૃત્તિ નહિ ગણતાં નવિન આવૃત્તિ ગણવામાં આવી છે.

વળી આ વખતે આ પુસ્તક સ્વતંત્ર રીતે નહિ, પરંતુ ઉપયોગિ વિદ્યાકળા ગ્રંથમાળાના પ્રથમ મણકા તરીકે પ્રગટ થાય છે. આ ગ્રંથમાળાનાં દરેક પુસ્તકો ગ્લેઝ કાગળોમાં કાઢવા વિચાર હતો, પરંતુ આજકાલ કાગળોના ભાવો એટલા વધી પડ્યા છે કે, સારાં પ્રતિષ્ઠિતપત્રો કે જેઓ પ્રથમ ગ્લેઝ કાગળોમાં પ્રગટ થતાં હતાં, તેઓએ પોતાનું લવાજમ વધારવા છતાં પણ પોતાની સ્થિતિ જાળવી ન શકાયાથી રફ કાગળોમાં પ્રગટ થવા લાગ્યાં છે. તો આ ગ્રંથમાળા કે જે હજુ આજેજ જન્મ પામે છે, અને જ્યાં સુધી જનસમાજ તરફથી તેને યોગ્ય આશ્રય ન મળે ત્યાં સુધી પોતાના જાત શ્રમ અને કુદરતી કૃપા ઉપર ટકી રહેવાનું છે; તેનાથી પોષ્ટેજ સાથે વાર્ષિક લવાજમ માત્ર સવા કે દોઢ રૂા. જેટલી રકમમાં

ગ્લેઝ કાગળોનું સાહસ ખેડી શકાય તેમ ન હોવાથી, વગર ઇચ્છાએ રફ કાગળોનો દેહ ધારણ કરાવાની ફરજ પડી છે. પરંતુ ઇશ્વર કૃપાથી હાલનો યુદ્ધ પ્રસંગ જો જલદી શાન્ત પામી કાગળોના ભાવમાં ઘટાડો થશે તો, ત્યાર પછીના દરેક મણકાઓને ગ્લેઝ સ્વરૂપમાં પ્રકટ કરવામાં આવશે. એજ સુજ્ઞેષુના કિમ્ બહુના.

વડાગામ,
વિજયાદશમી.

આપનો,
વૈદ્યશાસ્ત્રી સામળદાસ સેવકરામ.

ત્રિવિધાકળા પ્રચારક મંડળ

તેનો

ટુંકો ઇતિહાસ અને ઉદ્દેશ.

ત્રિકાળદર્શી મહાત્માઓના મુખકમળમાંથી નિકળી પ્રચારને પામેલી અતકર્ય સામર્થ્યવાળી પ્રાચીન વિદ્યાકળાઓ હાલના સમયમાં નષ્ટપ્રાય થતી જોઇ, તેઓનો યથાશક્તિ શોધ કરી અનુભવ લેતાં જે સત્ય રહસ્ય સિદ્ધિમાં આવે તે, તેમજ અર્વાચિન વિદ્વાન રત્નોથી શોધાએલી ઉપયોગી ગુપ્ત વિદ્યાઓ પ્રકાશમાં લાવવાને આ સંસ્થા લગભગ ત્રીશેક વર્ષ ઉપર સ્થાપન થઇ હતી જેના ઉત્સાહિત ચાલકોએ આખા આર્યાવર્ત્તમાં પ્રવાસ કરી જેઓને પ્રાચિન–અર્વાચિન ગુપ્ત વિદ્યાઓ માહિત છે, જેઓએ તેનો અભ્યાસ કરેલ છે, જેમને તેનો પ્રબળ અનુભવ થયેલો છે, એવા સાધુ, સંત મહાત્માઓ પાસે વસી ઘણા કાળ સુધી તેઓની સુશ્રુષા કરતાં, તેઓના મુખમાંથી જે જે ઉદ્ગારો નિકળતા તે લખી લીધા છે. વનૌષધિ સબંધિ જ્ઞાન ધરાવનારા સેંકડો રાનીજનોની મુલાકાત લીધી છે. સ્વેચ્છાએ આમતેમ વિચરતા તેમજ દીલ્લી પાસેની સેંકડો મસીદોના ખંડેરોમાં પડી રહેનારા, નિર્મળ નર્મદાના પ્રવાહની પરિક્રમા કરનારા, તેમજ હરદ્વાર, પ્રયાગ વિગેરેના ઢોળાવ પ્રત્યે

ધાનારા સેંકડો સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ, જતીઓ, જમાતો, પીરો, ફકીરો વિગેરેની સાથે જ્ઞાનચર્ચા ચલાવી છે. તેમજ યોગ, મંત્ર, તંત્ર, જ્યોતિષ, વૈદ્યક, હુન્નર, કળા વિગેને લગતાં સંસ્કૃત, ઇંગ્રેજી, મરાઠી, હીંદી, ગુજરાતી, બંગાળી વિગેરે ભાષાઓમાં લખાએલાં–છપાએલાં અનેક પ્રમાણિક પુસ્તકોનું અધ્યયન કરેલું છે. એ રીતે ત્રીશેક વર્ષ સુધી એક સરખી દીક્ષા ધારણ કરી તન, મન, ધનના અસીમ ભોગે શોધ–ખોળ ચલાવતાં પોતાને મળેલા અનુભવનું કંઇક દિગ્દર્શન પ્રસંગોપાત્ આ સંસ્થા તરફથી નાનકડાં પુસ્તકો સ્વરૂપે પ્રગટ કરવામાં આવતું હતું. જે જનસમાજ તરફથી સારા સત્કારને પાત્ર થવાથી પોતાનો બધો અનુભવ નિયમિત પ્રગટ કરવાને "**ઉપયોગી વિદ્યાકળા ગ્રંથમાળા**" નામની પદ્ધતિ ગ્રહણ કરવાનું સાહસ આજથી આરંભવામાં આવે છે. અને આશા રખાય છે કે તે લોકોપયોગી નિવડી પૂર્વવત્ જનસમાજની પ્રીતિનું પાત્ર થઈ પડશે.

દરદો અને તેના ઉપાયો.

વિષય.	પૃષ્ટ.
અર્શ	... ૨–૧૧–૮૦
ઉંટાંટીઓ ...	... ૬૦
ઉંદરનું ઝેર ...	... ૨૧–૩૦–૬૧–૧૧૭–૧૨૧
ઉપદંશ, ગરમી ...	... ૬–૭–૨૩–૩૨–૫૬–૬૭–૧૨૧
ઓસાળ	... ૧૮
અંધાપો	...૧૨૩
આંખનાં ફુલાં, ખીલ	... ૫૩–૭૪
કમળો	... ૩૦
કરોળીઆ... ...	... ૨
કાચાં રસાયનોની અવકિયા	... ૫૧
કૃમિ	... ૨૩–૪૮–૭૨
કંઠમાળ	... ૭૧–૧૧૪–૧૨૪
ખસ	... ૭૦
ખરજવું	...૧૨૧
ખાંસી	... ૧૧–૨૩–૧૨૧
ગર્ભપાત	... ૬૪–૧૦૮
ગર્ભાશયનાં દરદો ...	... ૬૪–૧૨૨
ગોળો, શૂળ ...	... ૧૦

ગાંઠ ૧૨–૬૮
ચાંદીની ભસ્મ ૪
જળોદર ૧૦૫
જુદી જુદી જાતનાં ઝેરો ... ૬૫–૧૧૬
ઝામરવા ૩૧
ટાલ ૨૨–૨૫
ટુંટીયું ૧૧૨
તાવો ૨–૨૩–૨૬–૬૩–૬૬–૧૧૧
ત્રિભંગભસ્મ ૮૦
ત્રાંબાની ભસ્મ ૪–૮–૨૩–૨૪–૬૪
તામ્રભસ્મ સફેદ ૨૪
ધાવણનો નાશ થવો... ... ૧૮
ધાવણ બગડવું ૬૫
ધાતુક્ષય ૮૫
નપુંસકતા ૨૩–૪૭
પ્રસવની મુશ્કેલી ૩–૧૨
પ્લેગ–મરકીની ગાંઠ ૧૩–૬૨
બદર ૨૭–૧૨૫
પ્રમેહ ૨૨–૪૦–૧૨૧
નસકોરી ફુટવી ૫૭
પત ૧૨૩
પથરી ૧૨૦
પારદબંધન ૪–૭૮–૧૨૧

પાંડુ ... ...૬૦ ।
બરોળ ૧૬૫
મંદ બુદ્ધિ વધારનાર ૧૦૧
બેરીબેરી ૧૦૫
બાલામૃત ૭
ભગંદર ૩૨–૧૦૮–૧૧૪–૧૨૪
મરડો ૮–૨૩–૩૧–૧૧૨
મુંબઇનું પાણી લાગવું ... ૮૫
મુઢગર્ભ ૩૫
મૂત્રાકૃચ્છ ૪૦
રક્તસ્રાવ ૨
રતાંધળો ૨–૬૪
રતવા ૬૮–૧૧૭
વરાધ ૬૧
વછનાગનું ઝેર ૨૧–૮૬
વાળો ૪૬
વાયુનાં દર્દો ૪૬–૧૦૫
વાઇ ૧૦૮
વિધવિધ દરદો ૧૧૪
વ્રણ–ચાંદાં ૨૧–૩૨–૪૦–૧૦૮–૧૨૭
વીંછીનું ઝેર ૩–૬૮–૧૨૮
શલ્ય કાઢવા ૩૪
સ્વદેશી ચાહ ૬

સસણી ૬૨
સાપનું ઝેર ૨૦–૩૦–૩૬–૪૬–૮૬–૬૭–૧૧૭
શ્વાસ ૬–૧૨૧
સુવારોગ ૮૧
સંગ્રહણી ૮૧
સોમલનું તેલ ૪
સોમલની અવક્રિયા ૧૧૮
સોમલની ભસ્મ ૬૩
હરકાયા કુતરાનું ઝેર ... ૨૧–૩૦–૭૬
હડતાલ ભસ્મ ૬૩
હીસ્ટીરીઆ... ... ... ૧૦–૬૨–૧૨૪
હિંગળોક ભસ્મ ૫૮
ક્ષય ૪૨

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ.	લાઇન.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૬	અણીવાળા	અણીવાળાં
૨	૪	એના	એનાં
૨	૧૬	એક્ષાર	એનોક્ષાર
૨	૨૦	કરા	કરી
૬	૧	તેઓન	તેઓને
૮	૧૪	રીકે	તરીકે
૧૧	૧૯	ભારગી	ભારંગી
૧૪	૨	વાવરવા	વાપરવા
૧૫	૯	શુદ્ધિમ	શુદ્ધિમાં
૧૮	૧૯	અનુભય	અનુભવ
૨૮	૧૬	રહેલા	રહેલો
૩૮	૨૨	પોતાના	પોતાની
૫૧	૧૦	લાગ્ગી	લાગી
૫૨	૨૦	કાચા	કાચાં
૬૧	૨૧	વચમાંનો	વચમાંના
૬૧	૨૨	લેવો	લેવા
૬૩	૨૦	માળા	માવા
૭૭	૪	ગાંડા	ગાંડો

૮૧	૧	અડધાકલાકે	૬૨ અડધાકલાકે
૮૮	૧૭	દીધકાળ	દીર્ઘકાળ
૧૦૦	૧૧	અસખ્ય	અસંખ્ય
૧૧૪	૮	ઝાડમાંને	ઝાડમાંનો
૧૧૬	૧૨	પાવેલ	પનવેલ
૧૧૭	૪	મયાળે	મથાળે
૧૧૫	૮	૮૩	૮૦

ચાલુ વર્ષમાં બહાર પડનારાં બીજાં પુસ્તકો.

વિશ્વદૃષ્ટિ—અથવા ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનકાળની વાતો જાણવાની વિદ્યા.

આજકાલના ઘણાખરા ગ્રંથ કર્ત્તાઓ જેમ લખે છે તેમ આ પુસ્તક મંત્ર, તંત્ર, યંત્ર અથવા તો જ્યોતિષ, રમલ વિગેરેના આધારે લખવામાં આવ્યું નથી. તેમજ હઠયોગની મુસીબત ભરી ક્રિયાઓ પણ વર્ણવવામાં આવી નથી. કિન્તુ યોગીઓમાં ચાલતી કેટલીએક સુગમ ગુપ્ત ક્રિયાઓ વર્ણવવામાં આવી છે, કે જેથી દરેક સાધારણ મનુષ્ય પણ સહેલાઇથી તેને સાધ્ય કરી ત્રિકાળદર્શી થઇ શકે છે.

દરેક આવતું વર્ષ કેવું નિકળશે તે જાણવાની વિદ્યા—માત્ર ગ્રહોના આધારે નહિ, પરંતુ વાતાવરણ, વિદ્યુત, વાદળ, વર્ષમાં ઉત્પન્ન થતા મહાન્ ગર્ભો, સરકારી વાયુચક્ર શાસ્ત્રોની અવલોકન પદ્ધતિ વિગેરે પ્રાચિન–અર્વાચિન સાયન્સો તેમજ દીર્ઘકાળના જ્ઞાતિઅનુભવથી લખાએલું હોવાથી આજ સુધીમાં એ સબંધ પ્રગટ થયેલાં પુસ્તકો કરતાં તદ્દન નવિનજ છે.

ધનવાન થવાય તેવા ઉદ્યોગો—દરરોજના ઉપયોગમાં વપરાતી વિદેશથી આવતી સેંકડો ચીજો અત્રે બનાવવાની માહિતી આપવા ઉપરાંત, આ દેશમાંથી વિદેશ ધસડાઇ જતા કાચા માલમાંથી પાકો માલ બનાવવાનાં કારખાનાં કેવી રીતે સ્થાપી શકાય તે પણ બતાવવામાં આવ્યું છે.

જંગલની જડીબુટ્ટી.

ભાગ પહેલો.

અધેડો.

સં. અપામાર્ગ. હિં. ઓંગા, ચિરચિટા. મ. અધાડા. બં. આપાંગ. ગુ. અંધાડી, અધેડો. લા. ઍચિરેન્થિસ ઍસ્પેરા.

વર્ણન—એના છોડવા ચોમાસામાં ઉગેલા જોવામાં આવે છે અને કેટલીએક જગ્યાએ તે બારેમાસ પણ હોય છે. એની ઊંચાઈ એકથી ત્રણ હાથ સુધી હોય છે. પાંદડાં લંબગોળ અને છેડે અણીવાળા હોય છે. પાંદડાંના વચમાં ફુલની એક લાંબી મંજરી નિકળે છે, તેના ઉપર બીજ બેસે છે. એની છોડવાઓમાં એક જાતના થડનો તેમજ પાંદડાંનો રંગ રાતો હોય છે, અને બીજી જાતનો રંગ લીલો કે ધોળાશ લેતો હોય છે. લાલ જાતને જે ફળ બેસે છે તેના ઉપર કાંટા જેવું હોય છે, એ ઉપરથી એ જાત લાલ અંધેડી અથવા તો કાંટાવાળી અંધેડીના નામથી ઓળખાય છે, અને બીજી જાતની બોડી અંધાડીના નામથી ઓળખાય છે. આ વનસ્પતિ દરેક સ્થળે થતી હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે, માટે વિશેષ વર્ણનની જરૂર નથી.

ગુણદોષ—અધેડો અગ્નિકારક, તીક્ષ્ણ, નસ્ય લેવાથી માથાના કૃમિને દુર કરનાર, ઉલટી લાવનાર, રકતસ્તંભક, રકતાતિસારને દુર કરનાર તથા દાદર, ખરજ અને કફને ટાળનાર છે.

—શોદલ નિઘંટ.

ઉપયોગ--એનાં બીજનું ચૂર્ણ કરી નાકે સુંઘવાથી માથાની અંદર રહેલો કફ પાતળો થઈ નિકળી જાય છે. તેથી માથાની અંદર થતા કીડાઓ અને તેના લીધે થતો માથાનો દુઃખાવો દુર થાય છે. વળી એના પાંદડાંનો રસ માંડી હોવાથી રકત પ્રદર તથા રકતાતિસારને દુર કરે છે, એટલુંજ નહિ પરંતુ શરીરનો કોઈ પણ ભાગ કપાવાથી લોહી વહેતું હોય તે ભાગ ઉપર એ રસ ભરવાથી તત્કાળ લોહી વહેતું બંધ થાય છે. એના બીજને વાટી ચોખાના ધોવરામણ સાથે ૧ા તોલાની માત્રામાં પીવાથી અર્શમાંથી પડતું લોહી બંધ થાય છે. એ બીજ પચવામાં ઘણું ભારે હોવાથી જોગી, જતી લોકો તેની બેંસના દુધમાં ખીર રાંધીને ખાય છે, જેથી ઘણાં દિવસ સુધી ભુખ લાગતી નથી. એનાં બીજ જ્યારે પચવામાં ભારે છે, ત્યારે મૂળીયાં જઠરાગ્નિને પ્રબળ કરવામાં અને અપકવ વસ્તુને પચવવામાં શ્રેષ્ઠ હોવાથી; અજીર્ણ વિષુચિકા વિગેરેમાં વપરાય છે. એના પંચાંગને બાળી કાઢવામાં આવેલો ખાર કફની ચીકાશને તોડે છે, જેથી બલખા સહેલાઇથી નિકળી આવે છે. વળી એ ક્ષાર મૂત્રલ હોવાથી મૂત્રકૃચ્છ, જલોદર, ગુલ્મ વિગેરેમાં પણ સારી અસર કરે છે. એના ક્ષારવાળા પાણીમાં મૂળાનાં બીજ વાટી ને ચોપડવાથી શરીર ઉપર નિકળેલા કરોળીઆ નાબુદ થાય છે, એનાં પાંદડાં અને મરીયાંને સાથે વાટી ગોળમાં ચાર ચાર ગ્રેઈન ભારની ગોળીઓ કરી ટાઢીઆ તાવ ઉપર કવીનાઇનના બદલે વપરાય છે. એનાં મૂળનું ચૂર્ણ દરરોજ રાત્રે એક તોલા જેટલું લેવાથી રતાંધળાપણું દુર થાય છે. વળી એના મૂળને પાણી સાથે ઘસી આંખમાં આંજવાથી કુલું મટે છે. એનો ક્ષાર આપવાનું પ્રમાણ એકથી બે વાલ જેટલું છે.

એનાં પાંદડાંને વાટી પોટીસ બનાવી ભમરા, મધમાંખી અને એવાંજ બીજાં જીવજંતુઓના ડંખ ઉપર લગાડવામાં આવે છે.

એના મૂળને સુતરના દોરા સાથે બાંધી સ્ત્રીની કમરે બાંધવાથી જલદી પ્રસવ થાય છે. વળી એ ઝાડનો રસ કાઢી જો ગર્ભાશયની અંદર પીચકારી મારવામાં આવે તો ઘણી ઝડપથી વીણ આવવી શરૂ થાય છે. ડૉકટર યુ. સી. દત્ત કહે છે કે બંગાળાની સ્ત્રીઓ ગર્ભપાતને માટે એનો ઉપયોગ કરે છે, અને તે કાર્ય માટે એની પુલ્લ વાળી ડાળીઓ ગર્ભાશયની અંદર રાખે છે. મેજર મોઇદીન કહે છે કે એની પુલ્લ વાળી ડાળીઓ ઉપર વીંછીને મૂકવામાં આવે તો તેને પક્ષઘાત થાય છે અને તેથી તે ચાલી શકતો નથી. એનાં પાંદડાંનો રસ કાઢી જ્યાં સુધી વીંછીનું ઝેર ચઢયું હોય ત્યાં આગળ લીટા કરવાથી ઝેર નીચે ઉતરવા માંડે છે. જેમ જેમ ઝેર નીચે ઉતરતું આવે તેમ તેમ લીટા પણ નીચે નીચે કરતા આવવું. અને એમ કરવાથી ઝેર છેક ડંખમાં આવે, ત્યારે તે જગ્યાએ એના પાંદડાંની લુગદી બાંધવી જેથી ઝેર નાબુદ થાય છે. મુજ્જરઆત અકબરીનો કર્ત્તા કહે છે કે બહારથી આગ ઉપચાર કરવાની સાથે અંદરના ઉપચાર તરીકે તેનાં થોડાંએક મૂળીઆં અગર પાંદડાં ચવડાવ્યાં હોય તો તરત આરામ થાય છે. આ કામ માટે સદરહુ હકીમ લાલ અંધાડીને ઉત્તમ માને છે. અમે પણ ઘણા કેશોમાં આ પ્રયોગનો અનુભવ લીધેલો છે.

અત્યાર સુધી એના વૈદ્યકીય ગુણોનું વર્ણન કરવામાં આવ્યું. હવે જડીબુટ્ટીની રીતે અનુભવેલા ગુણોનું વર્ણન કરીએ.

ચાંદીની ભસ્મ—માથે મુકવાની પ્રાયડીમાં જે સોનેરી કસબ આવે છે તેવા જુના છેડા એકઠા કરીને બાળી નાંખવાથી, પરચુરણ દ્રવ્યો બળી જઇ ચાંદીના જે બળેલા તાર હાથમાં આવે, તેને અધેડાના રસમાં એક દિવસ ભીંજવી રાખવા. બાદ અધેડાના છોડને વાટીને કરેલી લુગદીમાં તે તારને મૂકી શરાવ સંપુટમાં ઘાલી કપડમાટી કરી અડધાગજ પુટ જેટલો તેને અગ્નિ આપવો. અગ્નિ ઠંડો પડે ફરીથી બીજી લુગદીમાં મૂકી અગ્નિ આપવો. એમ ત્રણ, ચાર વખત અગ્નિ આપવાથી ચાંદીની ભસ્મ થાય છે. જો આ ભસ્મ રંગમાં કંઇ કાળી થાય તો તેને આંબલીના રસ સાથે ખુંઢવાથી સફેદ થાય છે.

ત્રાંબાની ભસ્મ—અધેડાનાં મૂળીયાંની લુગદીમાં ત્રાંબાના શુદ્ધ પતરાને રાખી કપડમાટી કરી ગજપુટમાં ફુંકવાથી બે, ચાર ભઠ્ઠીમાં ભસ્મ થાય છે.

પારદ બંધન—અધેડાની રાખને એક હાંડીમાં ખૂબ દાબી દાબીને ભરવી. પછી તેના વચમાં એક ખાડો કરી તેમાં પાંચ ટાંક પારો ભરી બાકીનો ખાડો કાળા ભાંગરાના રસથી ભરવો. પછી હાંલ્લી ઉપર ઢાંકણી ઢાંકી કપડમાટી કરી નીચે બે પહોરનો અગ્નિ કરવો, જેથી પારો મરણ પામી ધોળા રંગના ખડા જેવો બંધાઈ જાય છે.

સોમલનું તેલ બનાવવાની રીત—અધેડાનો ખાર અથવા સોડા એ બેમાંથી એક ચીજ ચાર તોલા લેવી, તેમાં સોમલનું ચૂર્ણ આઠ તોલા મેળવી, લોઢાની કઢાઇમાં નાંખી તેમાં ચોવીશ

તોલા પાણી રેડવું અને નીચે ધીમી આંચ કરવી. જ્યારે બે તોલા પાણી બાકી રહે ત્યારે તે કઢાઇને અગ્નિ ઉપરથી ઉતારી લેવી, જેથી કઢાઈ ઠંડી પડતા સુધીમાં પાણીનો ભાગ શોષાઇ જશે અને સોમલનું પ્રવાહી તેલ શેષ રહેશે; તેને ગળીને એક શીશીમાં ભરી લેવું.

ઉપયોગ—વાયુથી શરીરનો જે ભાગ અત્યંત દુઃખતો હોય તેના ઉપર પાંચ તોલા સરસીઆ તેલમાં એક તોલો આ તેલ મેળવી માલીસ કરવું. બાદ એરંડાનાં ગરમ કરેલાં પાંદડાં બાંધવાં. શ્વાસ અને ખાંસીના દરદવાળાને પાન ઉપર લગારેક ચોપડીને આપવાથી ઉલટીઓ થઇ કફ દુર થાય છે. જો ઉલટી ન ખમી શકાય તો સાકર નાંખેલું દુધ પીવાથી શાન્ત થાય છે. કુશળ વૈદ્ય સિવાય બીજાએ આ પ્રયોગ અજમાવવો નહિ.

અનંતમૂળ.

સં. સારિવા. **હિં.** કાલીસર, ગોરીસર. **કરીયાવાસાઊ. મ.** ઉપર સાળ. **બં** અનંતમૂળ, શ્યામાલતા, **તૈ.** પત્રાશગંધી. **ગુ,** અનંત મૂળ, **ફા.** ઇન્ડીયન સારસાપરેલા, **લા.** હેમીડેસ્મસ્ઇન્ડિસ્.

વર્ણન—એના વેલા કાળાશ પડતા રાતા ઘેરા રંગના થાયછે. એનાં પાંદડાં જાંબાનાં પાંદડાંને મળતાં ત્રણેક આંગળ લાંબાં થાયછે. શીંગો કડાની શીંગો જેવી આવતી હોય, બે, બે શીંગો બેળી હોય છે, અને તે ફાટે છે ત્યારે તેમાંથી રૂ નિકળે છે. ફુલ ઉપરથી કાળાં અને સફેદ એવાં હોય છે. પાંદડામાં ખડીના જેવા સફેદ ટપકાં

હોય છે. અને તેઓને તોડતાં તેમાંથી દુધ નીકળે છે. એનાં મૂળીયાં વાંકાં ચુકાં હોય, ઉપરની છાલ ઘેરા ભુરા રંગની ચીરા પડેલી હોય છે. અંદરના લાકડાનો ભાગ પીળા રંગનો હોય તેમાંથી કપુર કાચલીના જેવી સુગંધ આવે છે. મૂળનો સ્વાદ જરા ગળપણ સાથે કડુછો લાગે છે. ડુંગરાઉ જમીનમાં તે પુષ્કળ થાય છે, અને કેટલાએક સ્થળે કાળીવેલ, કાપરનીવેલ એવા નામે પણ ઓળખાય છે.

ઉપયોગ—આ ઔષધમાં રક્ત શોધનનો ઉત્તમ ગુણ રહેલો છે, જેથી અમેરીકન સારસાપરેલાના બદલે તેનો ઉપયોગ થાય છે. અઢી તોલા મૂળને કચરી ચાળીશ તોલા પાણી સાથે રાત્રે ભીંજવી રાખી બીજા દિવસે તે મૂળીયાં નીચોવી પાણી ગાળી લેવું આખા દીવસમાં થોડને પીવડાવી દેવાથી હમેંશના કરતાં ત્રણ, ચાર ગણો પેશાબ થાય છે, શરીરમાંથી એકદમ પસીનો છુટે છે, અને ઘણી સખ્ત ભૂખ લાગે છે. જેથી મૂત્ર સબંધી બધા વિકારો, મંદાગ્નિ, રક્તની અશુદ્ધિ, ઉપદંશની ગરમી, વિસ્ફોટક, પ્રદર, પ્રમેહ, જીર્ણ-તાવ, અરૂચિ, સંધિવા, વિષવિકાર, ખાંસી, દમ, ધાતુક્ષીણતા વિગેરેમાં રામબાણ અસર કરે છે. વળી, આખા દિવસમાં થર્ડ એક દરદીને અઢીને બદલે પાંચ તોલા મૂળીયાં નાંખીને કરેલું ૮૦ થી ૧૦૦ તોલા પાણી પણ પાઇ શકાય છે. વળી અઢી તોલા મૂળીયાં નો ભૂકો, અઢીતોલા સાકર અને ત્રીશ તોલા પાણી સાથે મેળવી ઢાંકણું ઢાંકેલા વાસણમાં દશ મિનિટ સુધી ઉકાળી પછી ગળી લેવું તેમાં દુધ મેળવી પીવાથી સ્વાદમાં, સુગંધમાં અને રૂચિમાં ચા સાથે એટલું બધું મળતાપણું આવે છે કે અજાણ્યો માણસ ચા હોવાની ભૂલ પણ કરે છે, એટલુંજ નહિ પરંતુ થોડા એક દિવસ

તે પીવાથી ચાહાનું બંધારણ વગર મુશ્કેલીએ છુટીપણુ જાય છે. અને ચહાથી થતા અવગુણોને બદલે ઘણી જાતના ગુણો મેળવી શકાય છે. આ મિશ્રણ એટલું બધું સ્વાદિષ્ટ થાય છે કે પોટાસ આયોડાઇડ નામની ખરાબ રૂચિવાળી દવા પણ તેની જોડે સહેલાઈથી પી શકાય છે. આ મૂળીયાં જેટલાં તાજાં હોય તેટલો વધુ ગુણ કરે છે.

ઉપલસરીનાં મૂળ તોલા દશ, સાકર તોલા ૭૦ અને પાણી તોલા ૬૦ લેઇ, પ્રથમ મૂળીયાંને કચરી પાણી સાથે ઉકાળતાં અડધું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી ચાર કલાક ઢાંકી રાખી, પછી પાણી ગળી લેવુ તેમાં ખાંડેલી સાકર નાંખી ધીમા તાપે શરબત બનાવવું. આ શરબત બાળકોને બહુ ફાયદો કરેછે, અને તેથી હાલમાં નિકળેલાં ઘણી જાતનાં બાલામૃતો પૈકી ઘણાં ખરાં આ રીતેજ તૈયાર થયેલાં હોય છે.

સારિવાદિચૂર્ણ—ઉપલસરી તોલા ૨૦, શતાવરીતોલા ૧૦, રાસ્ના તોલા ૧૦, ચોપચીની તોલા ૧૦, જેઠી મધનાં મૂળ તોલા પાંચ, મોટી હરડેની છાલ તોલા પાંચ, મીંઢીઆવળ તોલા પાંચ, વાવડીંગના તાંદળા તોલા ચાર, તજ તોલા ત્રણ, ઉપલેટ તોલા ત્રણ, લવિંગ તોલો એક, અને મોથ તોલા અઢી સાથે મેળવી ખાંડી ચૂર્ણ કરવું. આ ચૂર્ણમાંથી સવાર, સાંજ ૧, ૧ તોલો ચૂર્ણ ફાકી ઉપર દુધ પીવાથી પ્રદર, પ્રમેહ, જીર્ણ તાવ નબળાઇ, ઝાડાની કબજીયત, મંદાગ્નિ, નબળાંધવાયુ, આફરો, લોહીબિગાડનાં દરદો વિગેરે દુર થાય છે. પથ્ય પાળવાની જરૂર નથી. પ્રકૃતિને માફક આવે તેવો ખોરાક વાપરવો.

તામ્રભસ્મ—ઉપલસરીનાં મૂળ અને બોયરીંગણીનો પંચાગ સાથે ખાંડી બનાવેલી લુગદીમાં શુદ્ધ કરેલાં ત્રાંબાનાં પતાં રાખી કપડમાટી કરી ગજપુટમાં ફુંકવાથી એકાદ, બેપુટમાં ભસ્મ થાય છે, જે ખાંસી, દમ, જીર્ણ તાવ વિગેરેમાં સારૂં કામ બજાવે છે; અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરી અજીર્ણ, ચુંક, શુળ વિગેરેને દુર કરે છે.

આકડો.

સં. અર્ક. મ. રૂઈ, મદાર. હિંઃ આક લા. Calotropis perocera.

વર્ણન—આ ઝાડ દરેક ઠેકાણે થતાં હોવાથી તેનું વર્ણન આપવામાં આવતું નથી. એની લાલ, તથા ધોળી એવી બે જાતો થતી હોઈ લાલ જાતજ દરેક જગ્યાએ સહેલાઇથી મળી શકે છે. માટે અત્રે લખેલા ગુણો લાલ આકડાનાજ સમજવા.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—એના મૂળની છાલ મરડાના દરદ ઉપર ઘણી અકસીર માલુમ પડી છે. એ છાલ ઔષધ -રીકે વાપરવી હોય ત્યારે જેમ બને તેમ મોટા ઝાડવાનાં જાડાં મૂળની લેવી, અને તે સુકાવીને તે છાલ ઉપરની માટી કે ધુળવાળી છાલ છરીવતી છોલી કાઢવી; અને તદન ચોખ્ખી છાલ રહે ત્યારે તેને કુટી કપડ-છાણ કરી એક મજબુત બુચવાળી શીશીમાં ભરી રાખવી. અને કામ પડે ત્યારે તેમાંથી વાપરવી. ચોખ્ખી છાલની ભૂકીનો રંગ ચોખાના લોટને મળતો થાય છે. મરડા ઉપર તેનો નીચે મુજબ ઉપયોગ થાય છે.

આકડાના મૂળની છાલ સોળ તોલા, જીરૂં આઠ તોલા, જવખાર ચાર તોલા, મોથ આઠ તોલા અને અફીણ ચાર તોલા લેઈ સર્વેનું ચૂર્ણ કરી બે, બે રતીની ગોળીઓ વાળવી. દિવસમાં ત્રણ વખત દરેક ટાઇમે એક, એક ગોળી પાણી સાથે લેવી. આ ઔષધ વાપરતા પહેલાં એરંડીયા તેલનો જુલાબ લેવો, અને ફક્ત ચોખાનો ખોરાક રાખવો, જેથી સાદો ઝાડો, મરડો તેમજ લોહી અને પાચ પડવાળો મરડો દુર થાય છે.

વળી આકડાની અસર શ્વાસ નલિકા ઉપર ઘણી સરસ થાય છે. તે ઠાલા કફનું શમન કરે છે, અને તેથી ખાલી ઉધરસ, દમ, રક્તપિત્ત, ઉરક્ષત અને ક્ષયમાં આપવાથી ઉધરસમાં સારો ફાયદો થાય છે. આ કામ માટે ખાસ નીચેની બનાવટો વપરાય છે.

આકડાનાં ફુલનાં રવાયડાં અને સિંધવ એ ચાર, ચારવાલ, અફીણ એકવાલ અને અજમો અરધો તોલો એ બધી ચીજને ખાંડી ભેગી મેળવી તેની ચણા જેવડી ગોળીઓ કરવી. કેટલીએક વખતે અજમો નાંખવામાં આવતો પણ નથી.

આ ગોળીઓમાં આકડો સમાયેલો છે, જે ઠાલા કફનું શમન કરે છે, સિંધાલુણ કફની ચીકાસને તોડે છે. અને તેથી તેને બહાર નિકળી આવવાને યોગ્ય કરે છે. આથી જે શ્વાસોશ્વાસની ક્રિયા ઇશ્વરી નિયમ પ્રમાણે શરીરમાં ચાલ્યાં કરે છે તેથી કફ બહાર નિકળી આવે છે. આવી રીતે કફ બહાર નિકળતાં વધારે ઉધરસ થવાની જરૂર છે, અને વધારે ઉધરસ આવવાથી દરદીની છાતી ન દુઃખે, અને તેને વસમું ન લાગે, તેટલા માટે અફીણ જેવી પીડા

શામક દવાની તેની સાથે યોજના કરવામાં આવી છે. જ્યારે દમ ચઢે છે ત્યારે ઉલટી કરવાથી દમની શાન્તિ થાય છે. અને તેવોજ વમન ગુણ આકડામાં રહેલો હોવાથી તે તીક્ષ્ણ દમના સોજાને બેસાડે છે. આવી રીતે દમનો જુસ્સો બેસી ગયા પછી દમ ફરીને ન ઉપડે એવી સાવચેતીના માટે નીચેની દવા વપરાય છે.

આકડાનાં રવાઈડાં એકસો પચ્ચીસને સુકવી તેમાં અકેક તોલો જાયફળ, લવિંગ, જાવંત્રિ અને અકલગરો મેળવી બે, બે આની ભારની ગોળીઓ કરવી. અને સવાર, સાંઝ તેમાંથી એક, એક ગોળી આપવી.

વળી હાલની નવી શોધથી જણાયું છે કે એના ફુલનાં રવાયડાં અને મરીયાં સરખા ભાગે લઇ પાંચ, પાંચ ગ્રેનની ગોળીઓ વાળી દિવસમાં ચાર વખત આપવાથી દમ, હીસ્ટીરીયા, વાઇ અને ખેંચતાણના દરદોમાં ઘણોજ સારો ફાયદો થાય છે. વળી એમાં અગ્નિ વધક ગુણ હોવાથી ગુલ્મ, શૂળ, પીડ વિગેરે માટે પણ તેની નીચે મુજબ બનાવટ વપરાય છે.

આકડાનાં પાંદડાં એકસો, કરંજનાં પાંદડાં એકસો, વરણની છાલ ચાલીશ તોલા, થોરનાં ડોડવાં એકસો તોલા, ભોંયરીંગણીનાં ડોડવાં એકસો, કુંવરનું પાકું આઠ તોલા, ગુગળ બેતોલા, લસણ વીસ તોલા, સિંધવ વીશ તોલા, કાંકચની છાલ વીશ તોલા, સંચળ બાર તોલા, સુંઠ મરી તથા પીપર મળી વીશ તોલા, કાચ લુણ આઠ તોલા, સમુદ્રનું લુણ ચાળીશ તોલા, બીડ લુણ ચાર તોલા, અજમો અને અજમોદ એ દરેક બે, બે, તોલા, હીંગ ચાર

તોલા, જીરું ચાર તોલા, શાહજીરૂ ચાર તોલા, રાઈ સોળ તોલા, ચિત્રો બત્રીસ તોલા, આ બધાંને ખાંડણીથી ખાંડી તેમાં બત્રીસ તોલા આકડાનું દુધ અને સોળ તોલા સરસીયું ઉમેરવું. પછી એક હાંલ્લામાં ભરી તેના મહોડા ઉપર ઢાંકણું ઢાંકી સાંધો બંધ કરી ચુલે ચઢાવી નીચે દેવતા સળગાવવો. જ્યારે અંદરની ચીજો બળી જઈ રાખ થઈ જાય ત્યારે નીચે ઉતારવું, તેમાંથી દર ટંકે અડધા તોલા જેટલું લેઈ છાશ સાથે પીવું.

વિદ્વાન્ ચિકિત્સક રત્ન બંગસેને લખેલો તેના દુધના સંયોગથી બનતો નીચે બતાવેલો લેપ અર્શના રોગ ઉપર ઘણો અકસીર હોવાથી તે સિદ્ધલેપના નામથી ઓળખાય છે.

લીંડીપીંપર, હળદર, શંખની ભસ્મ, સાજીખાર, કરંજનાં બીજ અને પાંદડાં, સિંધવ, નગોડનાં પાંદડાં, ચણોઠીનાં બીજ, નાગકેસર, મોરથુથુ, ધંતુરો, કુકરાની હગાર, અજમો અને કુકડવેલનાં બીજ એ બધાં સરખા ભાગે લેઈ ચૂર્ણ કરી, થોર અને આકડાના દુધની ભાવના દઈ પછી ગાયના દુધની ભાવના આપી વારંવાર ખરલ કરી અર્શ ઉપર લેપ કરવો.

વળી ખાંસી માટે તેની નીચે મુજબની બનાવટ પણ વપરાય છે.

અજમો આઠ તોલા, હરડેદળ, બીડલવણ, ખેરસાર, સિંધાલુણ, હળદર, ઊપલેટ, ભારંગી, એલચી, ટંકણ, કાયફળ, અરડુસી, અધેડાનું મૂળ, જવખાર, સાજીખાર એ દરેક ચાર, ચાર તોલા, અને આકડાનાં પુલ સોળ તોલા એ બધાનું ચૂર્ણ કરી તેને કુંવારના રસની ભાવના દેવી. પછી એક હાંડલીમાં ભરી મહોડું ઢાંકી કપડ-

માટી કરી ચુલે ચઢાવી અગ્નિ સળગાવી રાખ કરવી. જે મધ સાથે ના થી ૦૫ તોલા જેટલી ચાટવી.

આસંધ.

સં. અશ્વગંધા. હિં. અસગંધ, મ. આસગંધ, ક. ચુકી, તુ. આહન, આસંધ આસોંદ, ઘોડા આહંધ, લા. વીથનીઆ સોમ્નીફેરા Withania somnifera'.

વર્ણન—ઘોડા આહંધના છોડવા ચોમાસે ઘણા ઊગી આવે છે, તેમજ ઘણી ખરી જગ્યાએ તે બારે માસ પણ હોય છે. એ છોડવાં બેથી ચાર ફીટ ઊંચા વધતા હોઈ એમાં રીંગણીની પેઠે કેટલીએક શાખાઓ નીકળેલી હોય છે. એનાં પાંદડાંનો આકાર ઊભી રીંગણીનાં પાંદડાં જેવો હોય, ફુલ ઘંટ જેવા આકારનાં, ઝીણાં, પીળાશ લેતા લીલા રંગનાં હોય છે, અને ફળો ચોપટીના જેવાં હોય છે. એમાં ચોમાસાની આખરે અને શિયાળાની શરૂઆતમાં ઘણું કરીને ફળ જોવામાં આવે છે.

બજારમાં ગાંધીઓના ત્યાં આસંધના નામથી જે મૂળ વેચાય છે તે આનાથી જુદી ચીજનાં છે.

गुण—अश्वगंधापत्रलेपो ग्रन्थि गण्डापचीहरेत् ॥ शो. नि. ॥

આસંધનાં પાંદડાંનો લેપ ગાંઠ તથા ગલગંડ અને અપચાને દુર કરે છે.

—શોહલ.

વિવેચન—આ વનસ્પતિના બીજા ગુણો બતાવવા ઉપરાંત શોઢલે ઉપરોક્ત ગુણ બતાવ્યો છે. અને હાલમાં મરકીની ગાંઠ ઉપર એનાં મૂળાઓનો લેપ અકસીર માલમ પડવાથી, વનસ્પતિ શાસ્ત્ર નામે પ્રસિદ્ધ ગ્રંથના કર્ત્તા પોરબંદર સ્ટેટના ફોરેસ્ટ ખાતાના માજી કયુરેટર મહાશય જયકૃષ્ણ ઇંદ્રજી તરફથી સદરહુ સ્ટેટના સને ૧૯૦૩ ના ફેબ્રુઆરી માસની તા. ૧૬ મીના ગેઝેટમાં એક જાહેર ખબર પ્રસિદ્ધ થઈ હતી. તેનો સાર એવો છે કેઃ—

આશરે સાતેક વર્ષ ઉપર એક જૈન સાધુએ એક જડીનો આશરે બે ઇંચ લાંબો અને દોઢ ઇંચ પહોળો એક કકડો પોરબંદરની પાંજરાપોળના મરહુમ મેનેજર શેઠ જેચંદ સાવડીઆને આપેલો હતો. અને ગમે તેવી ગાંઠ ઉપર એ ચોપડવાથી તે ગાંઠ ઝુટી જાય છે અને આરામ થાય છે એમ તેને કહ્યું હતુ. એ રાખ્યુ ગયા બાદ કેટલાએક મહીના પછી કમનસીબે પોરબંદરમાં સંવત ૧૯૫૪ ની સાલમાં મરકી ચાલી. ત્યારે મરકીની ગાંઠ ઉપર સદરહુ જયચંદ શેઠે એ જડીનો ઉપયોગ કરેલો, જેથી ચાર પાંચ શખ્સોની ગઠિા ઝુટીને આરામ થયેલો. પછી જ્યારે એ જડીનો માત્ર બા ઇંચ જેટલો કકડો બાકી રહ્યો, ત્યારે તેણે તે વખતના અહીંના ચીફ મેડીકલ ઓફીસર સાહેબ ડોકટર હરી શ્રીકૃષ્ણ દેવને એ કકડો દેખાડયો અને તેના ગુણ સબંધી વાત કરી. ત્યારે તેઓ સાહેબે સદરહુ શેઠને મારી પાસે એ જડીની પરીક્ષા કરાવા સારૂ મોકલ્યા. આ જડી સુંઘતાંજ મને આસંધના મૂળીયાના જેવી વાસ આવી. તે ઉપરથી આ સંસ્થાનના નવા બાગમાંથી આસંધનું મૂળીયું કાઢી મંગાવી એ જડીના કકડા સાથે તેની વાસ, સ્વાદ અને આકા-

કાપ આઠ ગ્લાસથી જોઇ મેળવી જોતાં સરખાં લાગ્યાં. જે ઉપરથી આસંધના મૂળનો એક મોટો કકડો જયચંદ શેઠને એજ રીતે વાપરવા આપ્યો. અને ડોકટર સાહેબ દેવ અને કમ્પાઉન્ડર મી. નરોતમે તેમજ આસીસ્ટંટ ડોકટર મી. મણીશંકરે પણ પ્લેગની ગાંઠ ઉપર તેને અજમાવતાં સારી અસર જોવામાં આવી. અને ૧૫ ખારવા, ૪ ભોઇ, ૬ તરીયા, બે સીધી, એકમતવો, ચાર બ્રાહ્મણ અને દશ લુહાણા સારા થયા. વળી સંવત ૧૯૫૬ ની સાલમાં બીજી વખત અને સંવત ૧૯૫૮ની સાલમાં ત્રીજી વખત મરકી આવી, ત્યારે પણ ઘણી ગાંઠો સારી થઈ હતી. વળી આસંધ-ચોઠાકુનનાં મૂળીયાં મરકીની ગાંઠ ઉપર ચોપડાય છે, એ વાત ઘણા લોકોની જાણમાં આવતાં લોકો પોતાની જાતે પણ તેનો ઉપયોગ કરતા હતા.

સને ૧૯૦૨ ના ડીસેંમ્બર માસમાં અમદાવાદમાં ભરવામાં આવેલા પ્રદર્શનમાં આ મૂળીયાં મુકવામાં આવ્યાં હતાં. અને તે જોવા આવનાર ઘણા વૈદ્યો તથા બીજા ગૃહસ્થોને મરકી ઉપર તેનો ગુણ કેવો છે તે સમજાવવામાં આવ્યું હતું, અને અજમાયશ માટે એ મૂળીયાં વડોદરા કલાભૂવનના રસાયન શાસ્ત્રી માસ્તર મોતીલાલ છોટાલાલ ત્રિવેદીને આપવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ સદરહુ રસાયણ શાસ્ત્રી પોતાના તા. ૧૩—૧૦—૧૯૦૩ ના પત્રમાં લખે છે કે એ મૂળ પાણીમાં ઘસી ચોપડવાથી દશ કેસ સારા થયા છે.

મુંબાઇ સમાચાર વિગેરે કેટલાંએક પત્રોમાં આ મૂળીયાંની જાહેર ખબર છપાવાથી કાઠીયાવાડ, કચ્છ, સિંધ, ગુજરાત, મારવાડ, દક્ષિણ અને ઉત્તર હિંદુસ્થાનમાંના કેટલાએક ગૃહસ્થો તરફથી

આ મૂળીયાં મંગાવવામાં આવતાં આ સંસ્થાન તરફથી તે ખેરાત તરીકે મોકલી દેવામાં આવ્યાં હતાં.

આ મૂળીયાંનો ઉપયોગ કરવાની રીત એવી છેઃ—તાજાં મૂળને પાણીમાં ઘસીને તેને ચંદનની માફક ગાંઠ ઉપર ચોપડવાં, તથા ગાંઠની આજુબાજુ જ્યાં સુધી સોજો હોય, અગર જગ્યા લાલ થઈ હોય તેટલા સુધી ચોપડવું. આ લેપ સૂકાયા પછી તાણ કરે છે, અને તેથી ફેલાએલો સોજો અગર ગાંઠ ઘણું કરીને એક મધ્ય બિંદુએ આવીને ઉપર આવતી જાય છે. જેમજેમ ગાંઠ ઉપર આવતી જાય છે તેમતેમ આજારી બે શુદ્ધિમાં હોય તો શુદ્ધિમા આવતો જાય છે, અને આખરે ગાંઠ પાકી ફુટી જાય છે. ત્યારબાદ આજુબાજુએ આ મૂળનોલેપ, અને ગાંઠના મુળ ઉપર ઘઉંના લોટની પોટીસ મૂકવાથી પરૂ ખેંચાઇ નિકળી જાય છે. છેવટે સાદા મલમની પટ્ટી લગાડવાથી ગાંઠ રૂઝાઈ જાય છે. મરકીની ગાંઠ ઉપર ચોપડવાને માટે આ દવા ચાલતી હોય ત્યારે પીવાની દવા તરીકે પ્રોફેસર ગજ્જરનું પ્લેગ મીક્ષચર અથવા બીજી કોઇ યોગ્ય દવા વાપરવામાં આવે તો વિશેષ ફાયદો થાય છે.

ઉંટકંટો.

સં. ઊટકંટો, હિં. ઊંટ કટીરા, મ. ઉતાંડી. ગુ. ઊંટકંટો, કાંટાશળીયો. ઇં. થિસ્ટલ, લા. એકીનોપ્સ એકીનટસ.

વર્ણન—એના છોડવા એકથી અઢીફુટ સુધી ઉંચા થાયછે, અને તે ઠંડીયાળે જોરમાં હોય છે. તે ઘણા ભાગે પત્થર અને રેતી

વાળી જમીનમાં ઉગે છે, અને જ્યાં સુધી ફુલ ન આવ્યાં હોય ત્યાં સુધી દારૂડીઆ એરંડાના છોડ જેવા જણાય છે. એનાં ફળ, ડાળી, પાંદડાં અને આખા છોડ ઉપર લાંબા તીક્ષ્ણ કાંટા આવેલા હોય છે. પાંદડાં લાંબાં, કાંટાવાળાં, અને ફેાર ઉપર વિભાગિત હોય છે. ફુલ ફીકા જાંબુડા રંગનાં કાંટાવાળી ગોળ દડીમાં આવે છે, અને ફળની ઉપર કાંટાનો ગુચ્છ હોઈ તે દરેક કાંટા નીચે એક, એક બીજ જવના આકારનું પણ તેથી નાનું હોય છે.

ઉપયોગ—છેક પ્રાચિન ગ્રંથેામાં એનું વર્ણન જોવામાં આવતું નથી. પરંતુ મધ્યકાળના વૈદ્યોના સમયમાં તેનો એક ચમત્કારીક ગુણ અનુભવવામાં આવ્યેા હતેા. અને તે એવેા કે પ્રસવ સમયે જ્યારે કેાઈ પણ સગર્ભા સ્ત્રી અત્યંત કષ્ટાતી હોય અને અનેક ઉપચાર કરવા છતાં પણ પ્રસવ ન થતેા હોય તેવા પ્રસંગે એનાં મૂળ પાણી સાથે ઘસીને એક તોલા જેટલા પ્રમાણમાં પીવાથી તરતજ પ્રસવ થતેા હતેા. કેટલાએક સમય સુધી આ દીવ્ય ઇલાજ ગુપ્તપણે વપરાયા પછી પરોપકારાર્થે શોઢલ નામના વૈદ્યે પોતાના નિઘંટ મારફતે તેને પ્રસિદ્ધિમાં મુકયેા, ત્યારથી આજસુધી સંસ્કૃત જાણનારા અનેક વિદ્વાન વૈદ્યોએ તેનો અનુભવ લીધેલેા છે. અમે પણ અનેક પ્રસંગે તેનો ઉપયેાગ કરી જોયેા છે, અને પ્રસવ સમયના કેટલાએક વિકટ પ્રસંગેા જેમાં દાયણેા નિરાશ થવાથી મીડવાઇફોને બોલાવવાની ધામધુમ ચાલી રહેલી હતી, તેવા સમયે પણ એના ઉપયેાગથી સઘળી મુશ્કેલીઓ દુર થઇ સુખે પ્રસવ થયેલા છે. દરરોજ દૃષ્ટિ આગળ આવતી એક સાધારણ વનસ્પતિમાં

આવો દીવ્ય ગુણ રમાએલો છે, એ જાણી દરેક વાંચકને કુદરતની અગાધ લીલાનું ભાન થયા સિવાય રહેશે નહિ.

એરંડો.

સં. એરંડ. હિં. અંડ. મ. એરંડોલી. બં. ભેરંડ. ફા. એહં-જર. ઇં. કૅસ્ટર ઑઈલ પ્લૅન્ટ. લા. રિસિનસ કૉમ્યુનિસ. ગુ. એરંડો, દીવેલા.

વર્ણન—એરંડાનાં બીજમાંથી તેલ નિકળતું હોવાથી દરેક સ્થળે તેનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર થાય છે, જેથી વિશેષ ઓળખાણ આપવાની જરૂર નથી. એની મોટી તથા નાની એમ બે જાતો થાય છે. મોટી જાત પારસ એરંડાના નામથી ઓળખાય છે, અને નાની જાત એરંડી કહેવાય છે. વળી એની કેટલીએક જાતિનું લાકડું ઉપરથી તદ્દન લાલ છાલવાળું હોય છે, અને કેટલી એકનું ધોળા ઘુરા રંગનું હોય છે, જેથી પણ તેની લાલ એરંડા અને ધોળા એરંડા એમ બે જાતો મનાય છે; પરંતુ બધી જાતોના ગુણ સરખાજ છે.

ગુણધર્મ અને ઉપયોગ—બન્ને પ્રકારના એરંડા મધુર, ગરમ, ભારે તથા શૂળ, સોજા, કમ્મર અને પેડુનાં દરદો, માથાની પીડા, ઊદર રોગ, તાવ, અંડવૃદ્ધિ, શ્વાસ, કફ, આફરો, ખાંસી, કોઢ અને આમવાયુને મટાડનાર છે એમ ભાવ મિશ્ર વિગેરે પ્રાચિન ગ્રંથ કર્તાઓ જણાવે છે; પરંતુ જડીબુટ્ટી સંબંધિના શોધકોને એ ઉપરાંત નીચેના અદ્‌ભૂત ગુણો માલમ પડયા છે.

૧—કોઇ કોઇ બીએાને જ્યારે ધાવણુ આવતું એકદમ બંધ પડી જાય છે, ત્યારે ભૂત પ્રેતના વ્હેમમાં પડી બાધા આખડી રાખવામાં ફસાય છે; તેવા પ્રસંગે એરંડાનાં પાંદડાં એક બાચકો લેઇ તેને આઠ, દશ શેર પાણી સાથે એકાદ કલાક ઉકાળવાં, અને પછી બીની છાતી ઉપર તે પાણીની ના એક કલાક સુધી ધાર કરવી. બાદ તે બફાએલાં પાંદડાંને ઝીણાં વાટી પોટીસ બનાવી છાતી ઉપર લગાવવી, જેથી થોડાજ કલાકોમાં ધાવણુનો પ્રવાહ શરૂ થાય છે.

૨—ચોમાસાના સમયમાં ખરાબ કચરામાં ચાલવાથી પગની આંગળીઓ સડી જાય છે, કે જેને લોકો બોસાળ થયાના નામથી ઓળખે છે. તેના ઉપર એતું તેલ નીચે બતાવ્યા મુજબ વાપરવાથી તુરત આરામ થાય છે.

લોઢાના કાટોડા અને સુકાં આંમળાં એ બે સરખા વજને લેઈ બારીક વાટી ચૂર્ણ કરવું. પછી તેને છાશની આછ (ઠરી ગયેલી છાશને હલાવ્યા સિવાય ઉપરથી લીધેલી પાણી જેવી છાશ) જોડે મેળવી લોઢાની કડાઇમાં નાંખી ધીમા અગ્નિથી બદબદાવી લેઇ એક દિવસ રહેવા દેવું. બીજા દિવસે તેમાં એરંડીયું તેલ મેળવી દરદવાળા ભાગ ઉપર ચોપડવું.

મહેરબાન દધાલીઆ ઠાકોર સાહેબ શ્રી અમરસિંહજી સાહેબે આ પ્રયોગનો સેંકડો દરદીઓ ઉપર અનુભવ લીધો છે, અને દરેક પ્રસંગે એક સરખોજ અકસીર માલમ પડયો છે. બેશક! કોઇ વૈદ્યરાજ અગર ડોકટર સાહેબના અનુભવમાં એવો રામબાણ પ્રયોગ આવ્યો હોત, તો તેને પોતાની એક પેટન્ટ દવા તરીકે મનાવત. પરંતુ સદરહુ ઠાકોર સાહેબે સ્વાર્થ કરતાં પરમાર્થને વિશેષ ફળદા-

યક સમજી ખુલ્લા દીલે આ પ્રયોગ અમને બતાવ્યાથી જનહિત કાજે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

અંકોલ.

સં અંકોટ. હિં. ઢેરા. મ. અંકોલી. બં. આંકડ. લા. Alangium Lamarckii. ગુ. અંકોલ, આંકલો.

વર્ણન—એનાં ઝાડ જંગલમાં આખા હિન્દુસ્થાનમાં થતાં હોઇ તે પાંચ સાતથી વીશ પચ્ચીશ ફુટ ઊંચાં વધે છે. એની શાખાઓનો રંગ ઘણું કરીને ધોળો હોય છે. પાંદડાં ચારથી છ ઇંચ લાંબાં અને એકથી બે ઇંચ પહોળાં તથા લીસાં હોય છે. તેઓનો આકાર તળીએથી લાંબી ટુંકી કરવાળો અને મથાળેથી બુઠ્ઠી અણીવાળો હોય છે. ઉપરની સપાટીનો રંગ ફીકા લીલો અને નીચેનો સહેજ પીળાશ લેતો હોય છે. અતિ કોમળ પાત ઉપર વાળની રૂંવાટી હોય છે. પાનનો વાસ ઉગ્ર અને સ્વાદ ખટાશ લેતો કડવો હોય છે. શિયાળો ઉતરતાં એને ખરી ગએલાં પાંદડાંના ખૂણામાંથી ધોળા રંગનાં ઘણું કરી બે, બે ફુલનાં જોડકાં નિકળી આવે છે. જેનો વ્યાસ એકથી દોઢ ઇંચ જેટલો હોયછે, અને સુગંધી જાઇના ફુલને મલતી હોય છે. ફળ કાચાં હોય છે ત્યારે લીલા રંગનાં હોય છે, અને ઉપરની છાલ ચીવટ હોય છે. પરંતુ વૈશાખ, જેઠમાં જ્યારે તેઓ પાકે છે ત્યારે જાંબુ જેવાં કાળાં થઇ જાય છે, અને છાલ એટલી બધી નરમ થઇ જાય છે કે તેને સહેજ દાબતાં તેમાંથી કાંઇ જેવો રસ અને ગર્ભ બહાર

નિકળી આવે છે. એ ગર્ભની અંદર એક ઘેરા ભૂરા રંગનો કઠીણ ઠળીએા હોય છે, જેને તોડતાં તેમાંથી એક બીજ નિકળે છે. આ બીજ ઉપરની છાલ પાતળી અને ફીકા બદામી રંગની હોય છે, જેને નખવડે ખરપી નાંખતાં અંદરથી બીજ ધોળા રંગનું, રસ ભર્યું અને તેલીયું દેખાય છે. ફળનો વ્યાસ ચારથી પાંચ લાઇન અને બીજનો બેથી ત્રણ લાઇન હોય છે. ઝાડ ઘણે ભાગે પુષ્કળ કાંટાવાળાં થાય છે.

ગુણદોષ—વાન્તિકારક, રેચક, શોધક, રોપણ, સ્વેદલ, વિષહર, વિષમય, જ્વરઘ્ન અને શોથઘ્ન.

ઉપયોગ—આ એક દિવ્ય ઔષધિ છે, અને જુદાં જુદાં કાર્યો માટે તેનો નિચે મુજબ ઉપયોગ થાય છે.

સર્પદંશ ઉપર—એનાં મૂળની છાલ દશ તોલા લેઇ અધકચરી ખાંડી ૧૬૦ તોલા પાણી સાથે ઉકાળતાં, ત્રીશ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેઇ, તેમાંથી દર ૩ કલાકે પાંચ તોલા લેઇ ગાયના ગરમ કરેલા પાંચ તોલા ઘી સાથે મેળવી પાવાથી સર્પનું ઝેર ઉલટી દ્વારા નિકળી જાય છે. આ પ્રમાણે ઝેર ઉતરી જાય ત્યાં સુધી ક્રીયા ચાલુ રાખી, પછી એક અઠવાડીયા સુધી દર વાજ લીંબડાની ચાર તોલા છાલને ચોસઠ તોલા પાણી સાથે ઉકાળતાં આઠ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેઇ, તેમાં અંકોલ મૂળની છાલનું ચૂર્ણ પાવલી ભાર નાંખી દિવસમાં બે વખત પાવાથી, શરીરમાં મંદ સ્વરૂપે રહેલો ઝેરનો શેષ વિકાર પણ દુર થાય છે.

વછનાગ વધુ પ્રમાણમાં અપાઈ ગયો હોય, અને તેથી ઝેરી ચિન્હો જણાતાં હોય તો પણ ઉપર મુજબ તૈયાર કરેલો કવાથ બી સાથે ત્રણ, ચાર વખત આપવાથી ઝેરી અસર નબુદ થાયછે. હડકામાં કુતરાંના દરડ ઉપર પણ સુદર્શન ચૂર્ણ તોલો ૧, અને અકોલના મૂળની છાલનું ચૂર્ણ તોલો ૧ સાથે મેળવી બે પડીકી કરી, તેમાંથી સવાર, સાંજ એક એક પડીકી આપવી. એમ ત્રણ મહીના સુધી સેવન કરવાથી શરીરમાં ઉત્પન્ન થનારાં ઝેરી જંતુઓનો નાશ થાય છે, જેથી હડકવા હાલવાનો ભય રહેતો નથી.

ઊંદરના ઝેરથી બગડેલા લોહીને સુધારવામાં આ દવા ઘણી અકસીર છે. ઊંદરના ઝેરથી જ્યારે શરીર ઉપર લાલ ચાંદાં પડેછે, હાથ, પગમાં સખ્ત દાહ અને ચસકા ઉત્પન્ન થઇ દરદીનું રવરૂપ પતના દરદીને મળતું થઈ જાય છે, ત્યારે એનાં મૂળની છાલ પાણી સાથે ઘસીને ચોપડવાથી સખ્ત ધારાં રૂઝાઇ જાય છે. તેમજ મૂળને પાણી સાથે ઘસીને પીવાથી ઝાડા, ઉલટી થઇ અંદરનું ઝેર પણ દુર થાય છે.

આ ઔષધિથી હડકાયા કુતરાનું, સાપનું, ઊંદરનું અને બિલાડી તથા વછનાગનું ઝેર દુર થાય છે તે માત્ર તેના ઝાડો, ઉલટી કરવાના ગુણને લીધેજ થાય છે એમ નથી, પરંતુ તેનામાં વિષઘ્ન ગુણો પણ રહેલા છે જેથી વિષ હરવાનું કાર્ય કરે છે.

એનાં બીજના તેલમાં અદ્‌ભુત રેાપણ ગુણ રહેલો હે.વાથી, નહિ રૂઝાતા ઊંડા વ્રણમાંથી કહોવાણનો ભાગ દુર કરી નવું માંસ ઉત્પન્ન કરી એકદમ રૂઝ લાવે છે. આ કાર્ય માટે એનાં બીજનો ભૂકો કરી તેને તલના તેલથી ભીંજવી તડકે રાખી સાત દિવસ

સુધી ભાવના આપવી. એક વખત નાંખેલું તેલ શોષાઇ જાય એટલે બીજી વખત નાંખવું. એ પ્રમાણે જેમ જેમ તેલનું શોષણ થતું જાય તેમ તેમ તેલ નાંખતા જવું. એ પ્રમાણે સાત દિવસ કરવું. દરેક વખતે તેલ બીજનો ભૂકો સારી પેઠે ભીંજાઇ રાબડી જેવો થાય તેટલું નાંખવું. પછી તેને એક કાંસાની વાડકી અગર થાળીમાં ચોપડી તે થાળીને બીજી એક કાંસાની થાળી ઉપર ઊંધી ઢાંકી જોઇ, અષાઢના સખ્ત તડકામાં મુકવાથી ઉપરના વાસણમાંથી ટપકી નીચેના વાસણમાં જે તેલ પડે તે એક શીશીમાં ભરી રાખી ઉપયોગમાં લેવું. નહિ રૂઝાતા ઊંડા જખમમાં આ તેલ લગાડવાથી થોડા સમયમાં પુરેપુરી રૂઝ લાવે છે. માથાના ટાલ વાળા ભાગ ઉપર માલીસ કરવાથી નવા કેશ ઉગી આવે છે. તેમજ હરકોઇ જાતનાં બીજને વાવવા પહેલાં જો આ તેલનો પટ દેઇ વાવવામાં આવે તો જલદી ઉગી નીકળે છે. વળી અંકોલનાં પાંદડાં, બીજ, અને ધોડાવજ તથા આદુને સાથે કુટી ચૂર્ણ કરી તેને મધમાં કાલવી રાખવું. જેમાંથી દર ટાઇમે ઝાડની ઉમરના પ્રમાણુમાં પાંચથી દશ તોલા જેટલું લેઇ પાણી સાથે મેળવી આંબાના ઝાડને પાવાથી, નહાનું ઝાડ એકદમ વધી મોટું થાય છે. તેમજ ફળ પણ જલદી આવે છે.

અંકોલના ફુલની સુકાયેલી કળીયો, સૂકાં આમળાં અને હળદર એ બધાં સરખા ભાગે લેઇ ચૂર્ણ કરી, તેમાંથી દર ટાઇમે ૧ા તોલો ચૂર્ણ લેઇ મધ સાથે મેળવીને આપવાથી, પંદર દિવસમાં પરમીઓ તેમજ પેશાબ દ્વારા થતો પરૂ જેવો સ્રાવ દુર થઇ મુત્ર નળી સાફ થાય છે. એના મુળની છાલને તડકે સુકવી કપડે ચાળી

રાખી મુકવી. જેમાંથી સવાર, બપોર, અને સાંઝ એમ ત્રણ વખત દર ટાઇમે બે, બે આની ભાર ચૂર્ણ મધ અને આદુનો રસ અથવા ચોખાંના ધોવરામણ સાથે આપવાથી ઝાડો અને મરડો મટી જાય છે. એજ ભૂકી એક વાલ જેટલી લેઈ તેટલાજ લીંડી પીપરના ચૂર્ણ સાથે મેળવી મધ સાથે આપવાથી ખાંસી મટે છે, અને ઊના પાણી સાથે આપવાથી શૂળ દુર થાય છે. ના તોલો વાવડીંગના ચૂર્ણ સાથે મેળવો આપવાથી કૃમિનો નાશ થાય છે. પાંચથી દશ ધળીંભાર જેટલા વજનમાં લેઇ ગરમ પાણી અગર ચાહા જોડે આપવામ્થી એન્ટીફેબ્રીનની માફક પરસેવો લાવી તાવને ઊતારે છે. અને બેથી પાંચ ધળીંભાર જેટલી આપવાથી વિસ્ફોટક, ઉપદંશ, વાતરક્ત, કોઢ વિગેરેમાં રક્તશોધક કામ કરે છે.

આકોલનાં મૂળની છાલ, દેવદાર, કાળીપાઢનું મુળ, કડાછાલ, ધાવડીનાં ફુલ, લોધર, દાડમની છાલ અને રાળ એ બધાં સરખા વજને લેઇ વાટી ચૂર્ણ કરી ચોખાંના ધોવરામણમાં ચણી બોર જેવડી ગોળીઓ કરવી, અને દિવસમાં ત્રણ વખત દરેક ટાઇમે બે ગોળી મધ સાથે ચટાડવી અગર ચોખાંના ધોવરામણ સાથે આપવી; જેથી ઝાડો, મરડો વિગેરે જલદી દુર થાય છે.

એના તેલનું માલીશ કરવાથી હાથ રસ વિગેરેથી શિથિલ થયેલ જનનેંદ્રિય બલવાન થઇ એક માસમાં તેની વૃદ્ધિ થાય છે.

તામ્રભસ્મ—એનાં ફળને વાટી લુગદી બનાવી, તેમાં શુદ્ધ કરેલાં ત્રાંબાનાં કાંટે વિંધાય એવાં પાતળાં પતરાંને મુકી કપડમાટી કરી, ગજપુટનો અગ્નિ આપવાથી એકાદ, બે પુટમાં ઉત્તમ ભસ્મ થાયછે.

સફેદ તામ્રભસ્મ—તીબ્બે અકબરી નામે ગ્રંથનો કર્તા પ્રખ્યાત હકીમ અકબર ખાન પોતાના મુજરરબાત અકબરી નામના પુસ્તકમાં જણાવે છે કે:—પ્રથમ અંકોલના એક મૂળની છાલ લાવી તેને સુકવી વાટી ચૂર્ણ કરવું. બાદ લગભગ સાથળ જેવું જાડું એક બીજું અંકોલનું લીલુ મુળ એકાદ હાથ લાંબુ લાવી તેના મધ્યાળે વચમાં એક વીંત ઊંડો ખાડો કોચી તેમાં ચૂર્ણ કરેલી સૂકી છાલ અડધ સુધી ભરી તેના ઉપર ત્રાંબાનાં શુદ્ધ કરેલાં પત્રાં રાખી ઉપર બીજું સૂકી છાલનું ચૂર્ણ દાબીને ભરવું. ત્યારબાદ તેના ઉપર કપડમાટી કરી એક ગજ લાંબા, એક ગજ પહોળા તથા તેટલાજ ઊંડાખાડામાં બકરીની લીંડીયો અડધ સુધી ભરી તે ઉપર સદરહુ કપડ માટી કરેલું મૂળ મૂકી બાકીનો ખાડો પાછો લીંડીઓથી ભરી અગ્નિ સળગાવવો. અને શિતળ થયે ખાડામાંથી મુળ કાઢી લેઇ તેના ઉપરની કપટમાટી દુર કરી વચ્ચેથી ત્રાંબાનાં પત્રાં સંભાળથી કાઢી લેવાં, જે પતાસાની માફક પુલી જઇ કાગળની માફક સફેદ રંગનાં થઈ ગયેલાં હશે. છતાં કદાચ કંઇ કસુર માલુમ પડે તો એજ કૃતિથી તેને ફરી અગ્નિ આપવો. આ ભસ્મ ઘણી ઉત્તમ બને છે અને તે જોદર, પત, કૃમિ, કોઢ, ઝાડો, મરડો, ખાંસી, દમ, શુળ વિગેરેમાં યોગ્ય અનુપાન સાથે આપવાથી આબાદ કામ બજાવે છે.

આ કૃતિ પ્રમાણે ભસ્મ બનાવનારે પ્રથમ ત્રાંબાને સારી પેઠે શુદ્ધ કરવું જોઇએ. ત્રાંબાનાં પતરાંને અગ્નિમાં તપાવી તપાવીને તેલ, છાશ, કાંજી, ગૌમુત્ર, કળથીનો કવાથ વિગેરે ચીજોમાં ત્રણ,ત્રણ વખત બુઝાવી શુદ્ધ કરવાનો પ્રકાર વૈદ્યોમાં પ્રચલિત છે. પરંતુ

પતરાંના બદલે જો ત્રાંબાનો રસ કરીને બુઝાવવામાં આવે તોજ ઉત્તમ સફેદ ભસ્મ થઇ શકે છે. ત્રાંબુ જલદી નહિ ઓગળતું હોવાથી તેનો રસ કરવામાં મુશ્કેલી પડે છે, માટે દરેક વખતે તેના બેગે થોડો એક શુદ્ધ સોમલ ઉમેરવામાં આવે તો જલદી રસ થાય છે. સોમલની ધુંમાડી આંખને લાગે તો નુકશાન થાય છે, માટે સાવચેતીથી કામ કરવું. વળી સોમલના યોગવાળી ભસ્મ અત્યંત ગરમ થાય છે માટે ઘણી ઓછી માત્રામાં આપવી. પ્રથમ ૧ ચોખાપુર અથવા તેથી પણ ઓછી આપવી, અને જો તે સહન થાય તોજ વધારે આપવી. વળી આ ભસ્મ ત્રણ, ચાર અગર તો પાંચ સાત દહાડાથી વધારે વખત સુધી ચાલુ રાખવી નહિ. દરદીને જો દાહ થાય તો બી પાવું.

અંકોલનાં બીજનું તેલ કાઢવાની રીત ઉપર બતાવવામાં આવી. જેમાં તલના તેલની ભાવનાઓ આપી તેલ કાઢવાની વિધિ બખવામાં આવી છે. પરંતુ તલનાં તેલના સબંધ સિવાય સ્વતંત્ર રીતે બીજમાંથી તેલ કાઢવાની રીતો પણ " રસ રત્નાકર " " રસ રત્ન સમુચ્ચય " વિગેરે પ્રમાણિક ગ્રંથોમાં દ્રષ્ટિએ પડે છે. એમાંની એક રીત એવી છે કે:—

અંકોલનાં બીજ ઉપર બદામી રંગનું જે પડ હોય છે તે નખવડે ખરપી નાંખી અંદરની ધોળી મીંજોને કાઢી, તે મીંજોનાં મહોડાં લગારેક ઘસી નાંખવાં. પછી તે મીંજના મહોડા ઉપર ટંકણખારનો થોડોએક લેપ કરવો, અને મીંજના બાકીના ભાગ ઉપર ચણાંના લોટનો લેપ કરવો. બાદ મીંજોને કાંસાની થાળીમાં ભરી તડકે મુ-

કવાથી તેઓમાંથી જે તેલ ટપકી ચાળીમાં એકઠું થાય તે બાટલીમાં ભરી રાખી ઉપયોગમાં લેવું.

—રસરત્નાકર.

અંકોલમાંથી તેલ નિકળે કે કેમ ? તથા ત્રાંબાની સફેદ ભસ્મ થાય કે નહિ તે વિષે વૈદ્યોમાં ઘણા મત ભેદ ચાલે છે. નિઘંટ સંગ્રહ ગ્રંથનાકર્ત્તા પ્રખ્યાત વૈદ્યરાજ રૂધનાથભાઈલખે છે કેઃ—અંકોલનાં બીજની અંદર તેલ સરખું લાગે છે, પણ તેનું તેલ કાઢેલું કોઇ સ્થળે દેખવામાં આવ્યું નથી. તે તેલના ઘણા પ્રયોગો લખેલા છે પણ તે કાંઇ થતા દીઠા નથી.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી આર્યનાર્ય ઔષધ નામે પુસ્તકમાં જણાવે છે કેઃ—ત્રાંબાની સફેદ ભસ્મ થતીજ નથી. કેટલાએક જોગી, જતીઓ ત્રાંબાના બદલે બીજા કોઇ પદાર્થને કુશતી બતાવી ભ્રમમાં નાંખે છે, માટે કોઇએ છેતરાવું નહી.

અમે જંગલની જડી બુટ્ટીની પ્રથમ આવૃત્તિમાં ઉપરોકત રસ રત્નાકરવાળો પ્રયોગ લખ્યો હતો, તેના સબંધમાં અમેરીકાથી એક નેણશી નામના ગૃહસ્થ જણાવે છે કે—આપે જંગલની જડીબુટ્ટીમાં અંકોલ બીજનું તેલ કાઢવાનો જે પ્રયોગ લખ્યો છે, તેવીજ રીતે જ્યારે હું હિમાલયમાં એક મહાત્મા પાસે વૈદ્યક શીખતો હતો ત્યારે તેલ કાઢયું હતું. એવી રીતે કાઢેલા તેલમાં વિદ્યુત શક્તિ અધિક હોય છે માટે તેનાથી અનેક ચમત્કારો થાય છે. માટે જો આપની પાસે એવું તેલ તૈયાર હોયતો મોકલો. તામ્રભસ્મનો પ્રયોગ તો અમે જાતે અનુભવેલો છે, માટે જીજ્ઞાસુએ અનુભવ લેઇ ખાત્રી કરવી.

અંજીર.

સં. રામોદુમ્બરીકા, હિં—મ અંજીર. ફા. ઈગટ્રી. લા. Ficus Carica.

વર્ણન—અંજીરનાં ઝાડ અરબસ્તાન, ઇરાન, તુર્કસ્તાન, આફ્રીકા તેમજ હિંદુસ્થાનમાં પણ ઘણીજ જગ્યાએ થાય છે. આ એક ઊંબરાની જાત હોઇ તેનો આકાર ઢેડ ઊંબરાને મળતો આવે છે. એનાં ફળ દરેક બજારોમાં વેચાતાં હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે.

ગુણદોષ—અંજીર શિતળ, રક્તવિકારનાશક, દાહશામક, વાતપિત્તહર, મૂત્રકૃચ્છ, પ્રમેહ, કોઢ અને મગજની ગરમીને હરનારછે.

—નિઘંટ રત્નાકર.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—કાંકચનાં બીજ તોલા પાંચ, રાળ તોલા અઢી, દાડમની સુકી કળીઓ તોલા બે, કડાની છાલ તોલા અઢી, ઊંચી જાતની સુખડનો ભૂકો તોલા બે, નાગકેસર તોલા અઢી, ચણકબાબ તોલા બે. આમળાં તોલા બે અને હરડેનીછાલ તોલા અઢી લેઈ સાથે ખાંડી કપડા વડે ચાળી કાઢેલા ચૂર્ણને લીલાં અંજીરના રસના સાત પુટ દેવા. લીલાં અંજીર ન મળે તો ૦ા શેર અંજીરને કચરી તેમાં અડધો શેર પાણી નાંખી આખી રાત રહેવા દેઇ સવારના ગાળી લેઈ ઉપયોગમાં લેવું. એમ સાત વખત કરવું. ત્યારબાદ કાળી દ્રાક્ષના ઉકાળાની સાત ભાવનાઓ દેવી. ભાવનાઓ માટે આપેલો રસ સૂકાઇ જઇ ઔષધ સૂકું થઇ જાય ત્યારે તેમાં સાકરનો ભૂકો ચૌદ તોલા તથા વાંસકપુર તોલા બે અને કપુર તોલો ૦ાા મેળવી બાટલીમાં ભરી રાખવું. આ

ચૂર્ણ દર ટાઇમે નાથી એક તોલા જેટલી માત્રામાં આપવાથી બધી જાતનાં સફેદ, લાલ, કાળાં, લીલાં વિગેરે પ્રદરોમાં તાત્કાલિક ફાયદો બતાવે છે અને એકવીસ દિવસમાં રોગને નાબુદ કરે છે.

બંગાળાના કવિરાજો આ ચૂર્ણનો મોટા ભાગે ઉપયોગ કરે છે, અને ત્યાં આગળ પ્રદરારાતિ એટલે પ્રદરનો ભક્ષ કરી જનાર ચૂર્ણ એવા નામથી આ પ્રખ્યાત છે.

કડવાં તુરીયાં.

સં. તિક્ત કોષાતકી. હિં. કડુ તુરઇઆ. મ. કડુદોડકી, કડુ શિરાળી. ગુ કડવી ઘીસોડી, કડવાં તુરીયાં. પાડાવેલા. લા. Luffa acutangula.

વર્ણન—એના વેલા ચોમાસામાં ઘણા ઊગી આવે છે, અને લાંબા વધી વાડો, ઝાડવાં વિગેરે ઉપર ચઢી જાય છે. એનાં પાંદડાં ઘીલોડી અગર તુરીયાં કે ઝુમખડીનાં પાંદડાંને મળતાં હોય છે. તેમાં જ્યારે શ્રાવણ, ભાદરવા માસમાં સાંઝની વખતે પીળા રંગનાં સુંદર મોટાં ફુલો ઉઘડયાં હોય છે, ત્યારે એનો દેખાવ બહુ રળીઆમણો થઇ રહેતા લાગે છે. એનાં ફળો શાકમાં વપરાતાં તુરીયાંના જેવાંજ, પરંતુ તેનાથી નાનાં એટલે ત્રણથી છ ઈંચ લાંબાં અને દોઢેક ઇંચ જાડાં તથા તેના ઉપર દશ ઉભી હાંસો કે ધારવાળાં થાય છે. તે કાચાં હોય ત્યારે લીલા રંગનાં હોય છે, પરંતુ સુકાય છે ત્યારે ભૂરા રંગનાં થઇ જાય છે. ફળના મોઢા ઉપર

સૂક્ષ્મ ડાંડલીવાળું ન્હાનું ઢાંકણું હોય છે, જે ફળ સુકાઇ જાય છે ત્યારે પોતાની મેળે જુદું થઇને પડી જાય છે, અને પછી ફળની અંદરના જાળીદાર રેષાઓમાંનાં ત્રણ લાંબાં છિદ્રોમાંથી બીજ નિકળીને નીચે ખરી જાય છે. ફળની વાસ ઉગ્ર અને સ્વાદ કડવો હોયછે.

આ તરફના ઘણા ખરા લોકો એને કુકડપાડાના નામથી ઓળખે છે, પરંતુ કુકડપાડાના વેલા જુદી તરેહના થતા હોઇ તેને પીળાં નહિ પરંતુ સફેદ ફૂલ આવે છે. વળી એનાં ફળ માત્ર એકથી દોઢ ઇંચ જેટલાંજ લાંબાં હોઇ તેના ઉપર જરા જાડી ઉભી પડવીવાળા અને સીધા ગીચોગીચ કાંટા હોય છે. આ બન્ને વનસ્પતિના ગુણ લગભગ સરખાજ છે, અને તેથી એકના બદલે બીજી વાપરવામાં આવે તો પણ કંઇ અવગુણ ન થતાં એક સરખોજ ફાયદો થાય છે.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—આપણા દેશમાં મેલેરીયાની હવાથી આવતા તાવનો ઉપદ્રવ ઘણો હોવાથી તેના માટે કિવનાઇન, સીન્કોના વિગેરે ઔષધો વપરાય છે, અને તે આ તાવ માટે રામબાણ ઇલાજ મનાય છે. પરંતુ કેટલાએક પ્રસંગે કિવનાઇનથી ન્હોઇએ તેવો ફાયદો થતો નથી. પણ જો આ ઔષધનો ઉપયોગ કરવામાં આવે તો થોડાજ સમયમાં શરીરમાંથી મેલેરીયાનું ઝેર નાબુદ થઇ તાવ આવતો અટકે છે, એટલુંજ નહિ પરંતુ મેલેરીઆની અસરથી વધેલી બરોળ, કમળો, લીવરનું વધવું, સોજા, પાંડુરોગ અને જળોદર જેવા રોગો પણ થોડાજ સમયમાં તદન નાબુદ થાય છે.

એને વાપરવાની રીત એવી છે કે સુકાયેલાં બે ફળો લઇ ચાળીશ તોલા ઠંડા પાણીમાં આખી રાત ભીંજવી રાખી સવારના ગાળી લેઇ તે પાણી ચારેક રૂપીઆભારના આશરે , સવારમાં પીવાથી ઝાડો, ઉલટી વિગેરે થઇ કોઠાને સાફ કરે છે. અને તેથી કફ, પિત્ત, વિષ વિગેરે નિકળી જઇ પાંડુ, અરોળ, કમળો, કોઢ, અર્શ, સોજા, જળોદર, ગુલ્મ, તાવ, દમ વિગેરે દુર થાય છે.

વળી એ ફળને થોડાએક પાણીમાં આખી રાત્રિ ભીંજવી રાખી તે પાણી સવારે નાકવાટે સુંઘાડવાથી નાકે રેચ લાગી પીતનો સ્રાવ થઇ કમળાનું દરદ નાબુદ થાય છે.

વળી એના એકાદ ફળને પાંચ તોલા પાણીમાં ભીંજવી રાખી તે પાણી પાવાથી પુષ્કળ ઝાડા તથા ઉલટીઓ થઇ હડકાયા કુતરાનું ઝેર, સાપનું ઝેર અને ઉંદરનું ઝેર દુર થાય છે.

આ ઔષધમાં જો કે આવા અમુલ્ય ગુણો રહેલા છે, તોપણ તે જોરી અને સખ્ત ઝાડો, ઉલટી કરનાર હોવાથી તેનો ઉપયોગ કરવામાં ઘણી સંભાળ રાખવાની જરૂર છે. નબળા આંધાના અને નબળા હૃદયના દરદીઓને તે આપવું નહિ. સારા અનુભવી વૈદ્યોએ તેનો ઉપયોગ કરવા છતાં પણ જો તે વિશેષ ઉપદ્રવ કરતું જણાય તો તેના વારણ તરીકે ગાયનું ઘી પીવું, તેમજ જો નાકે સુંઘાડવામાં આવ્યું હોય તો નાકે ઘી સુંઘાડવું તેથી ઉપદ્રવ શમી જશે. દરદીની સ્થિતિનો વિચાર કરી ઔષધની માત્રા ઓછા, વધતા પ્રમાણમાં આપવી.

ખાનબહાદુર મોહદ્દીન શેરિફ લખે છે કે:—કડવા તુરીયાનું

ફળ ઉલટી લાવનાર છે, પરંતુ ફળમાંનો કીયો ભાગ ચોકસ અસર કરનાર છે તે લોકોની જાણમાં નહિ હોવાથી તેઓ આખા ફળને રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તેને ગાળી લેઈ ઉલટી અને ઝાડા માટે આપે છે. આ પ્રમાણે આ ફળનો ઉપયોગ કરવાથી પેટમાં અત્યંત ચુંથારો થાય છે, અને ઝાડો, ઉલટી થવાનું કાર્ય અચોકસ અને અનિયમિત થાય છે, જેથી કેટલાએકને બિલકુલ ઉલટી આવતી નથી અથવા તો કલાકોના કલાકો જોસભેર ઉલટી થયાં કરે છે. પરંતુ અનુભવથી માલુમ પડયું છે કે એનાં બીજમાં ઝાડો, ઉલટી કરાવનારો ચોકસ ગુણ રહેલો છે. અને તેથી એનાં બીજની મીંજે હિંદુસ્તાનમાં સૌથી સારામાં સારી ઉલટો કરાવનાર ઔષધિ છે. ૪ ગ્રેજી ઔષધ આઇપીકાકયુઆનાના જેટલા વજનમાં આપવાથી તેના જેટલો બરાબર ગુણ કરે છે. એટલે ૫ થી ૧૦ ગ્રેનની માત્રામાં કફ કાઢવાનું, ૧૧ થી ૧૫ ગ્રેનની માત્રામાં મોળ અને ઉબકા લાવવાનું, તથા ૨૦ થી ૩૦ ઘઉંભારની માત્રામાં એનું ચૂર્ણ આપવાથી ઉલટી લાવવાનું કામ કરે છે. એના બીજનું મગજ વાટીને પાણી સાથે મેળવવામાં આવે છે ત્યારે લીલાશ લેતા ધોળા રંગનું મિશ્રણ થાય છે જે મેં હાલ સુધી દવામાં વાપરેલું છે. ઉલટી લાવવા ઉપરાંત આઇપીકાકયુઆનાની માફક સંગ્રહણી અને મરડા ઉપર પણ તે ઘણી સારી અસર કરે છે.

આ ગુણો ઉપરાંત તેમાં વળી બીજો એક અજબ ગુણ એ જણાયો છે કે:—ઝામરવાનું દરદ કે જે બીજા કોઈ પણ ઇલાજથી સારૂં ન થતું હોય તેના માટે એનાં ફળોને રાતવાસો પાણીમાં ભીંજવી ગાળી લીધેલા પાણીમાં બાવટાનો લોટ ભીંજવી મસળી

રોટલાના આકારે બનાવી માથા ઉપર લેપ મુકવો, અને પછી સદરહુ પાણીથી ભીંજવેલું કપડું તેના ઉપર પાથરવું. આ પ્રમાણે બપોરના ચાર વાગ્યા સુધી રાખીને પછી કાઢી નાંખી સૂઈ જવું. આશરે દશેક દિવસ સુધી એમ કરવાથી આમરવાના દરદમાં ફાયદો થાય છે,

રસ રત્નાકર ગ્રંથના કર્ત્તા પ્રખ્યાત સિદ્ધ મહાત્મા નિત્યનાથ જણાવે છે, કેઃ—કડવા તુરીયાનાં બીજનો ભૂકો એક શેર, સુંઠ એક શેર, તલનું તેલ ચારશેર અને પાણી સોળશેર મેળવી ઉકાળતાં પાણીનો ભાગ બળી જઈ તેલ માત્ર બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. એ તેલ ચોપડવાથી ગરમીના રોગની અસાધ્ય ચાંદી, દુષ્ટવ્રણ તથા ભગંદર રોગ દુર થાય છે.

આ ઔષધનો ઉપયોગ હાલમાં આ દેશમાં ઘણો જૂજ છે, પરંતુ સાંભળવા પ્રમાણે અમેરિકામાં તેનો વિશેષ ઉપયોગ થાય છે, અને તેથી બીજા કોઈ પણ દવાઓથી નહિ મટનારાં અસાધ્ય વ્રણો નાબુદ થાય છે.

કલગારી.

સં. કલિકારી, લાંગલી, વિશલ્યા, ગર્ભપાતિની, અગ્નિશિખા હિં. કરિયારી. મ. કળલાવી, અડયાનાગ ગુ. શીંગડીઓ વછનાગ, દુધિઓ વછનાગ, કલગારી, કજરીયારી. કંપાસણી લા. Gloriosa Superba

વર્ણન—એના ઝાડવા ચોમાસે ઊગી નિકળે છે, તે પાંચથી દશ ફુટ કે તેથી પણ ઊંચા હોય છે. એનાં મૂળને મથાળેથી એકાદ કે બે, ચાર ઉભી સોટીઓ જેવું નિકળી પછી તે વેલાની માફક આડી વળી ઘાસ કે નજીકનાં ઝાડવાં ઉપર લંબાય છે. એનાં પાંદડાં સાંબાં, ટેરવે સાંકડાં થતાં ગુંછળાંની માફક આંકી વેંકાયલાં હોવાથી, એ મોટી ઝાડવાંને વીંટળાઈ વેલા ઉંચે ચઢી જાય છે. એમાં ઘણું કરી શ્રાવણ ભાદરવે ફુલ આવે છે, જે ઘણાં મોટાં અને પીળાશ લેતા લીલા અને સિંદુરીયા રંગના હોય છે. તેની પાંખડીઓ અગ્નિની શિખાની માફક ઉંચી ચઢતી અને ફોર ઉપર મોજાંવાળી હોય છે જેથી તે તરત ઓળખાઈ આવે છે. એનાં ફળ લાસી, લાંબી એરંડીને મળતાં અને મૂળીયાં જરા ચપટાં અને કંદ જેવાં લાંબાં હોય છે. એનાં ફુલ જેના ઘર ઉપર નાંખવામાં આવે તેના ઘરમાં કજીઓ થયા વિના રહે નહિ એવી લોકોમાં માનિનતા હોવાથી તેમજ દરેક સ્થળે ઊગતી હોવાથી તે સર્વત્ર પ્રસિદ્ધ છે.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—રામાયણમાં કથા છે કે:—લક્ષ્મણના હૃદયમાં રાવણે મારેલી બ્રહ્મશક્તિ ખુંચિ રહેવાથી આવેલી મુર્છાવાળવાને સુષેણ વૈદ્યે વિશલ્યા નામની ઔષધિના રસનો લેપ કરી સંજીવનીથી શક્તિ ખેંચી લીધી હતી, સંધિની નામની ઔષધિથી ઝખમ રૂઝાયો હતો, અને સંજીવની ઔષધિથી પ્રાણને ચેતનતામાં આણ્યો હતો. આ ઔષધિઓ કઇ હશે ? તે સબંધિતર્ક વિતર્ક કરતાં નિઘંટોમાં કજીઆરીનું વિશલ્યા એટલે શલ્યને દુર કરનારી એવું નામ વાંચવામાં આવ્યું. પરંતુ તેમાં નામ પ્રમાણેનો ગુણ છે કે કેમ ? તે સબંધિ કોઇ સ્થળે ઉલ્લેખ હાથ આવ્યો નહિ.

એવામાં રાજમાર્તંડ નામે ગ્રંથ વાંચવામાં આવતાં તેમાં એવું લખેલું દૃષ્ટિએ આવ્યું કે:—કલગારીનો કંદ પાણીમાં વાટી ચોપડવાથી લાંબો સમય થયાં ઘુસી ગયેલું શલ્ય ઘામાંથી તરતજ બહાર નિકળી આવે છે. આ ઉપરથી તેનો અનુભવ લેવા શ્રદ્ધા ઉત્પન્ન થતાં એક મનુષ્ય કે જેના પગમાં ખીલો ઘુસી ગયો હતો તેને જખમની આજુબાજુ આ કંદ ચોપડવામાં આવ્યો અને પછી તરતજ ખીલાને ખેંચવામાં આવ્યો, તો પ્રથમ જે ખીલો દરદીને કલોરોફોર્મ આપી બેશુદ્ધ કર્યા સિવાય કોઈ પણ બીજી રીતે ખેંચવો નુકશાન કારક જણાતો હતો તે ઘણી સહેલાઈથી ખેંચી લેવાયો. વળી ખીલો ખેંચી લીધા બાદ જખમ ઉપર સંધિની વનસ્પતિનો પાટો બાંધવાથી લોહી નિકળતું તત્કાળ બંધ થઇ બે, ત્રણ દિવસમાં રૂઝ આવી ગઇ.

રામાયણમાં વર્ણવેલી વિશલ્યા નામની દીવ્ય ઔષધી આજ હશે કે બીજી તેનો ચોકસ નિર્ણય આ ઉપરથી કરી શકાય નહિ, પરંતુ ગુણ દોષમાં તો આ વિશલ્યા આબેહુબ તેને મળતીજ છે. વળી રામાયણમાં જણાવ્યું છે કે સદરહુ વિશલ્યા અગ્નિની માફક ચળકતી હતી. અને ખરેખર ! આપણી વિશલ્યા પણ તેનાં અગ્નિ જેવાં ફુલોના લીધે ચળકેજ છે; જેથી નિઘંટકારોએ તેને અગ્નિ શીખાનું નામ પ્રદાન કરેલું છે. અને એ પુરાવા ઉપરથી આપણી વિશલ્યા એજ રામાયણની વિશલ્યા અને આ પુસ્તકના અંતે વર્ણવેલી સંધિની એજ રામાયણની પણ સંધિની હોય એમ ખાત્રી થાય છે. જો એમ હોય તો હવે શોધની રહી માત્ર સંજીવની. જો તે ઇશ્વરેચ્છાથી કોઇ મહાશય જાહેરમાં લાવે તો પછી જોઇએ

આયુર્વેદના અનહદ પ્રભાવની બલિહારી! આજકાલના યુદ્ધ પ્રસંગમાં ઘાયલ થયેલા સિપાઇઓ હોસ્પીટાલોમાં લાંબા સમય સુધી રીબાય છે તે જો આયુર્વેદના પ્રભાવે શીઘ્ર સારા થાય, તો પછી દુનિયાની બીજી દરેક ચિકિત્સા પ્રણાલીઓ આયુર્વેદના ચરણોમાં નમન કાં ન કરે? અસ્તુ!

વળી નિઘંટોમાં તેનાં બીજાં નામોની સાથે ગર્ભપાતિની એવું નામ પણ આપેલું છે, પરંતુ તેનો કેવા ગર્ભ ઉપર અને કેવી રીતે ઉપયોગ કરવો તે સ્પષ્ટ જણાવેલું નથી. માત્ર રસરત્ન સમુચ્ચયકાર લખે છે કે:—

वीरा लांगलिकादंती विषपाषाण भेदकैः
प्रयोज्योमुढगर्भाणां प्रलेपोगर्भमोचनः ॥

શતાવરી, કલગારી, દંતીમૂળ, વછનાગ અને પાષાણભેદ એ બધાં સરખા ભાગે લેઇ પાણીમાં પીસી પેટું તેમજ પેટ ઉપર લેપ કરવાથી મુઢગર્ભ— આડા આવેલા ગર્ભનો પ્રસવ થાય છે. મુઢગર્ભ કે જે દરવર્ષે હજારો નિર્દોષ નારીઓનો ભોગ લે છે, તે જો આ ઉપાયથી સીધો થઇ સુખપૂર્વક પ્રસવતો હોય તો તેના આ ગુણની કિંમત કોઇપણ રીતે આંકી શકાય તેમ નથી. પરંતુ અમને તેનો અનુભવ નથી, માટે કોઇ મહાશય તેનો અનુભવ લેઇ પ્રસિદ્ધિમાં લાવશે તો જનસમાજ ઉપર અનહદ ઉપકાર થશે.

કુતરી.

સં પયસ્યા, કંગુની પત્રા. હિં. વનકંગની, બાંદરા મ. ભાઊલી, કોલાર. ગુ. કુતરી, કુંચી, કુતેલાં. લા. Setaria glanca.

વર્ણન—આ ઘાસની મોટાં લોળીઆં વાળી, મધ્યમ લોળીયાં વાળી અને ઝીણાં લોળીયાં વાળી એમ ત્રણ જાતો થાય છે, જેમાં નિઘંટકારોના અભિપ્રાય પ્રમાણે વચલી જાત રસ, વિપાક અને ગુણમાં શ્રેષ્ઠ છે. અનુભવ લેતાં નાની જાત પણ એવીજ ઉપયોગી માલમ પડી છે. એની નાની જાત એકથી બે ફુટ ઉંચી થાય છે, જ્યારે મોટી જાત ત્રણથી પાંચ ફુટ જેટલી ઉંચી હોય છે, ચોમાસાની મોસમમાં આ ઘાસ ગામ અને ખેતરોની વાડોમાં ઘણું ઉગે છે. એનાં પાંદડાં તેમજ છોડવાનો આકાર કાંગના છોડને મળતો હોઇ એના ઉપર કાંગના લોળીયા જેવીજ કુસની ચમરી આવે છે. અને એ ચમરીમાં કાંટા જેવી સળીઓ વિશેષ હોય છે જેથી તે કપડાને લાગે તો ચોંટી જાય છે. એમાં કાંગના જેવાજ સુક્ષ્મ દાણા થાય છે.

જડીબુટ્ટી તરીકેના ઉપયોગ—આ પુસ્તકની જુની આવૃતિ કે જે સને ૧૯૦૮ માં પ્રસિદ્ધ કરવામાં આવી હતી, તેમાં સાપના ઝેરના અકસીર ઈલાજ તરીકે આ વનસ્પતિના સંબંધમાં લેખ આપવામાં આવ્યો હતો. જેનો અક્ષરશઃ ઉતારો પ્રેકટીસ ઓફ મેડીસીન, જાદુગર, મુંબાઇ સમાચાર વિગેરે ગ્રંથો, માસિકો અને પેપરોમાં થઈ છેવટે સને ૧૯૧૨ ના મે માસના વૈદ્ય કલ્પતરૂમાં પ્રગટ થયો હતો. અને ત્યાર પછી એના સબંધમાં સદરહુ પત્રમાં

ઘણી ચર્ચા ચાલી સેંકડો મનુષ્યોના અભિપ્રાય અને અનુભવથી સિદ્ધ થયું હતું કે બેશક! સાપના ઝેર માટે તે અકસીર ઇલાજ છે વૈદ્ય કલ્પતરૂના સને ૧૮૧૨ ના અગષ્ટ, સપ્ટેમ્બર, અને ડીસેમ્બરના અંકો વાંચવાથી આ વાતની વાંચક વૃન્દને ખાત્રી થશે. જો કે આ સબંધમાં જેટલી ચર્ચા થઇ છે તો પણ અફસોસ! કે હજુ તેમાં જે ઉણીવ છે તે કોઇના પણ તરફથી પુરી કરવામાં આવી નથી, માટે એના સબંધમાં અમને જે કંઇ વિશેષ અનુભવ છે તે જનહિત કાજે પ્રસિદ્ધ કરીએ છીએ.

આ વનસ્પતિનો ઉપયોગ કરવાની સાધારણ રીત એવી છે કે તેનો રસ કાઢીને જેને સાપ કરડયો હોય તેને આંખમાં આંજવો તેમજ ડંખ ઉપર ચોપડવો તેથી દશ મિનિટમાં સાપનું ઝેર ઉતરી જાય છે. કદાચ આંજવા અને ડંખ ઉપર ચોપડવાથી ધારેલી અસર ન થાય તો ના થી ના તોલા જેટલો રસ પાવો પણ ખરો.

આ પ્રમાણે કરવાથી ઘણા કેસો સારા થયાના દાખલા અમારી પાસે મોજુદ છે, તેમજ વૈદ્ય કલ્પતરૂમાં પ્રસિદ્ધ પણ થયાછે. તો પણ કેટલી એક વખતે જ્યારે આ ઉપાય ધારેલી અસર બરાબર કરતો નથી ત્યારે કેમ કરવું તેનો ખુલાસો કોઇના પણ તરફથી પ્રગટ થયો નથી.

સને ૧૯૧૦ ના શ્રાવણ માસની જન્માષ્ટમીએ એક બાઇને સર્પ કરડવાથી તેને અત્રેના એક મંત્ર વાદી પાસે લાવવામાં આવી. આ મંત્રવાદી પોતાનું મંત્રેલું પાણી પેલી બાઇની આંખમાં છાંટતો હતો, જેથી તે બાઇ સાપના નામે પુષ્કળ ધુણતી હતી, અને

પોતાનું ઝેર પાછું ચુસી લેવાનું સાપની વતી વચન આપતાં તરતજ તે સચેત થતી હતી; પરંતુ પાછી તરતજ બેભાન થઈ જતી હતી. આવો પ્રકાર પાંચ, દશ વખત ચાલ્યો પરંતુ તેનું શરીર વિષ મુકત થયું નહિ, જેથી સદરહુ બાઇને અમારી પાસે લાવવામાં આવી. અમે તેને કુત્રીનો રસ પાયો, ચોપડયો તેમજ આંજ્યો, પરંતુ કંઈ સંતોષકારક પરીણામ આવ્યું નહિ. જેથી ફરીને બીજો રસ કાઢી તેમાં શોધેલા નેપાળાનું ઝેક બીજ થોડું ઝેક ઘસીને તેની આંખમાં આંજ્યું; અને તેથી સર્વની અજાયબી વચ્ચે પાંચ મિનિટમાં ઝેર ઉતરી ગયું, જે ફરીથી ચઢયું નહિ. પરંતુ આમ નેપાળો આંજવાથી તે બાઇની આંખમાં અસહ્યદાહ થવા લાગ્યો. જે બે, ચાર વખત ઘી આંજવાથી શાન્ત થયો.

સને ૧૯૧૪ માં અત્રેના ફોજદાર મી. મગનલાલનું માળવામાં જવું થયું હતું, એવામાં ત્યાં આગળ એક સખ્સને સાપ કરડયો, જેના માટે ઝેર ઉતારવાના કામમાં પંકાએલા ત્યાંના લોકોએ વિધ વિધ ઉપચાર કરવા છતાં પણ, કંઈ ફાયદો ન સમજાતાં તે છેકજ એવી અવસ્થાએ પહોંચ્યો કે લોકો તેનો મરણ પામેલો સમજી વધારે ઉપચારો કરવાનું છોડી દેઈ અવલમજલે પહોંચાડવાની તૈયારી કરવા લાગ્યા. આ વાતની ખબર પડતાં સદરહુ મી. મગનલાલ તરફથી ઉપર મુજબ કુતરીના રસ સાથે નેપાળાનું બીજ ઘસીને અંજન કરવાનો પ્રયોગ અજમાવવામાં આવ્યો, અને તેથી પાંચ મિનિટમાં તે મનુષ્ય વિષ મુકત થઇ સાવધ થયો.

પ્રસિદ્ધ મહર્ષિ શારંગધર પોતાના સંહિતામાં જણાવે છે કેઃ—

जयपालभवांषज्जां भावयेन्निबुकद्रवैः ॥

एकविंशतिवेलांतु ततो वर्तिमकल्पयेत् ॥
मनुष्य लालयाघृष्ट्वा ततोनेत्रेतथाऽञ्जयेत् ॥
सर्पदंषविषंजित्वासंजीवयति मानवम् ॥

નેપાળાની મીંજને લિંબુના રસની એકવીશ વખત ભાવનાઓ દેવી, પછી તેની વાટ બનાવીને રાખી મૂકવી. જે મનુષ્યની લાળમાં ઘસીને જેને સાપ કરડયો હોય તેને આંજવાથી ઝેરને જીતીને તે મનુષ્યને જીવાડે છે.

આ ઉપરથી સમજાશે કે નેપાળામાં પણ સાપનું ઝેર દુર કરવાની શક્તિ છે. અને તેથી જ્યાં એકલી કુતરી ફાયદો કરતી નથી, ત્યાં આગળ આ બન્નેને સાથે મેળવી આંજન કરવાથી અજબ ફાયદો થયાનો બીજા પણ પાંચ, દશ કેસોમાં અમને અનુભવ પ્રાપ્ત થયો છે.

આ ઔષધિમાં આવો દીવ્ય ગુણ, હોઇ સર્વે સ્થળે મળી શકતી હોવાથી સાપનું ઝેર ઉતારનારી જડીઓમાં પ્રથમ નંબરે મુકી શકાય, પરંતુ અફસોસ ! કે તે એક જાતનું ઘાસ હોવાથી બારેમાસ લીલી ન મળી શકતાં દીવાળી લગભગ સુકાઇ જતી હોવાથી બીજી ઋતુઓમાં તેનો રસ મેળવવાને હરકત પડે છે. કદાચ એની મોસમમાં રસ કાઢી સંધરી રાખ્યો હોય તો તે એકાદ માસમાં સડીને બગડી જાય છે. પરંતુ તરતના કાઢેલા ત્રણ ભાગ રસમાં એક ભાગ રેકટીફાઇડ સ્પિરિટને મેળવીને રાખવામાં આવે તો બગડયા સિવાય એકાદ, બે વર્ષ સુધી રહી શકે છે. અને એવી રીતે રાખેલા આ રસનો અર્કના સ્વરૂપમાં જ્યારે જોઇએ ત્યારે ઉ-

ઉપયોગ કરી શકાય છે.

વળી આ ઔષધિનાં બીજનું ચૂર્ણ કરી ૧ તોલાની માત્રામાં બકરીના મૂત્ર સાથે આપવાથી મુત્રકૃચ્છનું દરદ નાબુદ થાયછે. તેમજ એનાં બીજનું ચૂર્ણ ૧૫ તોલાની માત્રામાં લેઈ સાકર સાથે મેળવી દિવસમાં ત્રણવાર આપવાથી પ્રમેહમાં ફાયદો થાય છે.

કુતરો.

સં શ્વાન, હિં, કુત્તા. મ. કુત્રે. ઇં. Dog.

વર્ણન—કુતરાં એ પ્રાણી પાળવામાં આવતાં હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે.

ઉપયોગ—જે મનુષ્યનું તાળવું સડી કાણું પડી નાસુર થયું હોય તેના માટે આ અકસીર ઇલાજ છે. એનો ઉપયોગ કરવાની રીત મુજરબાત અકબરી ગ્રંથનો કર્તા પ્રસિદ્ધ યુનાની હકીમ અકબરખાન એવી જણાવે છે કેઃ—

તરતના મરી ગયેલા કુતરાના નાના બચ્ચાનું માથું કાપી લેઈ સગડી અથવા ભઠ્ઠીની અગ્નીમાં પકાવી લેવું. બાદ તેનો બીજો અધો ભાગ દુર કરી કેવળ ભેજાનો ભાગ લેઈ ઝીણો વાટી બાટલીમાં ભરી રાખવો. તેમાંથી થોડો થોડો ઘા ઉપર છાંટવાથી દરેક જાતના ઘા રૂઝાઇ જાય છે. જો તાળવામાં ઘા હોય તો નળીમાં ભરીને ફુંકવું

આ ઔષધની અનેક વખત અજમાયશ લેવામાં આવી છે, એક મનુષ્યને તાળવામાં એવો ઘા હતો કે એક પૈસા જેવડું છિદ્ર

પડી તાળવા અને નાકનો માર્ગ એક થઇ ગયો હતો. એવા ગંભીર કેશમાં પણ એનાથી બરાબર ફાયદો થયો હતો. આ વાતને ટેકો મળે એવો એક પ્રયોગ આપણા પ્રાચિન મહાત્મા બંગસેન પણ જણાવે છે અને તે એ છે કે:—

કુતરાની જીભને અગ્નિ વડે શેકી ચૂર્ણ કરી વ્રણમાં ભરવાથી તત્કાળ વ્રણ રૂઝાઇ જાય છે.

વળી દીલ્લીના મોગલ બાદશાહોના ખાસ હકીમ જકાઉલ્લાખાંએ પોતાની **કરાવાદીન જુકાઈ** નામની કીતાબમાં પણ આવોજ પ્રયોગ બતાવ્યો છે. આ પ્રયોગ આર્ય ધર્મ શાસ્ત્ર પ્રમાણે અપવિત્ર હોવાથી અમે તેનો અનુભવ લેઈ શકયા નથી, પરંતુ જન સમાજની જાણ માટે લખવામાં આવ્યો છે, તો જેને ઘટીત હોય તેણે અનુભવ લેઇ પ્રસિદ્ધ કરવો.

કેળ.

સં. કદળી, રંભા હિં. કેલા મ. કેળે, કદળી. ઇં. Plantain.

વર્ણન—કેળનાં ઝાડ દરેક સ્થળે બાગ, બગીચામાં થતાં હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે.

ઉપયોગ—આર્ય વૈદ્યકમાં કેળને શિતળ, માંડી, કફઘ્ન, શોથઘ્ન, પિતહર, મેદહર, વાતહર તેમજ અમ્લપીત્ત, દાહ વિગેરેને શમાવનારી માનેલી છે. પરંતુ જડીબુટ્ટીઓ સબંધિ શોધ ખોળ કરનારા-

એને ક્ષય રોગ મટાડવાનો ખાસ ગુણ તેમાં જણાયેલો હોવાથી નિઘંટ રત્નાકરમાં તેનો એક એવો પ્રયોગ લખાએલો છે કે:—

બકરીનું મુત્ર ચારસો તોલા લેઇ તેને અગ્નિ ઉપર ચડાવી પકાવતાં, જ્યારે તે ગોળના પાક જેવું ઘટ્ટ થવા આવે ત્યારે તેમાં બહેડાંના દળનું ચૂર્ણ તોલા આઠ, પીંપરનું ચૂર્ણ તોલા ચાર, લોહ ભસ્મ તોલા ચાર અને બોંય રીંગણીનાં ફળોનું ચૂર્ણ તોલા ચાર નાંખી, તે સઘળું મળી જાય ત્યારે નીચે ઉતારી ઘીથી રીઢા થએલા માટીના વાસણમાં અગર ખરણીમાં રાખી મુકવું. એમાંથી દરરોજ સવાર, સાંજ બેઆની ભારથી ના તોલા જેટલું કેળના પાણી સાથે લેવાથી અસાધ્ય ખાંસી હોય તો પણ નાશ પામે છે.

જોકે ઉપરોકત ગ્રંથ કર્ત્તા વિષ્ણુ વાસુદેવ ગોડબોલેએ પોતાના તેમજ બીજા અનેક મહાશયોના અનુભવથી આ પ્રયોગ લખેલો છે, પરંતુ હાલની ચિકિત્સા પદ્ધતિમાં તેને જોઇએ તેવું સ્થાન મળ્યું નથી. તથાપિ પ્રસિદ્ધ વૈદ્યક પેપર વૈદ્યકલ્પતરૂમાં દક્ષિણ અમેરિકાના બ્રાઝીલ દેશના ડોકટર જે. મેન્ટેલ્વોનો ક્ષયરોગમાં કેળના રસનો ઉપયોગ કરવાનો અનુભવ પ્રગટ થયાબાદ કેટલા એક વૈદ્ય બંધુઓનું તે તરફ લક્ષ દોરાયલું છે.

સદરહુ ડોકટર પોતાનો અનુભવ એવો જણાવે છે કે એક ક્ષયના દરદીને હું જોવા ગયો હતો. એ દરદીનો ક્ષયરોગ બહુ વધી ગયેલો હોવાથી તેને વારંવાર ખાંસી આવતી હતી, પુષ્કળ કફ નિકળતો હતો, તેમજ રાત્રે પરસેવો વળવો, સખ્ત તાવ, અતિ દુર્બળ પણું, શરીરનું સુકાઇ જવું, પાતળા દસ્ત થવા, ખોરાક ઉપર

અરુચિ વિગેરે ઉપદ્રવો લાગુ પડયા હતા. અને વિશેષમાં વળી એ રોગ તેના વારસામાં ઉતર્યો હતો.

મેં તેને કેળના રસનો ઉપયોગ બતાવ્યો. દરરોજ એક મોટી કેળ મંગાવીને તેને પીલીને રસ કાઢવામાં આવતો હતો, અને તે રસને ગાળીને બાટલીઓમાં ભરી રાખવામાં આવતો હતો. અને દરરોજ બે, બે કલાકે આ રસ એક ઔંસ જેટલો લેઇને તેમાં તેટલુંજ દુધ ઉમેરીને પીવા આપવામાં આવતો હતો. આ પ્રમાણે ત્રણ દિવસ પાવાથી તે દરદી ફરવા ફરવા લાગ્યો, ખાંસી તથા કફ તરતજ અદશ્ય થયાં, ભૂખ ઉઘડી, અને એ રીતે બે માસ પ્રયોગ ચાલુ રાખવાથી તે દરદીને સંપૂર્ણ આરામ થયો. કેળનો રસ રોજ તાજો કાઢીને પાવો જોઇએ. કેમકે વાસી રસ ખટાસ આવીને બગડી જાય છે.

જેતપુરવાળા વૃદ્ધ અનુભવી આયુર્વેદ્ય મયારામ સુંદરજી સને ૧૯૧૦ ના મે માસના વૈદ્ય કલ્પતરૂમાં લખે છે કેઃ—કેળના થડને પીલી અથવા કચરીને રસ કાઢી ગળો લેઇ દરરોજ તાજો ઉપયોગમાં લેવો. જો દરરોજ રસ મેળવવામાં મુશ્કેલી પડે તો એક શેર રસમાં બે આનીભાર ટંકણ મેળવવાથી એકાદ અઠવાડીયું તે બગડયા સિવાય રહી શકે છે.

આ રસના સેવનથી પેશાબ ખુલાસે ઉતરવા લાગે છે, અને તેથી તેમાં રહેલા ક્ષાર વિગેરે ઔષધી તત્વો વડે રૂધિર વિગેરેમાં સંચય થયેલો દુષિત મેલ ધોવાઈ જઇ, તેવા રોગી કચરાને આધારે વધેલાં રોગકારક સુક્ષમ જંતુઓ નાશ પામી, જંતુઓ વડે

થયેલા રોગો નાબુદ થાય છે. ક્ષય રોગને મટાડવાનો તેનો અદ્‌ભુત ગુણ પ્રાચિન વૈદ્યો જાણતા હશે, અને તેથીજ નિઘંટો વિગેરેમાંથી તેનું ક્ષયહર નામ નિકળી આવે છે; પરંતુ પાછળથી કાળગતિને લેઇ તે સબંધી અનુભવ વૈદ્ય પરંપરામાં વિસરાઇ ગયો હશે. ક્ષય રોગની માફક સોજો, જળોદર. કફનો જમાવ, દમ, ખાંસી, અમ્લપીત્ત, કમળો બરોળ, પાંડુ, સુવારોગ, ઉનવા, મુત્રદાહ, સોમલ, હરતાલ વિગેરે ઝેરોની વિક્રિયા, પ્રમેહ, પ્રદર, ઉપદંશ, સાપ, વીંછી, ઉંદરનું ઝેર, સંધિવા વિગેરે દરદો પણ આ રસનું સેવન કરવાથી તેમજ શરીરે લગાડવો જારી રાખવાથી પંદર, વીશ દિવસમાં મટી જાય છે. જો દરદ જુનું હોય તો પુરતો ગુણ આવવાને દોઢથી બે મહીના લાગે છે.

શ્રીનાથ દ્વારાના પ્રખ્યાત વૈદ્યરાજ મહાશંકર શર્માના ચીરંજીવીને શ્વાસ–કાસનું હઠીલું દરદ ઘણાં વર્ષોથી હોવાથી તેના માટે અનેક રસ, રસાયનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ કંઈ ફાયદો થતો નહોતો તેથી ઔષધો કરવાનું છોડી દઇ કાશ્મીર, નેપાળ, ભૂતાન વિગેરે તરફ મુસાફરી કરી એક યોગી મહાત્મા પાસેથી યોગની કેટલીએક પ્રક્રિયાઓ સાધ્ય કરવામાં આવી. જેનાથી દરદ કંઇક નિયમમાં આવ્યું પરંતુ નિર્મુળ થયું નહોતું. ત્યારબાદ એક પ્રસંગે અમારે તેમની સાથે મેળાપ થતાં ઉપરનો નિઘંટ રત્નાકર વાળો પાક તેમને આપવામાં આવ્યો, અને તેમાંથી સાંઝ, સવાર પા, પા તોલાની માત્રામાં ચાટી જઇ ઉપર દૂધ બે, બે કલાકે ફળનો એક અધોળ રસ તેટલાજ દુધ સાથે મેળવી પીવાને સમજાવવામાં આવ્યું. એ પ્રમાણે કરવાથી એક માસની અં-

દર તે અસાધ્ય ગણાતું દરદ તદન નાબુદ થયું. જે આજે લગભગ દશ વર્ષ થયા છતાં પણ ફરી ઊભર્યું નથી.

આ ઉપરથી ફેફસાના દરદથી પીડાતા બીજા દરદીઓ ઉપર તેની અજમાયશ લેતાં ઘણાખરા કેસોમાં તે ફાયદામંદ નિવડયું છે. અને તેથી દરેક ચિકિત્સક બંધુએ તેનો બહોળો ઉપયોગ કરી પોતાનો અનુભવ દેશહિત કાજે પ્રગટ કરવા ભલામણ કરવામાં આવે છે.

કાયફળ.

સં. કટ્ફલ. હિં. કાયફળ. મ. કુંભ્યાચી શાલ. ગુ. કાયફળ. લા. Creya arboria.

વર્ણન—એનાં ઝાડ અત્રે થતાં નહોવાથી વર્ણન કરવામાં આવ્યું નથી. ઔષધિના કામમાં એની છાલ વપરાય છે, જે હિમાલય તરફથી અત્રે આવતી હોઇ દરેક બજારમાં મળી શકે છે.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—કાશી નિવાસી પ્રસિદ્ધ રસાયન શાસ્ત્રી શ્યામસુંદરાચાર્ય વૈદ્ય જણાવે છે કે, રસાયન સાર ગ્રંથ છપાવવાના કામમાં હું રોકાયો હતો તેવામાં ગૃધ્રસી નામના વાયુના દરદે મને એકાએક પકડયો. જેથી કમરથી માંડીને પગસુધી નો સઘળો ભાગ નિરૂપયોગી થઇ પડી બોજારૂપ જણાવા લાગ્યો. અને તેથી મારી એવી ઇચ્છા થયા કરતી હતી કે, આ દુઃખ સહન કરવા કરતાં કોઇ ડાકટરની પાસે પગ કાપી નાખવામાં આવે તો વધારે સારું. કેમકે નામાંકિત વૈદ્યો તેમજ ડોકટરોની પાસે અનેક

રીતે સારવાર કરાવ્યા છતાં પણ કંઇ ફાયદો જણાતો નહોતો. એવામાં સુદૈવે નેપાળ સરકારના રાજ્યવૈદ્ય મહારાજ શ્રી પુરુષોત્તમદાસજી સાથે સમાગમ થતાં તેઓએ એક એવો ઉપાય બતાવ્યો કે જેથી મને સંપૂર્ણ આરામ થયો. એ ઉપાય કીયો હતો તે જગતના કલ્યાણ અર્થે હું પ્રસિદ્ધ કરું છું.

૧૫ શેર કાયફળને કુટી હવાલેથી ચાળી લેવું. પછી એક શેર સરસીઆ તેલને કઢાઇમાં નાખી મંદાગ્નિથી પકાવતા જવું, અને એક, એક તોલો કાયફળના ચૂર્ણને નાંખતા જવું. એ રીતે ચાર કલાકમાં બધું ચૂર્ણ નાંખવું, અને પછી તેલને કપડા વડે ગાળી લેવું. કપડામાં જે કીચડ રહે તેને એક હાંડીયાં ભરી રાખવો, અને તેલને પણ એક રીઢા વાસણમાં રાખી મુકતાં તેનો મેલ વાસણના તળીએ બેસી જાય, ત્યારે નીતરેલા તેલને એક શીશીમાં ભરી રાખવું; અને વાસણના તળીએ જામેલા કીચડને પ્રથમના કીચડ સાથે મેળવી દેવો બાદ જે અંગમાં દરદ થતું હોય તે અંગ આ તેલ વડે બે કલાક સુધી નોકર પાસે માલીસ કરાવવું. આ વખતે સળગતા કોલસાની સગડી પાસે રાખવી કે જેથી એના ઉપર નોકર પોતાના હાથ ગરમ કરતો જાય અને માલીસ કરતો જાય. બે કલાક માલીસ કર્યા બાદ હાંડીમાંથી થોડા કીચડને કઢાઇમાં નાંખી ગરમ કરી તેને કપડામાં લેઇ પોટલી બનાવી ધીમે ધીમે તે અંગ ઉપર શેક કરવો, અને જ્યારે કીચડ સાફ ઠંડો પડી જાય ત્યારે કપડાપર પહોળો કરી પીડાવાળા ભાગ ઉપર બાંધવો. એ પ્રમાણે દરરોજ તેલ વડે માલીસ કરવુ અને કીચડ વડે શેકવું. જો પીડા અત્યંત થતી હોય તો એ તેલમાં થોડું એક અફીણ

ઉમેરવું. આ પ્રમાણે બહારથી સારવાર ચલાવવી, અને અંદરના ઉપચાર તરીકે વળી બા શેર કાયફળને કુટી ચારશેર પાણી સાથે ઉકાળતાં, બશેર પાણી બાકી રહે ત્યારે ગાળી લેઈ તેમાં બશેર ઘી મેળવી મંદાગ્નિથી પકવતાં, પાણીનો ભાગ બળી જઈ જ્યારે ઘી માત્ર શેષ રહે ત્યારે ઉતારી લેવું. એમાંથી દરરોજ બે, ત્રણ તોલા ના હિસાબે ખાવું. જેથી ત્રણ, ચાર દિવસમાં અદ્‌ભુત ફાયદો માલમ પડી, દશ, વીશ દિવસમાં સંપૂર્ણ આરામ થાય છે. વળી જો આ ઘી જોડે યોગરાજ ગુગળનો ઉપયોગ કરવામાં આવે તો વધારે શીઘ્ર ફાયદો થાય છે.

—રસાયન સાર.

ખાખરો.

સં. પલાસ, કિંશુક. હિં. ઢાક, ટેસુ મ. પલસ ગુ. ખાખરો. ક. Butoafrondsa.

વર્ણન—ખાખરાના ઝાડને સહુ કોઇ ઓળખે છે, માટે વર્ણન આપવામાં આવ્યું નથી.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—મુજરાત અકસરીનો કર્ત્તા કહે છે કે:—એનાં બીજ નપુંસકોની ચિકિત્સા માટે અતિ ઉત્તમછે. એનાં બીજ કે જે પીતપાપડા કહેવાય છે તેને એક ઘડી પાણીમાં ભીંજવી રાખી, પછી તેના ઉપરની પાતળી લાલ છાલ દુર કરી અંદરની મીંજોને સુકાવી લેવી. પછી એક માટીની હાંલ્લી લેઈ તેના તળીએ મધ્યમાં છિદ્ર કરી તેમાં તે મીંજો ભરી ઉપર ઢાંકણું ઢાંકી

ચારે તરફથી તેનો સાંધો કપડમાટીથી બંધ કરી દેવો. બાદ જમીનમાં એક અડધો ગજ લાંબો, પહોળો તથા તેટલોજ ઉંડો ખાડો ખોદી તે ખાડાની અંદર બીજો એક નાનો ખાડો ખોદવો. એ નાના ખાડામાં માટીનું એક બીજું નાનું વાસણ મૂકી તેના ઉપર મોટા ખાડામાં દવા ભરેલું વાસણ એવી રીતે મૂકવું કે જેથી દવાવાળા વાસણના તળીયાનું છિદ્ર મોટા વાસણના મહોડા વચ્ચે બરાબર બેસતું રહે. પછી એ ખાડાને અડાયાં છાણાંથી ભરી અગ્નિ સળગાવતાં જ્યારે અગ્નિ બુઝાઇને સાફ શિતળ થઇ જાય, ત્યારે એવી સાવચેતીથી તે વાસણો કાઢી લેવાં કે જેથી નીચેના વાસણમાં આ બીજોમાંથી ટપકો એકઠા થયેલા તેમાં રાખ વિગેરે પડે નહિ. આ તેલને જનનેંદ્રિયનો આગલો ભાગ તેમજ શીવણી છોડીને બાકીના ભાગમાં માલીસ કરવાથી હાથરસ વિગેરેથી આવેલું નપુંસકપણું દુર થાય છે.

વળી આ બીજમાં કૃમિઘ્ન ગુણ ઘણો સરસ રહેલો છે અને તેથી બાબરાનાં બીજ, નસોતર, કીરમાણી અજમો, કપીલો વાવડીંગ અને ગોળ એ બધાં સાથે મેળવી મોટા મનુષ્યને ૧ તોલો અને નાનાં બાળકોને એકથી બે વાલ જેટલું આપવાથી કૃમિનો નાશ થાય છે. વળી એમાં નસોતર વિગેરે હોવાથી તેના ઉપર બીજો રેચ આપવાની જરૂર રહેતી નથી.

અથવા કપીલો, વાવડીંગ, હિંગ, બાબરાનો પીતપાપડો, કાળીજીરી, હીંમજ, હરડેદળ, સંચળ અને નસોતર એ બધાં સરખા ભાગે લેઇ બાંડી ચુર્ણ બનાવી તેમાંથી ૧ા તોલાને આશરે લેઇ રાત્રે પાણી સાથે લેવાથી સવારમાં બે ચાર રેચ થાય છે,

અને દરેક પ્રકારના કરમ નિકળી જાય છે.

પેટમાં થતા કૃમિઓ સિવાય બીજા જંતુઓનો નાશ કરવાનો પણ તે અજબ ગુણ ધરાવે છે. અને તેથી વાળાનું દરદ કે જેમાં અસહ્ય પીડા ભોગવવી પડે છે, તેના માટે તેનો નીચે મુજબ ઉપયોગ થાય છે.

આખરાનાં બીજ, ઝેરકાચલાનાં બીજ, રસકપુર, સાદુ કપુર અને ગુગળ આ બધી ચીજો સરખા ભાગે લેઇ બારીક વાટી કપડે ચાળી પછી પાણી સાથે ખરલ કરી પીંપળાના પાન ઉપર તેનો જાડો થર દેઇ તે પાન વાળાના ફોલ્લા ઉપર બાંધવું. લેપ વધારે તણાય નહિ એટલા માટે તેમાં જરા ઘી ઉમેરવું. આ પટી ત્રણ દિવસે છોડવી, જેથી વાળો મરી જશે.

વાળો એ પણ એક જાતનો જંતુ અથવા કૃમિ છે, અને આ ઉપચારમાં સર્વે ઔષધો કૃમિઘ્ન હોવાથીજ તેની આપો રામબાણ અસર થાય છે.

વળી સાપના ઝેર માટે આખરો એ ખાત્રી બંધ ઉપાય છે. અને તેનો ઉપયોગ એવી રીતે થાય છે કેઃ—એનાં મૂળ ઉપરની છાલ વાટી તેનો તાજો સ્વરસ ઝેર અને દરદીની પ્રકૃતિના પ્રમાણમાં ચારથી દશ તોલા સુધી પાવાથી ઝાડો, ઉલટી વિગેરે કંઈ પણ ન થવા છતાં સાપનું ઝેર ઉતરી જાય છે.

આ ચારે પ્રયોગોનો અમે ઘણી ખરી વખત અનુભવ લીધેલો છે અને તેથી વાંચક વૃન્દ જો યોગ્ય પ્રસંગે તેનો ઉપયોગ કરશે તો અવશ્ય ધન વૃદ્ધિ અથવા પરોપકારનું પુણ્ય પ્રાપ્ત કરશે.

ગળી.

સં. નીલી. હિં. નીલ, લીલ. બં. નીલ ગચ્છી. લા. ઇન્ડિગો-ફેરા કોર્ડીફોલીઆ.

વર્ણન—ગળીના છોડવા ચોમાસે વગડામાં ઘણા ઉગી આવે છે, તેમજ કેટલાએક સ્થળે તેના રંગ માટે વાવેતર પણ થાય છે. તે બેથી ચાર કે છ ફીટ સુધી ઊંચા વધે છે, અને તેમાં ચારે તરફ પાતળી, લાંબી અને પસરાતી ઘણી શાખાઓ નિકળે છે. પાંદડાં ઘેરા લીલા કે કાળાશ લેતા રંગનાં ૦ા થી એક ઇંચ જેટલાં લાંબાં અને ૦ા થી ૦ા ઇંચ પહોળાં હોય છે. ફુલ રતાશ લેતા પીળા રંગનાં અને શીંગો ઝીણી, એકથી દોઢ ઇંચ લાંબી, ૦ા થી ૦ા લાઇન પહોળી અને સીધી તોપણ અંદરની બાજુ જરા વાંકી વળતી હોય છે. પાંદડાંને તોડવાથી જ્યારે તે સૂકાય છે ત્યારે ગળી જેવા રંગનાં થઇ જાય છે. આ છોડ દરેક સ્થળે પ્રસિદ્ધ હોવાથી વિશેષ ઓળખાણની જરૂર નથી, એના છોડ છેટેથી ખરસાંડીયાના જેવા જણાય છે.

ઉપયોગ—ઉપદંશ—ગરમીના દરદથી પીડાતા એક દરદીને કોઇ વૈદ્ય મહાશયે અત્રે ચલમમાં હિંગળોક ફુંકાવાથી, એવું સખ્ત મહોડું આવ્યું કે અનેક ઉપાયો કરવા છતાં પણ તે વાળી શકાયું નહિ. જેથી ગભરાઇને વૈદ્યરાજ પોબારા ગણી ગયા, અને દરદી મૃત્યુની પળો ગણવા લાગ્યો. આ ઉપરથી તેના કુટુંબમાં અત્યંત ગભરાટ મચી રહ્યો, અને બીજા આજુ બાજુના નામાંકિત વૈદ્યોના આવાગમનની ધમાલ મચી રહી પરંતુ કોઇના ઉપચારથી ફાયદો

ન થતાં દરદીની પ્રકૃતિ પળે પળે વધારે લથડવા લાગી. એવામાં દૈવયોગે એક બાજીગર ત્યાં આવી ચડ્યો. અને પોતાનો ખેલ પુરો કર્યા પછી સાપનો મદારો, વીંછીની જડી, વશીકરણની બુટ્ટી વિગેરે બતાવી લોકો પાસેથી પૈસા મેળવવાની ખટપટ કરવા લાગ્યો. એ જોઇ કોકએ તેને સદરહુ દરદીની વાત કરવાથી પોતે ત્યાં આગળ આવ્યો, અને જો તેને પચ્ચાશ રૂા. આપે તો દરદીને સારો કરવાની હામ ભીડી. દરદીના કુટુંબીઓ તરફથી આ શરત તરતજ કબુલ કરવામાં આવવાથી મદારી ત્યાંથી ઉઠી જંગલમાં જઇ કોઈ વનસ્પતિને લેઇ આવ્યો, તેનો ઉકાળો દરદીને પાવાથી તરતજ પેશાબ વાટે પારો નિકળવા લાગ્યો દરદી સ્વસ્થ થવા લાગ્યો. અને બે, ત્રણ દિવસ ઉપચાર કરવાથી તદ્દન સારો થઇ ત્યારબાદ પચ્ચાશ વર્ષ સુધી જીવ્યો. અને એ અરસામાં તેને બે છોકરા અને પાંચ છોડીઓની પ્રાપ્ત થઇ.

આ બનાવ અત્રે સાઠેક વર્ષ ઉપર બનેલો હોવાથી, આજથી સુમારે વીશેક વર્ષ ઉપર સદરહુ દરદીના મુખથી આ હકીકત અમારા સાંભળવામાં આવી હતી અને તેથી એવા અદ્ભુત ગુણવાળી કઇ વનસ્પતિ હશે તેના શોધ માટે અહરનિશ પ્રયત્ન ચાલુ હતો, પરંતુ કંઇ પત્તો મળી શકયો નહી. પરંતુ આજથી સુમારે પાંચેક વર્ષ ઉપર પ્રખ્યાત યુનાની હકીમ અકબરખાનના ચરક, સુશ્રુતની માફક પ્રમાણભૂત ગણાતા **તિબ્બ અકબરી** નામના ગ્રંથમાં વાંચવા માં આવ્યું કે:—

જે મનુષ્યે કાચું રસાયન હિંગળોક, રસકપુર, પારો વિગેરે ખાધું હોય, અથવા ચલમમાં નાંખી ધુમાડા મારફતે પીધું હોય,

તેના લીધે તેના શરીર ઉપર ફોલ્લા, ચાંદાં વિગેરે થઇ કોઢ જેવી દશા થઇ હોય, અથવા તો બીજો કંઇ ઉપદ્રવ થયો હોય તો, ગળીના એક છોડવાને મુળ સુદ્ધાં ઊપાડી લાવી કુટી ખોખરો કરી એક માટીના વાસણમાં પાણી સાથે ઊકાળી ગળી લેવ, પછી સવારના ભૂખ્યા પેટે દરદીને તેમાંથી એક પ્યાલો પાણી પાવું, અને ત્યારબાદ દરેક દશ મિનિટે સદરહુ ઉકાળાનું પાણી એક, એક પ્યાલો પાયા કરવું. એ મુજબ સાંઝ સુધી પાણી પાયા કરવું, અને કંઇ પણ ખોરાક આપવો નહિ. જેથી સઘળો પારા પેશાબ માર્ગે નિકળી જાય છે. આ ઔષધ અસર કરે છે કે કેમ તેની ખાત્રી કરવી હોય તો સઘળો પેશાબ કાંસાના અગર ચીનાઈ માટીના વાસણમાં ઝીલી રાખવો. જેથી તેના તળીએ ઠરેલો પારો દૃષ્ટિએ પડશે. જો કે આ ઇલાજથી એકજ દિવસમાં ફાયદો થાય છે, છતાં જો વધારે જરૂર જણાય તો બીજા દિવસે પણ એ પ્રયોગ કરવો. અને જ્યારે પેશાબમાં પારો આવતો બંધ થાય ત્યારે આ પ્રયોગ બંધ કરવો.

ઘણા પ્રયત્નને અંતે એકાએક આ પ્રયોગ વાંચવામાં આવ્યાથી, અને વાપરવાની કૃતિ તથા ફળશ્રુતિ ઉપરોક્ત બાજીગરના પ્રયોગને અક્ષરશઃ મળતી આવવાથી, પ્રસંગ મળતાં આજ સુધીમાં પાંચેક દરદીઓ ઉપર તેને અજમાવી જોતાં ઘણું ફત્તેહમંદ પરીણામ આવ્યું છે. ઊંટ વૈદ્યોના હાથે કાચા રસાયનો ખાઇ દર વર્ષે હજારો મનુષ્યોની જીંદગી જોખમમાં આવી પડે છે, તેઓને આ પ્રયોગ અવશ્ય ફાયદાકારક થઇ પડશે.

ચણોઠી.

સં. ગુંજા, ઊચ્ચટા હિં. ચિરમિટી મ. ઘુંઘચી લા. Abrus precatorius.

વર્ણન—આખા હિન્દુસ્થાનમાં તેની ઉત્પતિ થાય છે. તેમજ તેનાં બીજ સોનું તોલવામાં વપરાતાં હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે, જેથી વિશેષ ઓળખાણની જરૂર નથી. એની લાલ, ધોળી અને કાળી એવી ત્રણ જાતો થાય છે. જેમાં લાલ દરેક સ્થળે થાય છે, ધોળીની ઊત્પત્તિ એનાથી ઓછી થાય છે, અને કાળીની વધારે અછત છે.

જડીબુટ્ટી તરીકે ઉપયોગ—ચણોઠીનાં બીજ કે જેને ગામડાના લોકો ચણબોઇના નામથી પણ ઓળખે છે, તે આંખમાં પડેલા જુના ખીલો તથા ફુલાંને માટે અકસીર ઈલાજ જણાયો છે. ખીલ તથા ફુલનું દરદ જ્યારે જુનું થાય છે, ત્યારે દરદીની ફરીથી આંખો લાવ્યા સિવાય તે મટતું નથી; માટે એવા દરદીઓ સારૂ ચણોઠીનો ઉપયોગ કરવાથી તેની રક્તહીન—લાલાશ વગરની ફીકીફચ થઈ ગયેલી આંખો જોઈતો ક્ષોભ પામીને સરક્ત (લાલ) થાય છે, અને તેના લીધે ખીલ અને ફુલાને જોઈતું રક્ત પેહોંચવાથી તે ઓગળી જાય છે. આ કામ માટે સફેદ ચણોઠીનાં બીજ ઉપરનાં ફોતરાંને કાઢી નાંખી અંદરની મીંજને બારીક ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી, વીશ તોલા ગરમ પાણીમાં એ ચૂર્ણ સિત્તેર ચણોઠીનું નાંખી ચોવીશ કલાક ભીંજાવા દેઈ પછી પાંણીને ગળી લેવું. આ પા-

ણીનાં જુજ ટીપાં આંખમાં નાંખવાથી આંખો ઊઠી આવે છે, અને પુમાંને રક્ત પહોંચીને ગળી જાય છે. જુના ખીલ, તાપોડીયાં મટાડવાને માટે આ કરતાં જોરદાર પાણી કરાય છે. એટલે ચણોઠીનું ઉપર કહેલી રીતે બનાવેલું ચૂર્ણ એક તોલો અને પાણી વીશ તોલા સાથે મેળવી ચોવીશ કલાક ભીંજવી ગાળી લીધેલું પાણી વપરાય છે.

આંખનાં દરદોની સારવાર કરનાર પ્રસિદ્ધ નેત્ર વૈદ્ય ડૉક્ટર ડીવેકર જે કે ઉપર મુજબ પોતાનો અનુભવ બતાવે છે, પરંતુ ઈન્ડીયન પ્લેન્ટસ એન્ડ ડ્રગ્સના કર્ત્તા નાડકર્ણી સાહેબ લખે છે કે:-ત્રીશ બીજ લેઇ તેઓ ઉપરનાં ફોતરાં કાઢી નાંખી અંદરના મીંજને બારીક ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી તે ચૂર્ણને સોળ ઔંસ ઠંડા પાણીમાં ભીંજવી રાખવું. પછી તેમાં બીજું સોળ ઔંસ ગરમ પાણી મેળવવું, અને જ્યારે તે ઠંડુ થાય ત્યારે ગાળી લેવું. જ્યાં સુધી આંખમાં પુરતી લાલાશ, સોજો વિગેરે ઉત્પન્ન થાય નહિ, ત્યાં સુધી કેટલીએક વખત આ પ્રવાહીનાં ટીપાં આંખમાં નાંખવાં. ઘણું કરી એકાદ વખત આ પ્રવાહી આંખમાં નાંખ્યા પછી આંખ દુખવા આવવાની પીડા શરૂ થાય છે, અને ત્યાર પછી બે, ચાર વખત આ પ્રવાહી આંખમાં નાંખવાથી બીજે દિવસે આંખનાં પોપચાંનો સખ્ત સોજો ઉઠી આવે છે; જે પ્રકૃતિ અનુસાર પાંચથી પંદર દિવસ સુધી લંબાય છે. ત્યાર બાદ તે ધીમે ધીમે ઘટતો જાય છે, અને દરદી ખીલ તાપોડીયાં અથવા ફુલ્લીથી મુકત થાય છે.

જો કે આ મુજબ તેમાં અજબ ગુણ રહેલો છે, તોપણ રતા-

ચવાળા એટલે દુઃખવા આવેલી આંખો તદન સારી થયા પડેલાં જે તેનો ઉપયોગ કરવામાં આવે, તો ગુણના બદલે અવગુણ થાય છે એ વાત સુજ્ઞ વૈદ્યે ધ્યાનમાં રાખવી. ઊંટ વૈદ્યોએ તો આ ઉપાય કદીપણ યોજવો નહિ. કેમકે એવા અર્ધદગ્ધ વૈદ્યો આંખની ખરી સ્થિતિ પારખવાને ના લાયક હોય છે. પરંતુ સમજુ વૈદ્ય દુઃખતા આવેલી આંખો તદન સારી થયા બાદ જુનાં દરદો ઉપર આ પ્રયોગવડે સારી રીતે યશ મેળવી શકશે.

આ પ્રયોગ અમે પણ કેટલાએક દરદીઓ ઉપર અનુભવી જોયો છે.. રતાશ વગરની ફીકી આંખવાળા દરદીની આંખમાં બે, ચાર વખત આ પ્રવાહી નાંખવાથી આંખો સુજીને લાલચોળ થાય, એટલે પછી પ્રવાહી નાંખવાનું બંધ કરી દેઇ દરરોજ ઘી આંજવું. કોઇની પ્રકૃતિવશાત્ આ પ્રયોગ માફક નહિ આવવાથી આંખો અત્યંત સુજી અસહ્ય પીડા થાય. તો આંબલીનો ગર્ભ પાણીમાં ઓગાળીને તે પાણી આંખમાં આંજવું, તેમજ આંખની આજુબાજુ લેપ કરવો. એટલે આઠ દશદિવસમાં આંખો પાછી સારી થશે, અને ખીલ, તાપોઠીયાં કે ફુલાંનું દરદ નાબુદ થશે.

આ સિવાય વળી ટાલ પડેલા માથા ઉપર વાળ ઊગાડવાનો એમાં અકસીર ગુણ માલુમ પડયો છે, અને એ કામ માટે તેનો ઉપયોગ કરવાની રીત પ્રખ્યાત ભોજ રાજા પોતાના રાજ માર્તંડ નામે ગ્રંથમાં એવી બતાવે છે કેઃ

ચણોઠીનાં ફોતરાં કાઢી નાંખી કપડે ચાળેલો ભૂકો પાંચ તો-

લા લેઈ તેને ભાંગરાના રસના સાત પુટ દેવા. પછી એલચી, જટા માંસી, કપુર કાચલી અને ઉપલેટ એ દરેક પાંચ પાંચ તોલા લેઈ ખાંડી પાણી સાથે લસોટી ચણોઠીના ભૂકા સાથે મેળવી દેવ તેમાં દસશેર પાણી અને સાઠ તોલા તલનું તેલ મેળવી ઊકાલતાં, પાણીનો ભાગ બળી જઈ તેલ માત્ર બાકી રહે એટલે ગાળી લેવું. એ તેલ માથામાં નાંખવાથી ટાલની જગ્યાએ નવા વાળ ઊગે છે. વળી જે સ્ત્રીઓને પોતાના વાળ વધારવા હોય તેના માટે પણ આ તેલ બહુ ઉત્તમ છે.

ચંબેલી.

સં. જાતી. હીં. ચંબેલી, મ. જાઈ ગુ. ચામિલી. લા જેસ્મિનમ્ ફ્લેકસાઇલિસ.

વર્ણન—ચંબેલીના વેલા થાય છે. એનાં ફુલો સફેદ, બારીક પાંખડીનાં અને મધુર વાસવાળાં હોવાથી બગીચાઓમાં તેને ઉછેરવામાં આવે છે. પાંદડાંનો આકાર જુદને મળતો હોય છે. એ સર્વત્ર પ્રસિદ્ધ હોવાથી વિશેષ વર્ણનની જરૂર નથી.

જડીબુટ્ટી તરીકે ઉપયોગ—ચંબેલીનાં કુમળાં પાંદડાંનો રસ તોલા બે, ગાયનું ઘી તોલા બે, અને એક રતીભાર રાળની ભૂકી સાથે મેળવીને દરરોજ સવારમાં પીવું. એમ સાત, દશ અગર પંદરેક દિવસ પીવાથી ગરમીનું દરદ તદન નાબુદ થાય છે. ખોરાકમાં માત્ર ઘઉંની રોટલી, ભાત, ઘી, સાકર અને દુધ રોટલી એ ચીજોજ વાપરવી.

આ ઉપાય પ્રથમ શ્રી વ્યંકટેશ્વર પ્રેસ તરફથી છપાયેલા વૃહન્નિઘંટ રત્નાકર નામે ગ્રંથના ઉપદંશાધિકારમાં વાંચવામાં આવ્યો હતો. જે ઉપરથી અનુભવ લેતાં અકસીર માલુમ પડયો છે. જો બરોબર પથ્ય રાખી ઉપયોગ કરવામાં આવે તો ગુહ્યભાગની ચાંદી, સાંધાઓનું જકડાવું, છાતી તથા માથાનો દુઃખાવો, ગરમીનું શરીરે ફુટી નિકળવું વિગેરે તમામ વિકારો એકદમ મટી જાય છે. અને દરદીને રસકપુર જેવી ઝેરી અગર તો સારસાપરેલા, પોટાસ આયોડાઇડ વિગેરે જેવી મોંઘી ઔષધિઓના સેવનની ખટપટમાં ઉતરવું પડતું નથી, એટલુંજ નહિ પરંતુ મંજીષ્ટાદિક્વાથ અને કીશોર ગુગળના લાંબા સેવનથી પણ જે કાર્ય થતું નથી, તે કાર્ય માત્ર થોડા જ સમયમાં આ ઔષધ કરી શકે છે.

ડુંગળી.

સં. પલાંડુ. હિં પ્યાજ. મ. કાંદા. બં. પેંયાજ. ફ્ર. Onion Alhinmsepa.

વર્ણન—ડુંગળી સર્વત્ર પ્રસિદ્ધ છે. એની લાલ તથા ધોળી એવી બે મુખ્ય જાતો છે. તેમાં ઔષધના કામમાં ધોળી ડુંગળી વિશેષ વપરાય છે.

ઉપયોગ—નાકવાટે પડતું લોહી બીજા કોઇ પણ ઉપાયથી બંધ ન થતું હોય તો, એક ડુંગળીને ફોલી તેની બે ફાડો કરી તેમાંની એક ફાડને દરદીને ગળે બાંધી રાખવાથી તરતજ લોહીનું પડવું બંધ થાય છે. વળી એના રસના સંયોગથી હિંગળોકની ભ-

રસ એવી ઉત્તમ થાય છે કે, જે કોઇ પણ જાતનો ઉપદ્રવ નહિ કરતાં ધાતુપુષ્ટીનું કામ ઘણી સરસ રીતે બજાવે છે. એ ભસ્મ બનાવવાની રીત એવી છે કે:—

પાંચ તોલા હીંગળોકનો સમચોરસ આખો કટકો લેઇ, તેને એક માટીની મજબુત ઠીબમાં મૂકી તેની આસપાસ અડોઅડ દસ તોલા આખાં લવિંગની પાળ કરવી. પછી તેને ચુલે ચઢાવી નીચે અગ્નિ સળગાવવો. અને હિંગળોકના કટકા ઉપર થોડો થોડો કુંગળીનો રસ રેડવો. અગ્નિમંદ, મંદ સળગાવવો, અને એક વખત નાંખેલો રસ શોષાઇ જાય એટલે ફરીથી રેડવો. એમ વારંવાર કરતા જઇ આઠ મણ કુંગળીનો રસ ધીમે ધીમે પાઇ દેવો. અગ્નિ રાત્રિ દિવસ એક સરખોજ રાખવો જોઇએ એવું કંઇ પ્રયોજન નથી. પરંતુ માત્ર આઠમણ કુંગળીનો રસ પાવો એટલીજ મતલબ છે. માટે દરરોજ કુરસદ મુજબ કામ કરવું. પરંતુ એટલું યાદ રાખવું કે જ્યાં સુધી અગ્નિ સળગતો હોય ત્યાં સુધીમાં ઠીબમાંનો હિંગળોક કોરો પડવા દેવો નહિ. કેમકે જો તે કોરો પડી જશે તો અગ્નિના તાપથી ઉડી જશે. આ પ્રમાણે તૈયાર કરેલો હિંગળોક વાટી શીશીમાં ભરી રાખી એકાદ ચોમાસું ગયાબાદ ઉપયોગમાં લેવો. દરદીનું બળ તથા દેશ, કાળ વિગેરેનો વિચાર કરી એક ચોખાપુરથી એક રતી સુધીની માત્રા આપવી. વાયુનાં દરદોમાં તુલસીના રસમાં, પીત્તનાં દરદોમાં માંખણ સાથે, અને કફનાં દરદોમાં નાગરવેલના પાન સાથે કે મધમાં આપવો. એ સિવાય ધતુ ક્ષીણતા, સુવારોગ, સંગ્રહણી, નપુંસકતા વિગેરે ઉપર પણ ઉપયોગ કરી શકાય છે. પથ્ય બરાબર રાખવું. કેવળ દુધ, ભાત, ઘઉની

રોટલી અને ઘી એટલોજ ખોરાક લેવો. બ્રહ્મચર્ય પાળવું.

સોમૂલ, હરતાલ, અને હિંગળોક જેવી ચીજોનો ઉપયોગ કરતા પહેલાં દરદીની જાત, દરદ, અહાર વિહાર, બળાબળ, અને પથ્યનો પુરો વિચાર કરવો. ક્રમક અયોગ્ય વર્ત્તનથી ફાયદાને બદલે વિપરીત પરીણામ આવે છે એ ધ્યાનમાં રાખવું.

તમાકુ.

સં. ક્ષારપત્રા. હિં, તમ્બાખુ. મ. તમ્બાખુ. ગુ. તમાકુ. કં તમાકૂ. કા. તંબાકુ. બ. તંબાકુ. ઇં Indian tobacco. લા. Nicotiana tabacum.

વર્ણન—તમાકુ દરેક જગાએ મળતી હોવાથી તેની ઓળખાણની જરૂર નથી.

ગુણ—તમાકુ પિત્તકારક, તીખી, ગરમ, બસ્તીને શોધનારી, મદ ઉપજાવનાર, ભ્રમકારક, કડવી, દૃષ્ટિને મંદ કરનારી, સારક, ઉલટી કરનાર, વાયુને અનુલોમ કરનાર, કફ, ખાંસી, શ્વાસ, વાયુ, કૃમિ, દાંતનાં દરદો અને લીખ, જુ, વીંછીનું ઝેર તથા સોજાનો નાશ કરનાર છે.

—નિઘંટ રત્નાકર.

આ વસ્તુ થોડાક સમય ઉપર આ દેશમાં દાખલ થયેલી હોવાથી પ્રાચિન ગ્રંથોમાં એના ગુણદોષનું વર્ણન જોવામાં આવતું

નથી. માત્ર થોડાક સમય ઉપર રચાએલા નિઘંટ રત્નાકર ગ્રંથમાં તેના ઉપર મુજબ્બ ગુણો લખાએલા છે. પરંતુ તે ઊપરથી તેનો ખાસ ઉપયોગ શું છે તે સિદ્ધ થઈ શકતું નથી. પરંતુ અનુભવથી સમજવામાં આવ્યું છે કે બાળકોને થતી નઠારી ઉધરસ કે જે ઉ-ટાંટીઆના નામે ઓળખાતી હોઇ, દર વર્ષે હજારો નિર્દોષ બાળકોનો પ્રાણ લે છે તેના ઉપર એ અકસીર ઇલાજ છે. અને તે નીચે મુ-જબ્બ વપરાય છે.

કાળી તમાકુનાં ડાંખળાં એક શેર લેઈ તેના કડકા કરવા, અને તેટલોજ સિંધવ લેઇ વાટીને ચૂર્ણ કરવું. પછી માટીની એક હાં-લ્લીમાં પ્રથમ થોડાં એક ડાંખળાં પાથરી તેના ઉપર સિંધવ પાથ-રવો, અને તેની ઉપર પાછાં ડાંખળાં પાથરી ઉપર સિંધવ પાથરવો. એવી રીતે ડાંખળાં અને સિંધવનો અનુક્રમે એક ભીન્ન ઉપર થર કરી તે હાંલ્લીને ચુલે ચઢાવી નીચે તાપ કરવો. અને તમાકુનાં ડાં-ખળાં બળી કોલસા જેવાં થાય એટલે નીચે ઊતારી તે ડાંખળાં તથા સિંધવને સાથે વાટી ભુકો કરવો. ડાંખળાંને બાળતી વખતે એવી સાવચેતી રાખવી કે તેની છેક રાખોડી થઇ જાય નહિ, પરંતુ માત્ર કોલસા જેવાં કાળાં થાય એટલે તરત ઉતારી લેવું; અને પછી તે ભુકાને શીશીમાં ભરી રાખવો. બાળકની ઉમરના પ્રમાણમાં અ-ડધાથી એકવાલ સુધી તે દવા લેઈ નાગરવેલના એક પાદા પાનના રસમાં મેળવી તેમાં બે ફોલેલી એલચીનું ચૂર્ણ મેળવી પાઇ દેવી. એ પ્રમાણે દિવસમાં બેથી ત્રણ વખત દવા આપવી. કદાચ કોઇ બાળકને એનાથી એકાદ ઉલટી થાય તો તેથી ગભરાવું નહિ. કારણ

એમ થવાથી ઉલટીમાં છાતીમાંથી કફની જળ નિકળી જઇ બહેલો આરામ થશે.

ઉટાંટીઆ સિવાય બીજી સાદી ઉધરસમાં પણ આ દવા સારી અસર કરે છે. મોટા માણસને ખાંસીમાં આ દવા દિવસમાં બેથી ત્રણ વખત દરેક વખતે એકથી દોઢ વાલ જેટલી, અને બાળકોને ઉમરના પ્રમાણમાં ૦ા થી એકવાલ જેટલી લેઇ મધ સાથે આપવાથી આરામ થાય છે. વરાધમાં ગરણીના એકાદ, બે બીજના ચુર્ણ સાથે અને સસણીમાં અરડુસીના રસ સાથે વાપરવાથી આરામ થાય છે.

સુરતના પ્રખ્યાત વૈદ્યરાજ શા. તિલકચંદ તારાચંદને આજથી લગભગ ત્રીશેક વર્ષ ઉપર કોઇ મહાત્માએ આ ઇલાજ બતાવ્યો હતો, જેનો પોતાનાં દરદીઓમાં અનુભવ લેતાં અકસીર જણાયાથી જાહેર ખબરો છપાવી પેટંટ દવા તરીકે વેચવા માંડયો હતો. અને તેનો ઉપયોગ કરનાર દરેક બાળકોને આરામ થતો હોવાથી તેની હજારો શીશીઓ ખપતી હતી. પરંતુ એ રોગથી પીડાતાં હજારો બાળકોની દયાની ખાતર સદરહુ વૈદ્ય રાજની આજ્ઞાથી સને ૧૯૧૫ ના જુલાઇ માસમાં વૈદ્યકલ્પતરૂ પત્રમાં એ ઇલાજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ અમારા ઔષધાલયમાં પણ તેનો બહોળો અનુભવ લેવામાં આવ્યો છે; માટે તેનો વિશેષ પ્રચાર થવો ઘટે છે.

આ ઔષધ તૈયાર કરવામાં તમાકુનાં ડાંખળાં ઘણાં જાડાં કે થડ તરફનાં પોલાશ વાળાં નહિ લેતાં પાંદડાંની વચમાંનો ડાંડાજ લેવો. તમાકુનું વ્યસન આજકાલ ઘેર ઘેર જડ ઘાલી બેઠેલું હોવા-

થી સર્વત્ર નિંદાય છે, તેમાં પણ આવો દીવ્ય ગુણ સમાએલો છે એ જોઈ ઈશ્વરની અનહદ લીલાનું ભાન થાય છે.

તલવણી (આડીઆ કરહણ)

સં. તિલપર્ણી, કર્ણરફોટા હિં. હુલહુલ, હુરહુર મ. કાન ફોડી ગુ. પીળા તલવણી का Cleeme Viscosa.

વર્ણન—પીળા તલવણીના છોડવા ચોમાસે ઉગે છે, તે ૦॥ થી ત્રણ કે પાંચ ફીટ ઊંચા થાય છે. એ છોડવા એક તરસાની માફક લાંબા અને લાંબા એકલડાંડીએ ઉંચા વધી ગયેલા હોય છે, અથવાતો ઊંચી ચઢતી ઘણી શાખાઓવાળા એક ઝુમરની માફક ભરાયેલા હોય છે. તેના ઉપર સાદા અથવા ગોળ મથાળાંવાળા ચીકણાવાળ આવેલા હોય છે, અને તેમાંથી અણગમતી વાસ નિકળતી હોય છે. એના છોડવાના નીચલા ભાગમાં ધણું કરીને પંચપર્ણી અને ઉપરના ભાગમાં ત્રીપર્ણી પાન આવેલાં હોય છે. એનાં ફુલ પીળાં અને સીંગો ૦॥ થી ૩॥ ઈંચ લાંબી અને બે લાઈન જાડી હોય છે.

તલવણીની ધોળા ફુલવાળા અને પીળા ફુલવાળા એમ બે જાતો થાય છે, અને કેટલી એક જગ્યાએ તેને આડીયા કરહણ, બોરા વિગેરે નામથી પણ ઓળખે છે. અત્રે લખેલા ગુણો પીળા જાતનાજ સમજવા.

ઉપયોગ—આ વનસ્પતિ પ્લેગ જેવા કષ્ટ સાધ્ય દરદ ઉપર

અકસીર માલુમ પડી છે. એનાં પાંદડાં ડાંટી, મૂળ, ફૂલ વિગેરે બધો પંચાંગ લેઈ પથ્થર ઉપર બારીક વાટી એક રૂપીઆ જેવડી બે લુગદીઓ બનાવવી. પછી જે બાજુએ પ્લેગની ગાંઠ નિકળી હોય તે હાથની નાડી ઉપર એક લુગદી સવળી બાજુએ અને બીજી અવળી બાજુપર મૂકી, મલમલના સ્વચ્છ કપડાનો તેના ઉપર પાટો બાંધવો. બે, ચાર કલાક પછી એ પાટો છોડવાથી આંગળા જેવડો ફોલ્લો ઉપડશે, તેને સોયથી ફોડી નાંખી ઝેરી પાણી નિકળી જવા દેવું. પછી ઘી લગાવવું. આમ કરવાથી પ્લેગની ગાંઠ બેસી જઈ સેંકડે પંચાણું મનુષ્યને અવશ્ય આરામ થાય છે.

વળી એકાંતરીઆ, ચોથીઆ વિગેરે ટાઢીયા તાવમાં પણ એનાં પાંદડાંને વાટી ઉપર મુજબ લુગદી બનાવી, જમણા હાથની કોણીની પાછલી બાજુએ મૂકી તેના ઉપર એક ઠીકરી રાખી કપડાથી પાટો બાંધવો. જે ચાર, પાંચ કલાકે છોડવાથી ફોલ્લો ઉપડી આવશે. જે ઉપર મુજબ સોયથી ફોડી ઘી ચોપડવાથી તાવ આવતો અટકી જશે.

વળી એના યોગથી હરતાલ, સોમલ, ત્રાંબા વિગેરેની ભસ્મ પણ સારી જાતની થાય છે, અને તે નીચેની કૃતિથી તૈયાર થાય છે. સારી રીતે શોધેલી હરતાલ અથવા સોમલ દોઢ તોલો લેઈ તેને એક કપડ માટી કરેલી માટીની હાંડલીમાં મૂકી, તે હાંડલીમાં એક શેર આકડાનું દુધ તથા તલવણીના રસને ઊકાળી માળા જેવો ઘટ્ટ કરેલો ઘન દશ તોલા ભરી, તે હાંડલીના મહોડાપર શરાવલું ઢાંકી સાંધા ઉપર કપડ માટી કરી, પછી છાતીપુર ઊંડો ખોદેલો એક ખાડો અડધ સુધી અડાયાં છાણાંથી ભરી, તેના ઉપર એ હાંડલી

મૂકી, બાકીનો બાકી રહેલો ભાગ પાછો અડાયાં છાણાંથી ભરી અગ્નિ સળગાવી દેવો. અને જ્યારે અગ્નિ શિતળ થઈ જાય ત્યારે, હાંડલીમાંથી હરતાલ અગર સોમલનો કાંકરો કે જે બરાબર ભસ્મના રૂપમાં થઇ ગયો હશે તે કાઢી લેઇ, ઝીણો ખરલ કરી શીશીમાં ભરી રાખવો. અને યોગ્ય અનુપાન સાથે શીતજ્વર, ત્રિદોષ, મરકી મંદાગ્નિ, વાયુનાં દરદો વિગેરેમાં ઉપયોગ કરવો. માત્રા–હરતાલની ૧ થી ૩ા રતી અને સોમલની ૧ ચોખાપુરની છે. આ રીતે કરેલી ભસ્મ ગરમ થાય છે. માટે તેનો ઉપયોગ કર્યા બાદ તરતજ દુધ પીવું. અને ખોરાકમાં માત્ર દુધ ભાતનોજ આહાર કરવો.

શુદ્ધ કરેલા ત્રાંબાનાં કાંટે વીંધાય એવાં બારીક પત્રાં બનાવી અગ્નિમાં તપાવી તપાવીને એના રસમાં સાત વખત બુઝાવવાં, પછી તે પત્રાને એના રસમાં સાત દિવસ બીંજાવી રાખવાં. બાદ તેનાં પાંદડાંને વાટી લુગદી બનાવી તે લુગદીમાં ત્રાંબાનાં પત્રાં રાખી, લુગદીને શરાવસંપુટમાં મૂકી કપડ માટી કરી એકાદ, બે વખત ગજપુટનો અગ્નિ આપવાથી કંઈક ધોળાશ પડતી ત્રાંબાની આસમાની રંગની ભસ્મ થાય છે. આ ભસ્મ એક રતી, સુંઠ, મરી અને પીંપર મળી એક વાલ, કપુર એક વાલ અને વીરણનો વાળો એક વાલ લેઇ તે સર્વેને પાનમાં વીંટીને ચારી જઇ ઉપર ગોદડું ઓઢી સૂઇ જવું. આ દવા ભૂખ્યા પેટેજ આપી, તેમજ દવા ખાઇ ને ઉપર પાણી પણ પીવું નહિ જેથી મેલેરીયા કે ટાઢીયા તાવનો વેગ અત્યંત બળવાન હોય તો પણ અડધાથી એક કલાકમાં શાન્ત થાય છે. અને એ રીતે તાવનો વેગ હઠયા બાદ માત્ર દુધ ભાતનોજ ખોરાક આપવો.

તીવર.

સં. કુંદલી, હિં. સાગકુપી, સ. ઇસમધરી, બં. વનજુઇ, તા. સેગંનકુપી. મ. રાન જુઇ, કોપવલ, ગુ. તીવર ઇ. પીટીટ ફીવર લીવ્ઝ. લા. Cleorodendron incrme.

વર્ણન—આ ઔષધિ કે જે સુરત જીલ્લામાં તીવરના નામથી અને મુંબાઇમાં પીટીટ ફીવર લીવ્ઝ એટલે પીટીટનાં તાવનાં પાંદડાંના નામથી ઓળખાય છે, તે સુરતથી માંડીને સીલોન સુધી સમુદ્ર કીનારે થાય છે. એનાં ઝાડવાં ત્રણથી સાત ફીટ જેટલી ઊંચાઇનાં અને આડી અવળી શાખાઓવાળાં થાય છે. નવી નિકળતી શાખાઓનો રંગ રાખોડી જેવો હોય છે. પાંદડાં સામ સામે આવેલાં હોઈ કેટલીએક વખતે ત્રણ, ત્રણ સાથે હોય છે, અને તેઓનું કદ ૦॥ થી ૧॥ ઇંચ જેટલું હોય છે જ્યારે તેઓ કોમળ હોય છે ત્યારે કેટલાંએક રાખોડી જેવા રંગનાં હોય છે, અને તળીએથી ખરપડાના જેવા આકારનાં હોય છે. પુષ્પ ધારણ કરનારી સળી ૦॥ થી ૧॥ ઇંચ જેટલી લાંબી હોઇ તે દરેકના પોલવાળા ગર્ભાશયની અંદર ખૂણામાં આદિ બીજ લાગેલાં હોય છે. ફુલનો બાહ્યકોષ રાખોડીયા રંગનો અને અંદરનો ભાગ ધોળો હોય છે. પુષ્પ નળી ૦॥ ઇંચ લાંબી અને ચળકતી હોય છે. તેઓના ખુણીયા ⅓ ઇંચ પ્રમાણના લંબગોળ હોય છે. એનાં ફળો ૦॥ થી ⅓ ઇંચ જેટલા વ્યાસનાં હોઇ, તે પાકે છે ત્યારે તેમાં બહારનો ભાગ રસવાળો અને અંદરનો ભાગ નાળીએરની બળી જેવો ચીવટ થાય છે. અને તે ભાગવાથી ચાર ભાગમાં વ્હેંચાઇ જાય છે. આ

ઔષધિની કેટલીએક જાતો છે, જેઓના પાંદડાંના આકારમાં અને ફળના કદમાં ફરકપણ માલુમ પડે છે.

ગુણ તથા ઉપયોગ—પ્રાચિન વૈદ્યક ગ્રંથોમાં એનું વિશેષ વર્ણન જોવામાં આવતું નથી. પરંતુ મુંબાઇના સર દીનશા માણેકજી પીટીટ, સી. આઇ. ઇ. આરોનેટ સાહેબે તેનો અનુભવ લેતાં દરેક જાતના તાવો ઉપર તેનાં પાંદડાંનો ગુણ એટલો બધો અકસીર માલુમ પડયો છે કે, આજકાલ તેના ખરા નામને બદલે માત્ર પીટીટનાં પાદડાંના નામથી ઓળખાય છે. એના ગુણોથી લોભાઈને ડોકટર ડીમક, ડો. એનસ્લી, ડો. હુપર વિગેરે બીજા નામાંકિત તબીબોએ પણ તેનો પુષ્કળ અનુભવ લેઇ પોત પોતાનો સંતોષ જાહેર કર્યો છે. એ પાંદડાંનો કેવી રીતે ઉપયોગ કરવો તે સબંધિ લખતાં પીટીટ સાહેબ પોતાના લેખમાં જણાવે છે કેઃ—

એ પાંદડાં સુરત જીલ્લામાં તીવરના નામે અને મુંબાઈમાં પીટીટ ફીવર લીઝના નામે ઓળખાય છે, અને તેઓ સમુદ્રના કિનારે ઝાડવાના આકારે થાય છે. દરેક જાતના તાવો અને તેમાં પણ વિશેષે કરીને મેલેરીઆનો તાવ, ઇન્ટરમીટન્ટ તથા રેમીટન્ટ જાતના ફીવરો, (એકાં તરીઓ, ચોથીઓ, સતતજ્વર વિગેરે તાવો) લુ લાગવાથી આવતો તાવ, જંગલની સુકા ઘાસની હવાથી આવતો તાવ, સાદો તાવ તથા ઘણા મહીનાઓ કે વર્ષોથી આવતા તાવો માટે પણ મને તે ઘણાં અસરકારક માલુમ પડયાં છે.

ઘણાએક કેશો કે જેમાં કિવનાઇન ધારેલી અસર કરવામાં નિષ્ફળ જાય છે, તેમાં પણ આ પાંદડાં ફ-તેહ મેળવે છે. અને જે-

ઓએ તેને વાપર્યો છે તેઓ પૈકી કોઇએ પણ તેનાથી કંઇપણ ઉપદ્રવ થવાની ફર્યાદ મારી આગળ કદી કરી નથી.

વળી તે લોહીને સુધારનાર હોવાથી ખસ અને બીજાં ચામડીનાં દરદો ઉપર સારી અસર કરે છે.

તાવ ઉપર એનો ઉપયોગ કરવાની રીતો આ પ્રમાણે છે.

૧—નાગરવેલના પાન સાથે અથવા તો એમને એમ આ પાંદડાં મોટા માણસે દર ટાઇમે ૭ થી ૧૫ પાંદડાં દિવસમાં ત્રણ વખત ચાવવાં. બચ્ચાંઓને એથી ચાર પાંદડાં આપવાં.

૨—ચાહના સ્વરૂપમાં નીચે મુજબ તૈયાર કરી આપવામાં આવે છે.

પંદરથી ત્રીશ પાંદડાં લેઇ તે દરેકના બે, બે, ત્રણ, ત્રણ કકડા કરી એક ઢાંકણા વાળી ચીનાઇ માટીની ચાહદાનીમાં નાંખી તેમાં ચાહા પીવાના દોઢ પ્યાલા જેટલું ઉકળતું પાણી નાંખવું. જો સુકાં પાંદડાં હોય તો ૩૫ થી ૪૦ નાંખવાં, અને તેમાં કાળાં મરીઆંના ૫ થી ૧૦ દાણા બોખરા કરીને નાંખવા અને પાણી ઠંડુ પડતા સુધી ઢાંકણું ઢાંકી રાખવું. પછી ચાહદાનીને ઊંચાડી તે પાણી કપડા વડે નીચોવી ગાળી લેવું. અને સવાર, બપોર, તથા સાંજ એ દરેક વખતે મોટા માણસે એક એક વાઇન ગ્લાસ ભરીને પીવું. બાળકને તેની ઉમરના પ્રમાણમાં આપવું. જો મરજી હોય તો પીતી વખતે તેમાં થોડી એક સાકર ઉમેરવી.

૩—જો મીક્ચરના સ્વરૂપમાં વાપરવું હોય તોઃ—

આ પાંદડાંને હવા આવે તેવી છાંયા વાળી જગ્યાએ સુકવતાં

તે સૂકાઇ ચીમળાઇ જાય ત્યારે તેમાંથી ૧૦ થી ૨૦ તોલા જેટલાં લેઇ, એક બાટલી સ્પિરિટ ઑફ વાઇનમાં અથવા તો મહુડાંના બે-વડા દારૂમાં, બ્રાન્ડીમાં કે રમ જાતના દારૂમાં ભીંજવી, એક બાટ-લીમાં ભરી મજબુત મુચ મારી ૧૫ થી સાત દિવસ સુધી રહેવા દેવાં. દરરોજ એકાદ, બે વખત બાટલીને હલાવતા રહેવી. ત્યાર-બાદ એને ફીલ્ટરથી અથવા તો કપડાથી ગાળી લેઇ બીજી બાટ-લીમાં ભરી રાખવું.

એમાંથી એકથી પાંચ વર્ષના બાળકોને દિવસમાં ત્રણ વખત દર ટાઇમે ૬ થી ૧૦ ટીંપાં, ૬ થી ૧૦ વર્ષનાં બાળકોને ૧૦ થી ૧૫ ટીંપાં, ૧૧ થી વીશ વર્ષનાઓને ૧૫ થી ૩૦ ટીંપાં, અને તેથી મોટી ઉમરનાં દરદીઓને ૩૦ થી ૬૦ ટીંપાં જેટલું ઔષધ ચારગણા પાણી સાથે મેળવીને આપવું.

૪—જો સરબત બનાવીને વાપરવું હોય તોઃ—

એનાં પાંદડાંને હવા આવે તેવી છાંયાવાળી જગ્યામાં ચાર, પાંચ દિવસ સૂકવવાં. પછી દરેક પાંદડાંના બે, બે, ત્રણ, ત્રણ ટુક-ડા કરી તેમાંથી વીશ તોલા પાંદડાં લેઇ તેને એક ચાહાદાનીમાં નાંખી તેમાં સવા બાટલી ઉકળતું પાણી નાંખવું. પછી ઢાંકણું ઢાંકી એકાદ, બે દિવસ રહેવા દઇ પછી તે પાંદડાંને તે પાણી સાથે સારી પેઠે ચોળીને કપડાથી ગાળી લેવું. બાદ તે પ્રવાહીના વજન જેટલી સાકર ઉમેરી મંદાગ્નિથી ઉકાળી શરબત બનાવવું.

મોટા માણસને ૧૫ થી એક વાઇન ગ્લાસ જેટલો એ સર-બત લેઇ તેટલાજ ચોખ્ખા પાણીમાં મેળવી દર ટાઇમે પાવો.

બચ્ચાંને તેઓની ઉમરના પ્રમાણમાં નાની ચમચીથી મોટા ચમચા જેટલો પાવો. દરેકને દિવસમાં ત્રણ વખત આપવો.

૫–જો આ પાંદડાં ગોળીના સ્વરૂપમાં વાપરવાં હોયતોઃ–

પાંદડાંને છાંયાવાળી જગ્યામાં સારી રીતે ભાગી જાય તેવાં સૂકવી પછી તેઓને ખાંડીને ચૂર્ણ કરવું. એ ચૂર્ણ જો દશ તોલા હોય તો તેમાં બે તોલા સુંઠનું ચૂર્ણ મેળવીને પછી બાવળના ગુંદરના પાણીમાં તેની મરીઓના દાણા જેવડી ગોળીઓ કરવી. અને ચીનાઇ માટીની રકાબીમાં મૂકીને બે, ત્રણ દહાડા સારી પેઠે સૂકાવા દેઇને પછી કાચના બુચવાળી બાટલીમાં ભરી રાખવી. તેમાંથી ૧ થી ૧૦ વર્ષનાં બચ્ચાંને દર ટાઇમે ૧ થી એક ગોળી, ૧૦ થી ૧૫ વર્ષની ઉમર વાળાઓને ૧ થી ૧॥ ગોળી, અને તેથી મોટી ઉમરવાળાઓને બેથી ત્રણ ગોળીઓ દિવસમાં ત્રણ વખત આપવી. અથવાઃ—

તીવરનાં પાંદડાં, શેકેલી હિંગ, લીંડીપીંપર, કરીઆતું, ઇંદ્રજવ, દીકામાળી, એળાએ, કાળીજીરી, કાંકચનાં મીંજનો મગજ, કડુ અને લિંબડાનાં પાંદડાં એ બધાં સરખાં ભાગે લેઈ ખાંડી ચૂર્ણ કરી તેમાં બાવળના ગુંદરનું નીતર્યું પાણી મેળવી સારી પેઠે ધુંટીને ચણા જેવડી ગોળીઓ કરવી. અને સારી પ્રેઠે સૂકાયા બાદ કાચના બુચવાળી બાટલીમાં ભરી રાખવી. મોટા મનુષ્યને દર બે, બે કલાકે ત્રણ, ત્રણ ગોળી અને બચ્ચાંઓને તેઓની ઉમરના પ્રમાણમાં આપવી.

આ ઔષધિની ઉપર બતાવેલી કોઇ પણ જાતની બનાવટ વાપરવાથી તાવ ઉતરી જવાની સાથે જો શરીર વધારે ઠંડુ પડી

ગયેલું જણાય તો ગરમી લાવવા સારૂં એકાદ, બે ચમચા બ્રાન્ડી અથવા તો સુંઠ, મરીઆંનો ઉકાળો આપવો.

તાવની બિમારી માટે આ પાંદડાંનો કેવી રીતે ઉપયોગ કરવો તે સબંધિ એ પ્રમાણે વિસ્તારથી સમજાવવા ઉપરાંત, ખસના માટે તેનો ઉપયોગ કરવાની રીત વિષે લખતાં તેઓ સાહેબ જણાવેછે કેઃ—

લીલાં અથવા સુકાં પાંદડાંને પાણી સાથે વાટી લાલી જેવાં બનાવી, તેમાં થોડું એક તલનું તેલ ઉમેરી દરદવાળા ભાગ ઉપર ઘસવું. જો થોડા કલાક રહેવા દેઈ પછી ધોઇ નાંખવું, અને પાછું સાંઝે એ મુજબ લગાવવું. દરદ મટતાં સુધી એ મુજબ પ્રયોગ ચાલુ રાખવો.

જો આખા શરીરે ખસ ફુટી નિકળી હોય તો, આ પાંદડાંને થોડા એક પાણી સાથે ઉકાળી પછી તે પાણી કપડાથી ગાળી લેઇ; ન્હાવાના બીજા પાણી સાથે મેળવીને ન્હાવાના ઉપયોગમાં લેવું.

મેટેરીયા મેડિકા ઑફ વેસ્ટર્ન ઇન્ડિઆ નામે પુસ્તકના કર્ત્તા વિદ્વાન ડૉકટર ડીમક સાહેબના અભિપ્રાયનો સારાંશ એવો છે કેઃ— આ ઔષધિના ગુણો પૂર્વ હિન્દુસ્તાન, બનવા અને ચાયીનમાં ઘણી વિસ્તૃત રીતે બનણીતા છે, અને મુંબઈ ઇલાકામાં તાવની દવા તરીકે તેણે ઘણું માન મેળવ્યું છે. એનો રસ અતિશય કડવો અને કંઇક અંશે રેચક છે. ઉટાકામંડના ગવર્નમેન્ટ કિમીકોલોજીસ્ટ ડૉકટર હુપરે એનું પ્રથકરણ કરી જોયું છે. અને તેમાંથી ચરીયાતાને મળતું કડવું તત્વ તથા શોકેલિક એસિડ જેવો પદાર્થ જુદો પાડયો છે. તેમજ ઇથરની મદદથી એનું તત્વ ખેંચી કડવાશ પણ

દૂર કરવામાં આવ્યો છે. વળી ઍનરેમ્બલ સર દીનશા માણેકજી પીટીટે તેનો બહોળો ઉપયોગ કર્યો છે, અને જેમાં કિવનાઇન નિષ્ફળ જાય છે તેવા કેશોમાં પણ એનાથી ફત્તેહ મેળવી છે.

ડૉકટર એન્સ્લી જણાવે છે કે એનાં પાંદડાં અને મૂળીયાંનો રસ કંઠમાળમાં રકત શોધક તરીકે અકસીર છે, અને તે દર ટા-ઇમે મોટા ચમચા જેટલો લેઇ પાણી સાથે મેળવી આપવામ આવે છે. ડૉકટર રીડ જણાવે છે કે તેનાં પાંદડાં માત્ર તાવ ઉપર જ અકસીર છે એમ નહિ, પરંતુ તેની પોટીસ કરીને મૂકવાથી તે ગાંઠને પણ ઓગાળી નાંખે છે; અને તેના ઊકાળાના પાણીએ ન્હાવાથી દીવાનાપણું મટે છે.

ઉપર મુજબ જુદા જુદા પ્રતિષ્ટિત પુરૂષોના આ ઔષધિ માટે અભિપ્રાયો છે. વળી કિવનાઈનની માફક કાનની બ્હેરાશ, ભૂખનો નાશ, તાવના તિક્ષણ સ્વરૂપને એકદમ દબાવી દઇ શરીરમાં જીર્ણ જવરની જડ ઘાલવી વિગેરે કંઇ પણ ઉપદ્રવ તેનાથી થતા નથી. વાપરવાની રીત સરળ છે, તથા સસ્તા ભાવે પુષ્કળ જથ્થામાં મળી શકે તેમ છે. માટે નામદાર સરકાર અથવા તો દેશી ઔષધો તૈયાર કરનારી કોઇ પ્રતિષ્ઠીત ફાર્મસી તેની યોગ્ય બનાવટ બનાવી પ્રચારમાં લાવે તો વિશેષ ફાયદો થવા સંભવ છે.

દાડીમ.

સં. દાડીમ, हिं અનાર, મ. ડાળિંબ ગુ દાડમ, લા. પુનીકા ગ્રાનેટમ.

વર્ણન—સર્વ સ્થળે પ્રસિદ્ધ છે.

गुण—तत्पुष्पंचपुनर्ग्रेथंनासास्रगतिनाशनात् ॥
दाडिमत्वक्कृमिघ्नाचग्राहीरक्तातिसारहा ॥ शो. नि.

દાડમનાં ફુલોનો રસ સુંઘવાથી નાકે પડતા લોહીને દુર કરે છે. અને છાલ કૃમિનાશક, મળને રોકનાર અને લોહી પડતા ઝાડાને દુર કરે છે.

—શોદલ.

આ અભિપ્રાય ઉપરથી જણાય છે કે એની છાલ કૃમિને મટાડનારી છે. છતાં કઈ જાતના કૃમિને મટાડે છે તેનો એ ઉપરથી નિર્ણય થઇ શકતો નથી. દેશી ઔષધો સબંધિ અનુભવ લેનારા અંગ્રેજ તબીબોને તે ચપટા કરમ ઉપર અલંત અકસીર જણાયછે, અને તેથી તેના સબંધમાં લખતાં બ્રિગેડ સરજન સી. જોઇન્ટ એમ ડી. જણાવે છે કે:—દાડમના મૂળની છાલ જેવી ચોકસ પણે ફાયદો કરનારી ચપટા કરમ માટે બીજી કોઇ દવા નથી, પરંતુ તે બરાબર રીતસર આપવામાં આવતી નથી. હું તેને નીચે મુજબ વાપરું છું.

એનાં મૂળની છાલ પાંચથી સાત તોલી જેટલી લેઇને અઢી શેર ઠંડા પાણીમાં ચોવીશ કલાક સુધી ભીંજવી રાખું છું, ત્યારબાદ ગાળી લેઇ એ ગાળેલા પ્રવાહીને સવાશેર પાણી રહે ત્યાંસુધી

ઉકાળું છું; અને પછી તેના ત્રણ ભાગ કરી દર બે કલાકે એક, એક ભાગ ભૂખ્યા પેટે દરદીને આપવો શરૂ કરું છું. તે આપ્યા પછી સહી સલામતપણે ઝડપથી આનંદ સાથે અને હોજરીમાં કંઈ પણ દુઃખ કર્યા સિવાય અથવા બીજો કોઈ પણ કંટાળો આપ્યા સિવાય પોતાની અસર કરે છે. ચપટા કરમમાં જ્યારે બીજી દવાઓ નિષ્ફળ થાય છે, ત્યારે આ દવા આપવાથી હું કોઈ પણ દિવસ નાસીપાસ થયો નથી. એનાથી કૃમિ પડી જાય છે, અને તે ફરીથી થતા નથી.

શહેરાનપુરના આસિસ્ટંટ સરજ્યન સાહેબ જણાવે છે કેઃ—ઉપરની રીત મુજબ આપવાથી ચપટા કૃમિ માટે તે ઘણી કિમતી દવા છે. એ ઔષધ આપ્યાબાદ પાળીથી એરંડીયું આપવાથી બધા કૃમિ ઝાડાવાટે બહાર નિકળી જાય છે.

સરજ્યન મેજર બીચ સાહેબ જણાવે છે કેઃ—ચપટા કૃમિને માટે તે પહેલા નંબરનું ઔષધ છે.

બંગાળાના સીવીલ સરજ્યન ડી. બાસુ લખે છે કેઃ—નસકોરી પુટવાના થોડાએક કેસોમાં એનાં પુલેાનો રસ સુંઘાડવાથી હું કૃતેહમંદ થયો હતો.

દારૂડી.

સં હેમક્ષીરી, સુવર્ણક્ષીરી, પીતદુગ્ધા હિં. સત્યાનાશી, પીસોળા બ. કાંટેધોત્રા ગુ. દારૂડી, એખ્સે વ શીઆળકાંટા લા. Argemone Mexicana.

વર્ણન—એના છોડવા ભરમી વર્ણો હોઇ તે બેથી ચાર ફીટ ઊંચા થાય છે. આખા છોડવા ઉપર ઘણું કરી તીક્ષ્ણ ઝીણા કાંટા આવેલા હોય છે. પાંદડાં ઊંટકંટાના પાન જેવાં લાંબાં અને કોરે કપાએલાં હોય છે પુલપીળાં અને ફળ લંગરોળ કાંટાવાળાં હોઈ, તે પાકે છે ત્યારે તેમાંથી બંદુકમાં ફોડવાના દારૂ જેવાં કાળાં બીજ નિકળે છે. આ છોડવાનો કોઇપણ ભાગ તોડતાં તેમાંથી હરતાળના જેવો પીળા રંગનો રસ નિકળે છે. શિયાળાની શરૂઆતમાં રસ્તાની બાજુએ, ખેતરોમાં, તેમજ ખાડા ખાબોચીઆમાં અને આડે વગડે આખા હિન્દુસ્થાનમાં તે થાય છે.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—ગણનિઘંટુકાર કહે છે કે:—

तस्यक्षीरंबिन्दुमात्रंनेत्रेक्षिप्तंघृतप्लुतम् ॥
शुक्लंचह्यधिमांसंचनेत्रांध्यंचैवनाशयेत् ॥

એનું દુધ એકાદ ટીપું લેઇ ઘી સાથે મેળવી આંખમાં આંજવાથી પુલાને, અધિમાંસને અને નેત્રાંધપણાને દુર કરે છે.

ખરેખર નિઘંટકારના કહેવા મુજબ એના ગુણો અનુભવમાં આવ્યા છે. દુઃખતા આવેલી આંખો, વાવલાં અને ફુલાંને માટે તો આ રામબાણ દવા છે. તેમજ લાંબો વખત આંજવાનું જારી રાખવાથી આવેલી આંખો, તેની ગરમી, રતાશ, વાવલાં, ફુલાં, ખીલ, તાપોડીઆં, છારી, વેલ, થતો મોતીઓ, ઝામરવા, આંખમાંથી આંસુ ટપકવું, તેજની અસહનતા, રતાંધળાપણું, ઝાંખ વિગેરેને પણ દુર કરે છે, અને આંખે તેજ લાવે છે. આંખનાં દરદો મારે

બીજી અનેક દવાઓ વપરાય છે, પરંતુ જો તેઓ સંભાળથી ન વપરાય તો તેમાંની ઘણીખરી જોખમકારક નીવડે છે. પરંતુ આ ઔષધ નિર્ભય હોવાથી આંખનું વાવલું અને કુલું મટાડવામાં સર્વોપરી પદ ભોગવે છે. વળી તેને વાપરવાની રીત ઘણી સરળ છે. દારૂડીની મોસમમાં છોડવાની ટોચ તોડતાં તેમાંથી જે પીળું દુધ નિકળી આવે છે, તે ત્રણ ઘણા ઘી સાથે મેળવી ખુબ ઘુંટી એક ડબ્બીમાં ભરી રાખવું; અને તેમાંથી દરરોજ સવાર, સાંજ થોડું થોડું કાજળની માફક આંજવું.

દારૂડી ઉત્પન્ન થવાની મોસમ સિવાયની બીજી ઋતુમાં વાપરવાને માટે એનું ક્ષીર-દુધ ભળવી રાખવું હોય તો, એક ધી ચોપડેલી થાળીમાં એનું દુધ બે ઇંચ, જેટલા દળથી ભરી ધુળ ન પડે તેમ તડકામાં મૂકી સુકાવવું. સુકાતાં જ્યારે તેનો પુડલા જેવો આકાર બને, ત્યારે છરીવડે ઉખેડી એકત્ર કરી તેની ટીકડીઓ અથવા વાટો બનાવવી; અને તે તડકે સુકવી એક ડબ્બી અગર શીશીમાં ભરી રાખવી. જે જ્યારે જોઇએ ત્યારે દુધ અગર ઘીમાં ઘસીને આંજવી.

ધંતુરો.

સં. ધ-તુર, કનક, હિં. ધતુરા મ. પાંઢરા કા. Datura alba & D. fastoosa.

વર્ણન—ધંતુરાના છોડવા ઘણું કરીને બારે માસ હોય છે,

અને તે દરેક જગ્યાએ મળી આવે છે; તેથી તેના વર્ણનની જરૂર નથી. કાળા કુલની, ધોળા કુલની વિગેરે તેની જાતો થાય છે, જે દરેક ઔષધમાં ઉપયોગી છે, તોપણ ઘણા ખરા પ્રયોગોમાં કાળી જાતને ખાસ પસંદ કરવામાં આવે છે.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—ધારા નગરીનો પ્રખ્યાત વિદ્વાન રત્ન ભોજરાજા પોતાના રાજમાર્તંડ નામે ગ્રંથમાં લખે છે કેઃ—ધંતુરાનાં ડોડવાંનો રસ એક તોલો લેઇ તેમાં દુધ, ઘી અને ગોળ એ દરેક પાંચ પાંચ તોલા મેળવી પીવાથી હડકાયા કુતરાનું ઝેર નાબુદ થાય છે.

મે. કે. એમ. નાડકર્ણી સાહેબ ઈન્ડીઅન પ્લેન્ટસ એન્ડ ડ્રગ્સ નામના ઈંગ્રેજી પુસ્તકમાં લખેછેકેઃ—હડકાયા કુતરાના ઝેર માટે આ લોક પ્રિય ઔષધિ છે, પરંતુ હડકવા થયા પછી તે નાબુદ કરવાના ઇલાજ તરીકે નહિ, પણ થતો અટકાવવાને તે વાપરવી જોઇએ. ઘણું કરીને હડકાયું કુતરું કરડયા પછી ચાલીશ દીવસ વીત્યાબાદ હડકવા ઉપડે છે. અને તેથી ત્યાર પહેલાં એટલે કુતરું કરડયા પછી પંદરથી પચીશ દિવસની અંદર તેનો ઉપયોગ કરવો જોઇએ. પંદર દિવસ બાદ એક દિવસ સવારમાં ભૂખ્યા પેટે એક મોટા ચમચો ભરીને લાકડાંના કોલસાનું ચૂર્ણ અપાય છે, અને ત્યાર બાદ અડધા કલાક પછી એક ઔંસ કાળા ધંતુરાનાં પાંદડાંનો રસ અપાય છે. પછી તરતજ ઊલટી થઇ તે રસ નિકળી ન જાય એટલા માટે તાડનો રસ અથવા ખજુરનો કાકબ કે એવીજ બીજી ચીજ પાવામાં આવે છે. અને દરદીને

બાંધી લેવામાં આવે છે. પછી દરદી તોફાન કરવા લાગે છે, અને તેને ચાર, પાંચ કલાક એટલે બપોર સુધી તડકે રાખવામાં આવે છે. ત્યાર બાદ દરદી ધીમે ધીમે ગાંડા થતો જાય છે. અને હડકાયા કુતરાની માફક કેટલાંએક ચરિત્રો કરે છે. બપોર પછી તેના માથા ઉપર ઘણા ઘડા ભરીને ઠંડુ પાણી રેડવામાં આવે છે. જેથી દરદી શુદ્ધિમાં આવતો જાય છે, અને તેથી પાણી રેડવા સામે અણગમો બતાવી તેમ કરવાની સામે ક્રોધયુક્ત વાણીથી વાંધો લે છે. એમ થાય એટલે પાણી રેડવાનું બંધ કરી દરદીને હલકો ખોરાક આપવામાં આવે છે. આ પ્રમાણે સારવાર કરવાથી દરદી હડકવાના ભયથી મુક્ત થયેલો ગણાય છે. અને ત્યાર બાદ થોડાક દિવસ સુધી તેને હલકો ખોરાક આપવામાં આવે છે.

હડકવા લાગુ પડયા પછી પણ હાલમાં એક કેશની સારવાર કરવામાં આવી હતી, જેમાં દરદીના માથામાં બ્રહ્માંડની જગ્યાએ અસ્ત્રાથી થોડું લોહી નિકળે એવો એક ચીરો પાડી, તેના ઉપર કાળાં ધંતુરાનાં પાંદડાંને ઝીણું વાટી ઘસવામાં આવ્યાં હતાં; તેમજ ઉપર કહ્યા મુજબ પેટમાં પણ રસ પાવામાં આવ્યો હતો.

એનાથી આગળ લખતાં તેઓ સાહેબ જણાવે છે કે:

The above method of treatment is one of the several modes employed by Hindu Vaidyans and it is the one adopted and recommended by a well-known popular physician of South India.

ઉપર બતાવેલી ઉપચાર પદ્ધતિ એ આર્ય વૈદ્યો એ કામે લગાડેલી કેટલીએક પદ્ધતિઓ પૈકીની એક છે. અને વળી દક્ષિણ હિન્દુસ્થાનના એક સારા પ્રખ્યાત અને લોકપ્રિય વૈદ્યરાજે પોતાની પ્રેકટીસમાં કામે લગાડી, બીજાઓના માટે ભલામણ કરાએલી છે.

નાગલી દુધેલી.

સં નાગાર્જુની, દુગ્ધિકા. હિં. દુદ્ધી. મ. ઉતરણ. ગુ. ચમાર દુધેલી, નાગલી દુધેલી. લા. Dannia extensa.

વર્ણન—નાગલી દુધેલીના વેલા બારે માસ હોય છે, તોપણ તે ચોમાસે ઘણા ઊગી નિકળે છે. એની શાખાઓ એક બીજામાં તારની માફક વીંટળાઇ રહે છે અને તે બીજાં ઝાડો ઉપર ઘણે ઊંચે સુધી ચઢી જાય છે. એનાં પાંદડાં ગોળાઈ લેતાં અને સામસામાં હોઈ તે બેથી પાંચ ઇંચ લાંબાં અને બારેક ઇંચ પહોળાં હોય છે. એને લીલાશ લેતા ધોળા રંગનાં ફુલના ઝુમખા આવે છે, અને એની શીંગો ઉપર કાંટા હોય છે. એના વેલાનો કોઇ પણ ભાગ તોડતાં તેમાંથી દુધ નિકળે છે. એ સર્વ સ્થળે થતી હોવાથી પ્રસિદ્ધ છે.

ઉપયોગ—નિઘંટકારો જણાવે છે કે:—" **धातुवृद्धिकरीहृद्या चोष्णा पारदबन्धिनी** " નાગલી દુધેલી ધાતુવૃદ્ધિ કરનારી, હૃદયને હિતકારી, ગરમ તથા પારાને બાંધનારી છે. પરંતુ એનો કેવી રીતે ઉપયોગ કરવાથી પારાનું બંધન થાય છે, તે એ ગ્રંથોમાં ન બતાવેલું હોવાથી અમે તેની શોધમાં હતા. એવામાં એક મહાત્માએ

એવો પ્રયોગ બતાવ્યો કે:—સારી રીતે શોધેલા પારાને એક પત્થરાના ખરલમાં નાંખી, પછી નાગલી દુધેલીનાં મૂળીયાંને મેંમાં ચાવી ચાવી રસ કરી તે રસ પારામાં નાંખતા જવો અને લીંબડાના લીલા લાકડાના બત્તાથી ઘુંટતા જવું. એમ સાત દિવસ ઘુંટવાથી પારો મારણ જેવો થઇ જશે. પછી તેને કપડામાં બાંધી ધંતુરાના ડોડવામાં ઘાલી તે ડોડવા ઉપર ગાયના છાણનો થર ચઢાવી, પછી એક તોલો છાણનો ભૂકો સમાય તેવડો ખાડો ખોદી તે ખાડામાં બકરીની લીંડીઓ ભરી વચ્ચે પારદવાળો ગોળો મૂકી અગ્નિ સળગાવવો. અગ્નિ શીતળ થાય ત્યારે દવા કાઢી લેઇ ધંતુરાના બીજા ડોડવામાં ભરી ફરીથી એ મુજબ અગ્નિનો પટ દેવો. દરેક વખતે એક, એક તોલો બકરીની લીંડીઓ વધારતા જવી. આવી રીતે સો પુટ આપવા. પછી તેને અનાજમાં પકવવો તે એવી રીતે કે:—દરરોજ એક શેર ચોખાની ખીચડી ઓરવી, અને જ્યારે તે ખીચડીનો ઉભરો આવી જઇ સીઝવા લાગે ત્યારે ઉપર મુજબ ધંતુરાના ફળમાં ઘાલી ઉપર છાણનો થર ચઢાવેલા પારાને તેના વચ્ચે રાખવો. મંદાગ્નિથી ખીચડી બરાબર સીઝી ઠંડી પડે ત્યારે પારાને તેમાંથી કાઢી લેવો, અને બીજા દિવસ નવી ખીચડીમાં પકાવવો. એમ ત્રણ મહિના સુધી કરવું. પછી અડાયાં છાણાની અગ્નિથી બકરાની લીંડીઓની માફક સો પુટ દેવા, જેથી પારાનું જળ શોષાઇ જઇ ગોળી તૈયાર થાય છે. એ ગોળી મહોડામાં રાખવાથી વીર્યનું સ્તંભન થાય છે.

આ પ્રયોગ અમે અનુભવ્યો નથી. પરંતુ એ મહાત્માના મુખથી સાંભળવા ઉપરાંત પાછળથી **રસપ્રકાશ સુધાકર** નામના ગ્રં-

થમાં વાંચવામાં પણ આવ્યો છે. તો જીજ્ઞાસુએ અનુભવી ખાત્રી કરવી.

વળી આ વનસ્પતિમાં એક દીવ્ય ગુણ એ જોવામાં આવ્યો છે કેઃ—એનાં પાંદડાં બે તોલાના આશરે લેઇ ઝીણા ટુકડા કરી ઘી સાથે તળીને ખાવાથી, અર્શમાંથી પડતું લોહી એકદમ બંધ થઇ જાય છે. ઘણા એક અર્શના દરદીઓ કે જેમનું લોહી બીજા કોઇ પણ ઉપાયથી અટકતું નહોતું, તેમને આ પાંદડાં પાંચ, સાત દિવસ ખવડાવવાથી હમેશના માટે લોહી પડતું બંધ થયું છે. માટે રકતાર્શથી પીડાતા દરદીઓને બીજા કોઇ પણ ઔષધનો ઉપયોગ કરતાં પહેલાં એનો અનુભવ લેવા સલાહ આપવામાં આવે છે.

ત્રિબગ ભસ્મ કરવામાં પણ કેટલાએક વૈદ્યો એના રસનો એવી રીતે ઉપયોગ કરે છે કેઃ—શોધેલું રૂપું, ત્રાંબુ અને કલાઇ સરખા ભાગે લેઈ ભેગાં ઓગાળી તેનું પતરૂં બનાવી લે છે. પછી એક શરાવલામાં નાગલી દુધેલીનો રસ ભરી તેમાં આ પતરૂં મુકી ઉપર બીજું શરાવલું ઢાંકી કપડમાટી કરી ગજપુટ અગ્નિમાં ફુંકી દે છે. આવા બે, ચાર પુટ આપવાથી ભસ્મ થાય છે. જે યોગ્ય અનુપાન સાથે ધાતુની નિર્બળતા, દમ, ખાંસી વિગેરેમાં વપરાયછે.

નાળીએરી.

સં. નારીકેલ. હિં. નારિયલ. મ. નારલ. લા. કોકો ન્યુસિફેરા.

આ ઝાડ બધે પ્રસિદ્ધ છે, પરંતુ સમુદ્ર કીનારે તેની વિશેષ ઉત્પત્તિ થાય છે.

ગુણ—નાળીએર ભારે, સ્નિગ્ધ, શીતળ, વીર્ય વર્દ્ધક, કઠીનપણાથી પચનાર, બસ્તિ શોધક, બળ કારક, પુષ્ટિકારક, કફકારક, સ્વાદિષ્ટ, ઝાડાને રોકનાર, તથા શોષ, તરસ, પિત્ત, વાતપિત્ત, રૂધિર દોષ, દાહ, અને ક્ષયનો નાશ કરનાર છે.

—નિઘંટ રત્નાકર.

વિવેચન—પ્રાચિન ગ્રંથોએ તેના એ મુજબ ગુણો વર્ણવેલા છે. પરંતુ સત્પાત્ર વિદ્વાન્ વૈદ્યોને ગુરૂ પરંપરાથી મળેલી અનુભવિક પ્રસાદી તરીકે સુવારોગને માટે તેની પોષ દીવ્ય ઔષધિ મનાય છે. સુવારોગ એ ઘણો ભયંકર અને જીવલેણ વ્યાધિ છે. સેકડે સાઠ, પાંસઠ સ્ત્રીઓને તે લાગુ પડે છે. અને તેઓની યોગ્ય સારવાર ન થવાથી તેઓમાંની ઘણી ખરી મરણ પામે છે. એ બધાં મરણો પહેલી વખતેજ થાય છે એમ નથી. પરંતુ સેંકડે વીસ, પચીસ સ્ત્રીઓ તો નકી પ્રાણ મુકત થાય છે. અને ઘણીખરીના શરીરમાં આ વખતે સુવારોગનું બીજ રોપાય છે, જે ધીમે ધીમે વધતું જઈ બીજી અથવા ત્રીજી સુવાવડ વખતે તેઓના નાશનું કારણ થઇ પડે છે. આ રોગના માટે અનેક ઔષધો છે. તોપણ દરદની આગળ વધેલી સ્થિતિમાં એક પણ ઔષધ વિશ્વાસ પાત્ર

નથી. પરંતુ આ ઔષધ અત્યંત અક્સીર છે, એવો અનુભવ આવવાથી મહારાષ્ટ્ર તથા કોંકણમાં તે ઘણું પ્રસિદ્ધ છે. અને ત્યાં તે કોકોના ઔષધને નામે ઓળખાય છે. અનુભુતૌષધિ રસાયનાદિ કરીને એક વૈદ્યક ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે. તેમાં એ ઔષધ બનાવવાનો એવો પાઠ આપેલો છે કેઃ—

નાળીએરનો કોકો એટલે પોચ કે જે નાળીએરના ઝાડમાં નાળીએર બાઝતા પહેલાં વચમાં તરવારના જેવા ફણગારૂપે ફુટે છે, અને તેમાંથી ભંડારી લોકો તાડી કાઢી લે છે; તે કુણો, જાડો અને ઊધડયા સિવાયનો લાવીને તેના ઉપરની છાલ કાઢી નાંખવી, અને તેની અંદરના દાણા કાઢીને તે પાટીયા ઉપર બારીક વાટવા અથવા ખાણીઆમાં નાંખી બારીક કુટવા. પછી જાયફળ, જાવંત્રિ, લવિંગ, મરિયાં અને સુંઠ એ દરેક બે, બે તોલા અને દોઢ તોલો કેસર એ બધાંને ખાંડી કપડે ચાળેલું ચૂર્ણ તેમાં મેળવી એક વખત ફરીથી પાટીઆ ઉપર જોરથી બરડ કરવું. સર્વે એક જીવ થાય એટલે તેની ચૌદ ગોળીઓ વાળવી. જો કોકો તાજો ન હોય તો ઔષધ ભરભરૂં થવાથી તેની ગોળીઓ બંધાતી નથી. જો એમ થાય તો તેમાં થોડું ગાયનું ઘી અથવા દુધ મેળવીને ગોળીઓ વાળવી. પરંતુ જેમ બને તેમ પોઈ તાજી લેવી એજ ઉત્તમ છે. દરરોજ સવાર, સાંજ એક, એક ગોળી ૦ા શેર ગાયના દુધમાં આપવી. અને એના ઉપર કેવળ દુધ પીનેજ રહેવું. જો એટલા દુધથી ન રહેવાય તો મીઠા મોળા થોડા એક ભાત ખાવા. એ સિવાય બીજું કંઈ પણ ખાવું નહિ. મહોંમાં રૂચિ માટે થોડું એક આદુ ખાવાને હરકત નથી. પાણ બીલકુલ પીવું નહિ, તરસ લાગે તો

દુધજ પીવું. આ ઔષધનું પથ્થ ઘણું કઠણ છે માટે ઔષધ કરનારે તથા લેનારે પૂર્ણ વિચાર કરીને તેનો ઉપયોગ કરવો. કારણ ઔષધ ચાલતું હોય તે સમયમાં ભૂલથી પણ જો દરદી પાણી પીએ તો પછી તેની જીંદગીની આશા છોડવી. રોગના બળ પ્રમાણે સાત, ચૌદ અથવા એકવીસ દિવસ સુધી એ ઔષધ આપવું. અને ઔષધ પુરૂ થયા બાદ પણ ચાર, પાંચ દિવસ સુધી પાણી પીવું નહિ તેમજ ન્હાવું પણ નહિ. કેવળ દુધજ પીવું અથવા દુધભાત ખાવો. પછી ધીમે ધીમે દુધનું પ્રમાણ ઓછું કરતા જવું અને ભાતનું પ્રમાણ વધારતા જવું, તેમજ થોડું થોડું પાણી પીવા માંડવું. ત્યારબાદ રોટલી, ભાત વિગેરે હમેશનો ખોરાક લેવો.

આ ઔષધ બનાવવાની વૈદ્યોમાં જુદી જુદી પણ કેટલી એક રીતો ચાલે છે. કેટલાએક વૈદ્યો એમાં બત્રીશ ઔષધો નાંખે છે અને કેટલાએક ચોસઠ પણ નાંખે છે. કેટલાએક એમાં બે તોલા લવિંગ, બે તોલા પીપળામૂળ, દશ તોલા સુંઠ, બે તોલા જાયફળ, બે તોલા લીંડીપીપર, અડધો તોલો કેશર, અને દોઢ તોલો મરીઆં, એક તોલો રેવંચી, દશ તોલા સાકર, એક તોલો ભારંગ મૂળ, બે તોલા તજ અને બે તોલા જાવંત્રિ નાંખે છે. જો ઝાડા વધારે થતા હોય તો રેવંચી નાંખતા નથી.

આ ઔષધ લેવાથી ભૂખ સારી લાગવા માંડે છે. અન્ન અને દુધ પચે છે. તેથી કરીને શરીરમાં રક્તવૃદ્ધિ જલદી થઇને નાડી ભરેલી ચાલે છે, મોંહોડા ઉપર તેજ અને લાલી દેખાય છે, અને દરદીને હોંશીઆરી જણાય છે. પહેલાજ અઠવાડીઆમાં આ ઔષધનો ગુણ જણાઇ આવે છે.

સારી રીતે ભૂખ લાગી ચાર, પાંચશેર દુધ પચવા લાગે, રોગનાં લક્ષણો કમી થતાં જઇને શકિત અને હોંશીઆરી વધવા લાગે એટલે નક્કી ગુણ થશે એમ સમજવું, એ ઔષધનો બરાબર ગુણ લાગવાને રોગની પૂર્વ સ્થિતિમાં આપવું જોઇએ. સુવારોગ સિવાય ક્ષય, સંગ્રહણી અને અગ્નિમાંદ્ય ઉપર પણ તે ઉપયોગી છે.

આ પ્રયોગ પહેલ વહેલો અમારા જાણવામાં આવ્યા પછી તેનો અનુભવ લેવાની ઇચ્છા થઇ. પરંતુ આ તરફ નાળાએરીનાં ઝાડ થતાં ન હોવાથી ક્યાંથી મેળવવાની પંચાત પડી. અને તેથી પનવેલનું પ્રસિદ્ધ આયોષધિ ફારખાનું કે જે પાંચ રૂપીઆની અઢાવીશ ગોળીઓના હિસાબે એ ઔષધ તૈયાર બનાવીને વેચે છે, ત્યાંથી મંગાવવામાં આવ્યું. આ પ્રસંગે મુંબાઇના નામાંકિત તબીબોની પાસે સારવાર કરાવ્યા છતાં પણ નિરાશ થયેલી સુવારોગ વાળી એક બાઇ અમારી પાસે સારવાર કરવાને આવેલી હતી. તેના ઉપર એની અજમાયશ લેવામાં આવી. અને કેવળ દુધનોજ ખોરાક આપવામાં આવ્યો. એનું પરિણામ એ આવ્યું કે:—"તમારો કેશ સુધરશે નહિ" એવો તબીબો પાસેથી અભિપ્રાય મેળવી આવેલી તે બાઇને તદન આરામ થયો.

વળી મુંબાઇના સર આદમજી **પીરભાઇની** પેઢીમાં કામ કરતો એક રહેતો કે જે સંગ્રહણીના દરદથી પીડાતો હતો, અને મુંબાઇ તથા જયપુર, ઇંદોર વિગેરેના પ્રસિદ્ધ તબીબો પાસે પોતાના દરદની સારવાર કરાવા છતાં પણ આરોગ્યતા મેળવી શકયો નહોતો. તે અમારી પાસે આવતાં તેના ઉપર આ પ્રયોગ અનુભ-

વવામાં આવ્યો, અને તેનું પરીણામ પણ ઘણું સંતોષકારક આવ્યું.

ત્યારબાદ ડોકટર સર ભાલચંદ્ર કૃષ્ણા ભાટવડેકરકૃત અબળા સંજીવન નામના પુસ્તકમાં આ પ્રયોગ ફરીથી વાંચવામાં આવ્યો. તેથી એના માટે વિશેષ શ્રદ્ધા ઉત્પન્ન થતાં ડોકણુમાંથી કોકો મંગાવીને એ ઔષધ અત્રે બનાવવામાં આવ્યું. અને સુવારોગ, સંગ્રહણી, મુંબાઈનું પાણી લાગવું, અજીર્ણ, અગ્નિમાંદ્ય, જન્મ્યા પછી ઉત્પન્ન થતું શૂળ, ધાતુક્ષય વિગેરે દરદોથી પીડાતા બીજા આશરે સો દરદીઓ ઉપર તેની અજમાયશ લેતાં કદી પણ નિષ્ફળ થયું નથી.

આ ઔષધ ચાલતું હોય ત્યારે ભાત પણ નહિ આપતાં કેવળ દુધનોજ આહાર ચાલુ રાખવામાં આવેતો વિશેષ ફાયદો થાય છે. માટે કેવળ દુધ ઉપર રહેનારા દરદીઓએ નીચેના નિયમો ધ્યાનમાં રાખવા.

૧—આ પ્રયોગ ચાલતો હોય તે દિવસોમાં બની શકે તો વિશ્રાંન્તિ રાખવી.

૨. બની શકે તો બે, ત્રણ ઉપવાસ કર્યા બાદ આ પ્રયોગ શરૂ કરવો.

૩. દુધની સાથે બીજો કોઈપણ જાતનો ખોરાક લેવો નહિ.

૪. પાણી બીલકુલ પીવું નહિ. તેમજ ન્હાવું પણ નહિ. કેમકે પાણીના સ્પર્શથી ઝાડો, પીડ, વિગેરે ઉપદ્રવ થાય છે.

૫ પ્રથમ દિવસે ત્રણશેર દુધથી આ પ્રયોગ શરૂ કરવો.

અડધા કલાકે અડધો શેર દુધ લેઈ તેને એકદમ ગટગટાવી નહિ જતાં, ચમચાવડે થોડું મહોંમાં રેડી ખોરાક ચાવતા હોઇએ તેમ સારી પેઠે મહોમાં ફેરવીને ઊતારવું; અને ત્યારબાદ બીજો ચમચો રેડવું, એમ થોડે થોડે પીવું. સવારના આઠ વાગતાં શરૂ કરવામાં આવ્યું હોય તો અગીઆર વાગતા સુધીમાં એ હિસાબે ત્રણ શેર દુધ સહેલાઇથી પી શકાય છે. ત્યાર બાદ દુધ પીવાનું કાર્ય બધ કરવું. અને સાંજે તાજુ દુધ આવે ત્યારે છ વાગ્યાથી શરૂ કરી આ રીતે એકાદ, બે શેર દુધ પીવું.

૬. દુધ હમેંશાં ટાઢું જ પીવું. કદાચ જરૂર પડે તો સહેજ સાજ ગરમ કરવું. પરંતુ મીઠાશ વધારવાને તેમાં સાકર અગર એવી બીજી કંઈપણ ચીજ નાંખવી નહિ.

૭. દરરોજ બની શકે તો દુધનું પ્રમાણ એકે, એક શેર વધારતા જવું. જો હોજરીને માફક આવે તો કોઇ કોઈ હરદી દરરોજનું બાા મણ દુધ પણ લેઇ શકે છે. પરંતુ ઘણાખરા દરદીઓની સરાસરી આઠથી પંદર શેર સુધીનીજ હોય છે.

૮. વધારે પ્રમાણમાં દુધ પીનારે સવારના છ વાગ્યાથી શરૂ કરી બાર વાગ્યા સુધીમાં દર અડધા કલાકે બાા થી બાા શેરજેટલું દુધ પીવું. અને સાંજે પણ પાંચ વાગ્યાથી શરૂ કરી આઠ વાગતા સુધીમાં એ મુજબ પીવું. પરંતુ કેક મોડીરાત્રે પીવું નહિ.

૯. ઔષધનું સેવન જોકે ચૌદ અથવા એકવીશ દિવસ કરવાનું હોય, તોપણ જો બની શકે તો ત્યાર પછી પણ એકદમ બો-

રાક નહિ લેતાં એકાદ પખવાડીયું, મહીનો અગર બે મહીના કેવળ દુધનાજ અહાર ઉપર રહેવું એ વિશેષ ફાયદા કારક છે. કારણ એમ વર્ત્તવાથી શરીર અત્યંત પુષ્ટ બને છે.

૧૦. દુધ પીવાથી તે ન પચે અગર કંઇ બીજો ઉપદ્રવ કરતું જણાય તો તેથી ગભરાવું નહિ. કારણ કુદરતનો એવો નિયમ છે કે જ્યારે કોઈ નવિન પદાર્થ શરીરમાં દાખલ કરવા માંગીએ ત્યારે તે પ્રકૃતિને એકદમ માફક નહિ આવવાથી કંઇક ઉપદ્રવ થાય છેજ. પરંતુ કેટલાએક દિવસનો અભ્યાસ પડવાથી પ્રથમ જે પદાર્થ દુઃખરૂપ જણાતો હોય તે સુખરૂપ થઇ જાય છે. હમેંશનો ચાલતો ખોરાક એકદમ બંધ કરી દુધ ઉપર રહેવા કરતાં, પ્રથમ થોડાએક દિવસ દુધ અને ભાત ઉપર રહી, પછી ધીમેધીમે ભાતનું પ્રમાણ ઓછું કરતા જઇ કેવળ દુધ ઉપર રહેવામાં આવે તો ઘણા ભાગે કોઇ પણ જાતનો ઉપદ્રવ થતોજ નથી.

૧૧. જેમને દુધ પેટમાં વાયુ કરતું માલમ પડે, તેમણે થોડાક દહાડા સુધી દરરોજ સવારમાં દુધ રૂડુ કરતા પહેલાં દાડીમ અથવા નારંગીનો રસ પીવો. કારણ જ્યારે જઠરમાંથી અમ્લ-ખાટો રસ ઓછો થયેલો હોય છે, ત્યારેજ દુધ વાયુ અગર ગડગડાટ કરતું જણાય છે. અને તેથી દાડીમ અગર નારંગીના ઉપયોગથી ખટાશની ખોટ પુરી પડે છે.

૧૨. દુધ પીનારને કેટલીએક વખત પેટ તડાતુંમ થયેલું જણાય છે, પરંતુ તેથી ગભરાવુ નહિ. કારણ દુધમાંનો પાણીનો ભાગ જેમ જેમ શોષાતો જશે તેમ તેમ આ ચિન્હો નાબુદ થશે.

૧૩. કેટલાએક દરદીઓને દુધ પીવાથી શરૂઆતમાં અંધ કોશનાં ચિન્હો જણાય છે, જે દુધનું પ્રમાણ વધારવાથી અથવા દુધની સાથે પ્રસંગે પ્રસંગે ચણનાં બી ગળવાથી ટળે છે. આ બીયાં સાબા દિવસનાં થયને એક મોટો ચમચો ભરાય તેનાથી પણ વધારે ગળવાં. તેથી પણ અંધકોશ ન ટળે અને જુલાબ લેવાની જરૂર જણાય તો રૂશાર્ખની છાલનું ચૂર્ણ અથવા એક ભાગ સોના મુખી અને બે ભાગ જેડીમધને સાથે મેળવીને કરેલું ચૂર્ણ રાત્રે સુતી વખતે ૧ા તોલા જેટલું લેવું. પરંતુ જેમ બને તેમ આ ન વાપરતાં કુદરતી રીતેજ અંધ કોશ ટળે તેમ સારૂં.

૧૪. ઉપરાછાપરી ત્રણ, ચાર પવાલાં દુધ કદીપણ ગટમટાવી જવું નહિ, કારણ દુધ એ કેવળ જળ જેવો પદાર્થ નથી; પરંતુ તેમાં પૌષ્ટિક ખોરાક રહેલો છે, જે જઠરમાં જઈ દહીંની માફક ઘટ્ટ થાય છે. માટે એકદમ ઘણું દુધ પીવાથી જઠરમાં તેનો ગઠ્ઠો બાઝી જઈ પચવામાં વિલંબ લાગે છે. વળી દુધને ઘણું ઊકાળવાથી તેમાંનાં કેટલાંએક પૌષ્ટિક તત્વોનો નાશ થાય છે. તેમજ ઘાડું થવાથી સહેલાઈથી પચી શકતું નથી.

અમારા દીર્ઘકાળના અનુભવના અંતે લખાએલા આ નિયમો પ્રમાણે જે વર્તે છે તેઓને અવશ્ય ફાયદો થાય છે. જઠર, નાનાં આંતરડાં અને આખું પચનેંદ્રિય બળવાન થાય છે, અને તેથી અનેક દરદો મટી જાય છે. માત્ર હાર્ટડીઝીઝમાં આ પ્રયોગ ફાયદો કરે છે કે કેમ તે અનુભવ્યું નથી.

નોરવેલ.

સં. નાકુલી, અહિમર્દની. વિષમર્દની. હિં. નાઇ. મ. મુંગુસ-વેલ, સાપસન. ક. વિષમુંગરી. ફા. ઝેટાર્યાંદા. ગુ. નોરવેલ, નોળીયાવેલ. લા. Raundalfia serpentina.

વર્ણન—એના વેલા મૂળની માફક પાતળી છાલવાળા અને ઊભી નસોવાળા થાય છે, અને તેને આડા કાપી જોવાથી તેમાં સછિદ્ર ચક્ર દેખાય છે. એનાં પાંદડાં નાગરવેલનાં પાંદડાને મળતાં હોય છે. ફોંદણમાં મુંબાઈની આસપાસ તથા કાઠીયાવાડમાં મહુવા બંદરની વાડીઓમાં તેમજ ગીરનાર વિગેરે સ્થળે તે ચોમાસામાં યથાયોગ્ય ઉગી નિકળે છે. પરંતુ વેલા ઝીણા હોવાથી કારતકમાં સૂકાઇ જાય છે. તથાપિ એનાં ફળ બાર માસ સુધી ન બગડતાં લીલાંછમ રહે છે. એની બે જાત થાય છે. એક સાદી અને બીજી સુગંધવાળી હોય છે. સાદી કરતાં સુગંધવાળીમાં કંઇક વિશેષ ગુણો રહેલા છે. એનાં મૂળાયાં નીચે કંદ હોય છે.

ગુણ—નોરવેલ તીખી, કડવી, ગરમ, કૃમિ રોગને હણનારી, વીંછી, ઉંદર, સાપ વિગેરેના ઝેરને તત્કાળ દુર કરનારી તથા ત્રિદોષને ટાળનારી છે. એના કંદમાં પણ એવાજ ગુણો રહેલા છે.

—ગણનિઘંટુ.

ઉપયોગ—લગભગ દશેક વર્ષ ઉપર ગોરખ પંથના એક નાથે સાપ તેમજ વીંછીના ઝેરના રામબાણ ઉપાય તરીકે એક મૂળીયું અમને આપ્યું હતું. અને જેને સાપ કરડયો હોય તેને

એ મૂળાયું આશરે ના તોલો લેઇ પાણીમાં ઘસી પાવા, અને વીં-છીના ડંખ માટે એ મૂળાયું તથા સિંધાલુણ અથવા ખાવાના મી-ઠાની કાંકરી એ બે સરખા ભાગે લેઇ પાણીમાં ઘસી ચોપડવા કહેલું હતું. એના ઉપયોગથી ઘણાં મનુષ્યોના જાન બચતા હતા. ત્યારબાદ આજથી પાંચેક વર્ષ ઉપર રામેશ્વર તરફ યાત્રાએ જતાં માર્ગમાં એક નેપાળી વૈદ્યરાજનો સમાગમ થયો. જેમની સાથે જડીબુટ્ટીઓ સંબંધિ વાતચિત કરતાં ક્રોકણમાં પરશુરામ ક્ષેત્ર નજીક તેમણે એક વનસ્પતિની ઓળખાણ કરતાં જણાવ્યું કેઃ—આ વેલાનું કોઈપણ અંગ એટલે પાંદડાં, મૂળ, ફળ, વેલો અથવા કંદ તેમાંથી કંઈપણ વાટીને પાણી સાથે પાવાથી ઝાડો, ઉલટી કે એવોજ બીજો કંઈ પણ ઉપદ્રવ ન થતાં સાપ, વીંછી તેમજ અ-ફીણનું ઝેર તરતજ દુર થઇ જાય છે. તેઓ મહાશયે તેનું પો-તાની ભાષામાં નામ પણ જણાવ્યું, પરંતુ તે સમજવામાં ન આવ્યાથી અમે તેનું સંસ્કૃત નામ પૂછ્યું. પરંતુ તેની તેમને ખબર નહોતી, જેથી એ વેલાનાં મૂળ તથા બધો પંચાંગ સાથે લેવામાં આવ્યો. પછી ટ્રેનમાં ચાલતાં એક વૃદ્ધ સંન્યાસી મળ્યા. જેમને એ વેલો બતાવતાં તેમણે એનું હીંદી, મરાઠી તેમજ બંગાલી નામ અને ઉપયોગ જણાવ્યો, જે ઉપરથી એ નોરવેલ છે એની ખાત્રી થઈ. ત્યારબાદ ઘેર આવ્યા પછી પેલા નાથબાવાએ આપેલા મૂ-ળીયા સાથે તે મૂળ સરખાવી જોતાં બન્ને એકજ માલમ પડયાં. જેથી નવા આવતા કેશોમાં આ નવિન મૂળનો ઉપયોગ શરૂ કરતાં પ્રથમની માફકજ સંતોષકારક પરીણામ આવવા માંડયું.

સાપ, વીંછી અને અફીણ સિવાય બીજી કોઇ જાતના ઝેર

ઉપર તેની અસર છે કે કેમ ? એ જાણવાની ઉત્કંઠા થતાં નિષ્ણાતોમાંથી મળી આવ્યું કે—ઉંદર અને લુતા (એક જાતના કાળા કીડા કે જે કાળા કાંબળાના નામથી ઓળખાય છે) ના વિષને પણ તે દુર કરે છે. જે ઉપરથી તેમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવતાં સંતોષકારક પરીણામ આવ્યું છે.

કોઈપણ મનુષ્યને સાપ અગર અરીણનું ઝેર ચડયું હોય તો એનાં મૂળ, ફળ અથવા કંદ આશરે ૧૫ તોલો લેઇ પાણી સાથે વાટી પાવાથી તે પાણી પેટમાં જતાની સાથેજ ઝાડો, ઉલટી અગર કંઈપણ ઉપદ્રવ ન થતાં ઝેર નાબુદ થાય છે. જો દરદી બેશુદ્ધ હોવાથી ઔષધ પી શકે તેમ ન હોય તો નોળવેલને પાણી સાથે ખૂબ લસી નીચોવી કાઢેલા રસને દરદીનાં ગલેફાંમાં આંગળી વડે ઘસવો, જેથી ધીમે ધીમે તેની અસર ગળામાં થઇ પેટમાં જવાથી ૧૫ થી અડધા કલાકમાં તે સાવધ થવા લાગશે; એટલે રસ પાઇ દેવો.

ઊંદર, લુતા, વીંછી વિગેરેના ડંખ ઉપર એનાં મૂળ પાણીમાં ઘસીને પાવાં તેમજ ડંખ ઉપર ચોપડવાં. વળી જે વણમાં કીડા પડયા હોય તેમાં એને પાણીમાં ઘસી લગાડવાથી જંતુઓનો નાશ થઇ જલદી રૂઝ આવે છે.

એના આવા ગુણોની ખાત્રી હીંદની વનસ્પતિઓનાં ગુણદોષો સમજી શોધ કરનારા લાંબના યુરોપીયન ડૉકટરોને પણ થઇ છે. અને તેથી રેવરંડ નેર્ન પોતાના પુસ્તકમાં લખે છે કે:—

This is one of the plants said to be an

antidote to the cobra's bite, sought out and used by the Mangoose.

સાપનું ઝેર ઊતારવાના મહોરા તરીકે પંકાતી જડીબુટ્ટીઓ પૈકીની આ પણ એક છે, અને સાપ સાથે લડતાં ઝેરથી બચવાને નોળીયો તેને ઉપયોગમાં લે છે; અર્થાત્ જ્યારે જ્યારે સાપ ડંખ મારે છે, ત્યારે ત્યારે નોળીઓ તેને નજીકની વાડોમાંથી સુંઘી આવે છે, અને એમ સુંઘવા માત્રથીજ તેને ઝેરની અસર થતી નથી.

પીંપળો.

સં. અશ્વત્થ, પિપ્પલ. હિં. પીપલ. મ. પિંપલ. લા. Ficus religiosa.

વર્ણન—એનાં ઝાડ હિન્દુ ધર્મ શાસ્ત્ર પ્રમાણે પવિત્ર મનાતાં હોવાથી દરેક સ્થળે પ્રસિદ્ધ છે.

ગુણદોષ અને ઉપયોગ—પીંપળાના ઝાડમાં પ્રાણવાયુને શુદ્ધ કરવાનો દીવ્ય ગુણ હોવાથી ક્ષય, દમ, મેલેરીયા, વાતરકત, મરકી વિગેરે ઘણાં એક પ્રાણઘાતક દરદો ઉપર એનો ઉપયોગ થઇ શકે છે. જે વિષે વિશેષ વિવેચન આ પુસ્તકના બીજા ભાગોમાં કરવામાં આવશે, પરંતુ આ સ્થળે માત્ર તેનો એકજ પ્રયોગ કે જે હીસ્ટીરીયા ઊપર અકસીર અનુભવવામાં આવ્યો છે, તે જણાવીએ છીએ.

પીંપળાના ઝાડની તાજી કુંમળી વડવાઇ તોલા બે, જાવંત્રિ

તોલો એક, અને કસ્તુરી એઆનીભાર લેઇ, પ્રથમ વડરાધના ટુકડા કરી બારીક ખાંડી, તેમાં જાવંત્રિ મેળવી ખરલ કરી પછી કસ્તુરી મેળવી સારી પેઠે ઘુંટી; તેની મગના દાણા જેવડી ગોળીઓ વાળવી. એ ગોળીઓમાંથી દિવસમાં ત્રણ વખત દર ટાઇમે એક, એક ગોળી ઠંડા પાણી સાથે દરદીને ગળાવવી. અને ગોળી ખાધા પછી અડધા કલાકે શેરડું દુધ પાવું, અથવા દુધમાં ચોખાની કાંજી કરીને પાવી. એ પ્રમાણે પ્રયોગ ચાલુ રાખવાથી ચાર, પાંચ દિવસમાંજ આરામ થતો નજરે આવે છે. અને વધારે દિવસ એ પ્રયોગ ચાલુ રાખવાથી હીસ્ટીરીયાનું હઠીલું દરદ નાબુદ થાય છે.

પુત્ર જીવક.

સં. પુત્ર જીવક હિં જીયાપોતા મ. પુત્રજીવક બં. પુતજીયા ક. પુત્રજીવ. તે. કુંવરજીવી. લા. Putrajiva Roxburghii ગુ. પુત્રજીવક, પાતરજીયો.

વર્ણન—પુત્ર જીવકનાં વૃક્ષ આંબા, આંબલીનાં ઝાડ જેવડાં મોટાં થતાં હોય, ઇંગોળીના ઝાડના આકારનાં તેને પાંદડાં, ફળ વિગેરે થાય છે. મુંબાઇમાં રાણીના બાગમાં તેમજ પુનામાં પેશ્વાના વાડામાં એનાં ઝાડો થાય છે. તેમજ કેટલાંએક જંગલોમાં પણ દૃષ્ટિએ પડે છે.

ઉપયોગ—સ્વર્ગનો અંજનો, સ્વર્ગની સીડી, સ્વર્ગની કુંચી વિગેરે ગ્રંથોદ્વારા પ્રસિદ્ધ થયેલા વૈદ્યરાજ અમૃતલાલ સુંદરજી પઢી-

સાર સને ૧૯૧૦ ના માર્ચ માસના વૈદ્યકલ્પતરૂમાં લખે છે કેઃ— આ વનસ્પતિનાં લગભગ બધી ભાષાઓમાં પુત્ર જીવક એટલે પુત્રને જીવાડનાર એવો અર્થ સૂચવનાર નામો છે. માટે તેમાં પુત્રને જીવાડવાની, ઉત્પન્ન કરવાની તેમજ ટકાવવાની શક્તિ છે એમાં કંઈ શક નથી. પરંતુ તેનો ઉપયોગ કેવી રીતે કરવો એ હકીકત પુરતી રીતે કોઇ પણ પુસ્તક દ્વારા સમજાતી નથી. માત્ર જુનાગઢવાળા વૈદ્યરાજ રઘુનાથ ઈંદ્રજીના નિઘંટમાંથી મળી આવે છે કે બનારસ તરફના લોકો એના ઠળીયાની માળા બનાવી જેને પ્રજા ન થતી હોય અગર ન જીવતી હોય તેને પહેરવા આપે છે આ ખુલાસો પૂરતો નથી. કદાચ એની માળા પહેરવાથી છોકરાં મરતાં અટતાં હોય, તો પણ એ વાત મને અપૂર્ણ લાગે છે. માટે એનો બીજી કોઇ વધારે સારી રીતે ઉપયોગ થતો જોઇએ. એથી તેનો ઉપયોગ કેમ કરવો ? તથા ઉપયોગ કરવાથી શું ફાયદો થાય છે, તે જો કોઇ જણાવશે તો મોટો ઉપકાર થશે. કારણ હાલના વખતમાં કસુવાવડ બહુ થાય છે, તેમજ નાની ઉમરમાં બાળકો બહુ મરી જાય છે. વળી ઘણી સ્ત્રીઓને સંતાન પણ થતાં નથી. માટે આ ઔષધિનો સાચો શોધ થવાની જરૂર છે.

અમે પણ નિઘંટોમાં તેના પુત્રજીવક, સુતજીવક, અપત્યજીવક એટલે સંતાનોને જીવાડનાર, ગર્ભદઃ એટલે ગર્ભને રાખનાર વિગેરે નામો વાંચેલાં. પરંતુ તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજણ પડતી નહોતી. એવામાં સિદ્ધ નિત્યનાથ રચિત રસરત્નાકર ગ્રંથમાં વાંચવામાં આવ્યું કેઃ—

पुत्रंजीवकबीजंपीत्वापयसास्यपत्रमूलंवा ॥

योषिज्जीवद्वत्साजनयतिदीर्घायुषंपुत्रम् ॥

પુત્ર જીવતાં બીજ, પાંદડાં અથવા મૂળને દુધ સાથે પીવાથી જે સ્ત્રીને છોકરાં મરી જતાં હોય તે જીવદ્વત્સા–જીવતાં છોકરાંવાળી થઇને દીર્ઘ આયુષ્ય વાળા પુત્રને જન્મ આપે છે.

આ ઉપરથી તેનો ઉપયોગ કરી અનુભવ લેવાને ઉત્કંઠા ઉત્પન્ન થઈ. એવામાં મથુરાં, કાશી, જગન્નાથ, રામેશ્વર વિગેરે તરફ યાત્રાએ જવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં, કાશી તરફથી એનાં બીજ મેળવવામાં આવ્યાં તેમજ મુંબાઇના વિક્ટોરીયા ગાર્ડનમાં એનું ઝાડ નજરે જોવામાં આવ્યું. ત્યાર બાદ થોડોક સમય વ્યતીત થતાં અત્રે રણાસણ તરફ એક દરદીની દવા કરવા જવાનું થતાં, ત્યાંથી નજદીક આવેલા ચોમુખ મહાદેવનાં દર્શન કરવા જતાં, જંગલમાં કંઇ નવાં ઝાડ જોવામાં આવતાં સાથે આવેલા ભોમીયાને એનું નામ પૂછવામાં આવ્યું અને અહીંના લોકો પાતર જીભા અથવા પત્ર જીભાના નામથી એને ઓળખે છે એમ તેણે જણાવ્યું. એ ઉપરથી અમને વિક્ટોરીયા ગાર્ડનમાં જોયેલા પુત્રજીવાના ઝાડનું ભાન થવાથી તરતજ તેનાં મૂળીયાં કઢાવી લીધાં.

જે દરદીની ચિકિત્સા કરવા અમે ગયા હતા, તે એક બાઈ હોઇ તેને ગર્ભપાતનું દરદ હતું. અને કદાચ કોઇ બાળક પુરા માસે જન્મે તો થોડાજ દિવસોમાં મરી જતું હતું. કારણ તેનું ધાવણ બિલકુલ પાણી જેવું હોઈ અત્યંત દુર્ગંધ મારતું હોવાથી કોઇ બાળક તેને મુદ્દલ ધાવતુંજ નહોતું. અને કદાચ કોઇ બાળક ભુલથી ધાવવા જાય, પરંતુ દરેક બાળકને જન્મતાની સાથેજ થુલીયાનું દરદ લાગુ પડતું હોવાથી તેનાથી ધાવી પણ શકાતું નહોતું. વળી આ બાઇને

પ્રહરનું દરદ અત્યંત જોરમાં હતું. યોનિદાહ તો હમેશાં શરૂજ રહેતો. અને પ્રસંગોપાત્ રતવા પણ દેખાવ દેતો હતો.

આ નવિન ઔષધ અજમાવવાની લાલસાને લીધે સાથે આ-વેલું બીજું કોઇ પણ ઔષધ તેને નહિ આપતાં આ મૂળાજ આપવામાં આવ્યાં. અને દરરોજ સવાર, સાંઝ તેમાંથી એક તોલા જેટલું મૂળ દુધમાં ઘસીને પીવાને કહ્યું. ખાટો, ખારો, તીખો ખોરાક બંધ કરવામાં આવ્યો, અને દરદીની શ્રદ્ધા બેસવા માટે બીજા ઔષધ તરીકે ફક્ત ટંકણખારનાં પડીકાં આપવામાં આવ્યાં. આ પ્રયોગ શરૂ કર્યા પછી ધીમે ધીમે તેનું દરદ ઘટવા લાગ્યું. બે, ત્રણ માસમાં ગર્ભ રહ્યો, અને સાર બાદ પ્રસવ થતા સુધી આ પ્રયોગ ચલાવવાથી તેને ઘણોજ સુદઢ પુત્ર અવતર્યો. ધાવણ પણ બરાબર સુધરી ગયું, અને ત્યાર પછી આજ સુધીમાં તેને બીજાં પાંચ સંતાન થયાં છે, જે દરેક સારી તનદુરસ્તી ભોગવે છે.

ત્યાર પછી વળી એજ રત્નાકર ગ્રંથના વિષાધિકારમાં વાંચવામાં આવ્યું કે:—

पुत्रजीवंफलंमज्जांशीततोयेनपेषयेत् ॥
भोजनेचांजनैपाने लेपःसर्वविषापहः ॥
स्थावरंजंगमंकृत्रिमंयोगजंतथा ॥
निष्कमात्रान्नसंदेहःकालदष्टोहिजीवति ॥

પુત્રજીવાનાં ફળોની મીંજ ચારમાસા જેટલી લેઇ ઠંડા પા-ણીમાં વાટી પીવાથી, આંજવાથી તેમજ લેપ કરવાથી સ્થાવર,

જંગમ, ક્રુર, અનાવટી, તેનેજ નાના પ્રકારના સંયોગોવડે ઉત્પન્ન કરેલાં ઝેરોનો નાશ થાય છે. અને સાક્ષાત્ કાળ સ્વરૂપી નાગે ડંખ માર્યો હોય તો પણ દરદી જીવે છે.

વળી રસરત્નસમુચ્ચયમાં અવલોકવામાં આવ્યું કે:—

પુત્રજીવસ્યમજ્જાંતુજલૈઃપિષ્ટ્વાપછેપનાત્ ॥
કાલસ્ફોટંવિષસ્ફોટંસદ્યોહન્યાત્સવેદનમ્ ॥
ગ્રંથ્યાદિનિખિલાન્રોગાન્સર્વરોગાશ્રયાન્હરેત્ ॥

અપિચ.

કક્ષાગ્રંથિંગલગ્રંથિંકટિગ્રંથિંચનાશયેત્ ॥
અન્યંચસ્ફોટકંતીવ્રંપુત્રજીવોવિનાશયેત્ ॥
ગુંજાપત્રંશિલાંયષ્ટીંગવાંક્ષીરેણપાયયેત્ ॥
તલસ્ફોટંનિહંત્યાશુમજ્જાવાપુત્રજીવજા ॥

પુત્ર જીવાનાં ફળોનો ગર્ભ પાણી સાથે વાટીને ચોપડવાથી મરણ ઉપજાવનારી દાહયુક્ત ગાંઠ, ઝેરી મરકી જેવી ગાંઠ તથા બીજી ગમે તે દોષના લીધે ઉત્પન્ન થયેલી ગાંઠપણ મટે છે.

કાખની ગાંઠ, ગળાની ગાંઠ, સાથળના મૂળની ગાંઠ અને બીજી તીવ્ર પીડાવાળી ગાંઠોને પણ શમાવે છે.

ચણોઠીનાં પાંદડાં, મનશીલ, જેઠીમધ એ બધાં સરખાં ભાગે લેઇ ગાયના દુધ સાથે પાવાથી, અથવા ફક્ત પુત્ર જીવકનાં ફળોની મીંજનો ગર્ભ ગાયના દુધ સાથે પાવાથી મરકી જેવી મરણ ઉપ-

જાવનારી ગાંઠ પણ મટી જાય છે.

આ બધા ઉપરથી અમને વિચાર ઉત્પન્ન થયો કે આ ઔષધની જ્યારે ઝેર ઉપર ખાસ અસર છે, ત્યારે રતવા, ઉપદંશની ગરમી, પ્રમેહ વિગેરે દરદો કે જે એક પ્રકારના ઝેરના લીધેજ ઉત્પન્ન થાય છે; તેઓના માટે આ ઔષધનો ઉપયોગ થઈ શકે કે કેમ? અને તેથી તેવા દરદથી પીડાતી સ્ત્રીઓ માટે પણ એનો ઉપયોગ કરી જોતાં સંતોષકારક પરીણામ આવ્યું છે.

ફસુવાવડ, ગરમી, રતવા, પરમીયો, કંઠમાળ, પ્રદર, વિસ્ફોટક વિગેરે દરદોથી વાંઝીયાપણું ભોગવતી લગભગ પચીશેક સ્ત્રીઓ માટે એનો ઉપયોગ કરવામાં આવતાં સુમારે વીશેક સ્ત્રીઓ માટે સંતોષકારક પરીણામ આવ્યું છે. તેમજ વિષ ચિકિત્સામાં પણ કેટલોએક અનુભવ પ્રાપ્ત થયો છે. તોપણ હજુ વિશેષ અનુભવ લેવાય છે. જેનું પરીણામ ઇશ્વરેચ્છા હશે તો બીજા પ્રસંગે પ્રગટ કરવામાં આવશે.

ફાંગ.

સં. ફંજી, અપશબ્દતા, હિં. ફંજી મ. ફાંજી લા. Riveai hypocrater forms.

વર્ણન—એના વેલા ઘણા મુજબુત અને લાંબા હોય છે, અને તેને ઓથ મલે તો તે ઘણે ભાગે વાડ કે ઝાડ ઉપર ચઢી જાય છે. તેની ડાંડી અને શાખાઓ ફીકા લીલા કે જાંબુડા રંગની હોય છે,

અને તે આડી અવળી મરડાયેલી હોય છે. પાંન પહોળાં અને ગોળાઇ લેતાં તથા ફુલ મોટાં, ધોળાં, લાંબી નળીવાળાં અને માધવીનાં ફુલો જેવી મધુરી સુગંધવાળાં હોય છે. તે ઉનાળે અને ચોમાસે રાતે ઉઘડે છે. અને ફળો તપખીરીઆ રંગનાં હોઇ શિયાળે પાકે છે. પાંદડાં બેથી ચાર ઈંચ લાંબાં અને ત્રણથી ૬ ઈંચ પહોળાં હોય છે.

ઉપયોગ—એનાં મૂળીયાં તથા ડાંડીઓ પાણી સાથે ઘસીને વીંછીના ડંખ ઉપર ચોપડાય છે એટલુંજ નહિ, પરંતુ એના મૂળને થોડીએક વાર હાથમાં ધારણ કરી રાખવાથી પણ વીંછીનું ઝેર ઉતરી જાય છે. અને તેથી વીંછીના ઝેરના દેવી ઇલાજ તરીકે આજકાલ કેટલાએક શહેરોમાં એના મૂળના ટુકડા ચાર, ચાર છ, છ આનાની કિંમતે વેચાય પણ છે. જેને લોકો અન્યદીવ્ય ઔષધ માની મોહમાં પડે છે. પરંતુ તે આ વનસ્પતિનાં મૂળીઆંજ છે. અને તેના વેચનારા મનાવે છે તેટલો બધો એમાં ગુણ નથી, પરંતું અમુક સમય સુધીજ તે ફાયદો કરે છે.

બકરી.

સ. છાગ, અજા હિ. બકરી ઇં. she goat.

વર્ણન—આ પ્રાણી પાળવામાં આવતું હોવાથી સર્વ સ્થળે પ્રસિદ્ધ છે.

ઉપયોગ—એના કલેજામાં લીંડીપીંપર પકવીને તેનું ચાંપમાં

અંજન કરવાથી રતાંધળાનું દરદ દુર થાય છે. છપ્પનના દુષ્કાળમાં હજારો મનુષ્યો એ દરદથી પીડાતાં હતાં, સારે આ ઉપાય કરવાથી દરેક મનુષ્યને આરામ થયો હતો. અમદાવાદ જીલ્લાના આબકારી ખાતાના એક ઇન્સ્પેકટર સાહેબ કે જેઓનું નામ અત્યારે અમને યાદ નથી. પરંતુ તેઓ પારસી સદ્‌ગૃહસ્થ હોઈ વિદ્યાનુ રાગી હોવાથી અમારા જડીબુટ્ટી સબંધિ પુસ્તકની પ્રથમ આવૃતિનો ગ્રાહક હતા, તેઓ સાથે થયેલા સમાગમ સમયની વાતચિતમાં તેઓ સાહેબે જણાવ્યું હતું કે:—આ ઇલાજ મે મુંબાઇ ઇલાકાના ચીફ મેડીકલ ઓફીસર સાહેબને લખી જણાવ્યો હતો. તેના જવાબમાં તે નામદારે અભિપ્રાય લખી મોકલાવ્યો છે કે: દેશી વૈદકના અસભ્ય પ્રયોગોનો મેં અનુભવ લીધો છે. પરંતુ આના જેવું સોએ સો ટકા સંતોષકારક પરીણામ આપનારૂં બીજું કોઇ ઔષધ મારા અનુભવમાં આવ્યું નથી.

આ દીવ્ય ઔષધની બનાવટ અને ઉપયોગ નીચે મુજબ છે. ૧ તોલો લીંડી પીંપર અથવા કાળાં મરીને કોકપણુ ચેપી દરદ સિવાય તરતની મરેલી બકરીના કલેજામાં ભરી બિલકુલ મંદાગ્નિ એટલે ભરસાડમાં એવી રીતે પકવી લેવી કે જેથી તે કલેજામાંનું પિત્ત પીંપર શોષી જાય, અગ્નિ એવો સખ્ત ન હોવો જોઇએ કે જેથી કલેજુ બળી જાય. પછી તે પીંપરને વાટી આંખોમાં અંજન કરવું. જેથી બે, ચાર દિવસમાંજ એ દરદ નાબુદ થાય છે.

માલકાંકણી.

સં. જ્યોતિષ્મતી, કંગુની, મ. માલ કાંગોણી. હી. માલકં-ગની, બં લતાફટકી, ફા. કાલ, લા. સ્ત્રિલેસ્ટ્રસ્ પેનિકુલેટા.

વર્ણન–માલકાંકણીના વેલા થાય છે, અને કાંટાવાળાં ઝાડવાં તથા વાડોની નજીક ઊગી તે ઘણા લાંબા વધી બીજાં ઊંચાં ઝાડો ઉપર ચઢી જાય છે. પાંદડાં છેટે છેટે આવેલાં હોય તે બેથી પાંચ ઇંચ લાંબાં અને એકથી ત્રણ ઇંચ પહોળાં હોય, આકારમાં લંબ-ગોળ અગર તળાએથી સાંકડાં અને મથાળેથી પહોળાં, કે મથાળે સાંકડાં અને તળાએ પહોળાં એમ તરેહવાર હોય છે. પાંદડાં દેખા-વમાં જરા નરમ હોય તેને ચોળતાં તેમાંથી જરા તીખી વાસ આવે છે, અને સ્વાદ દાહક હોય છે. શાખાઓને છેડે કુલની લાંબી શેડો આવે છે. તેમાં ના થી ના ઇંચ જેટલા વ્યાસનાં પીળાશ લેતા લીલા રંગનાં ફૂલો વૈશાક, જેઠમાં આવે છે. અને અષાઢ-શ્રાવણમાં ગુંદીનાં ફળ જેવડાં લીલા રંગનાં ફળોના ઝુમખા બેસે છે. તે પાકે છે ત્યારે પીળા રંગનાં થઈ કપાસનાં કાલાંની માફક ઊઘડી જાય છે. તેમાં પડદાની અંદર ગોળ, ચપટાં અને પીળા રંગનાં બીજ રહે છે. એ બીને પીલીને કાઢવાથી તેમાંથી રતાશ મારતું અથવા પીળું તેલ મળી આવે છે. તેનો ગંધ તીવ્ર હોય છે. અને જો સલફ્યુરીક એસીડમાં મેળવવામાં આવે તો તેનો રંગ કાળો થઈ જાય છે. એ તેલને થોડીવાર પડી રહેવા દીધું હોય તો તેના નીચે ચરબીના જેવો થર થઈ જાય છે.

ગુણ–જ્યોતિષ્મતીકટુસ્તિક્તાસરાકફસમીરજિત્ ।

अत्युष्णावामनीतीक्ष्णावन्हिबुद्धिस्मृतिप्रदा ॥

માલકાંકણી તીખી, કડવી, સારક, કફ અને વાતનાશક, અત્યંત ગરમ, ઊલટી કરનાર, તીક્ષ્ણ તથા જઠરાગ્નિ, બુદ્ધિ અને સ્મરણશક્તિને આપવાવાળી છે. —મદનપાલ.

આ ઔષધિમાં બુદ્ધિ ખીલવાનો અજબ ગુણ છે, એવું પ્રાચીન ગ્રંથોથી માલમ પડેછે. પરંતુ હાલમાં તેનો અનુભવ કોઇ ભાગ્યેજ લેછે.

કહેવાય છે કે તૈલંગણ દેશમાં ઇલેશ્વર નામે નગર છે, તેમાં સોળમા સૈકામાં ઇલેશ્વરોપાધ્યાય નામનો સમર્થ વિદ્વાન્ બ્રાહ્મણ હતો; જેના ત્યાં ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. કેટલાએક મંદબુદ્ધિના શિષ્યોના માટે તે પંડિતે આ ઔષધિનો ઉપયોગ કરવાથી, તેમની બુદ્ધિ એટલી બધી વધી હતી કે ગમે તેવાં કઠીણ શાસ્ત્રોપણ તેઓ સરળતાથી શીખી જતા હતા. આ પંડિતને નાચી નામની એક પુત્રી હતી. જે જુવાનીમાંજ વિધવા થયેલી હોવાથી વિદ્યાભ્યાસમાંજ પોતાનું જીવન ગાળવાનો તેણે નિશ્ચય કર્યો હતો. માલકાંકણીનું તેલ પુષ્કળ પ્રમાણમાં પીવાથી બુદ્ધિ ઘણી ચપળ થાય છે, અથવા તો તેનાથી પાંચ કલાકમાં મૃત્યુ થાય છે, એવી વાત તેણીએ પીતાના મુખથી સાંભળેલી હોવાથી એક દિવસ અનુભવ લેવાને તે તેલ તેણીએ પુષ્કળ પ્રમાણમાં પીધું. થોડા વખતમાં એ તેલની ગરમીને લીધે તેના આખા અંગમાં એવો દાહ થવા લાગ્યો કે તેથી અકળાઈને બાવરી બની તે એક કુવામાં પડી. તેના પીતાને આ વાતની ખબર પડતાં તે કુવા ઉપર ગયો. અને નાચીને કહ્યું કે પાણીમાં રહેવાથી તારી ગરમી શમાઇ જશે. પછી કેટલાએક કલાક સુધી તે પાણીમાંજ રહે એવી તજવીજ કરી આપવાથી તેની સર્વે

ગરમી શાન્ત પામી એટલું જ નહિ પરંતુ તેની બુદ્ધિ એટલી બધી તીવ્ર થઈ કે થોડી મુદતમાં સર્વે શાસ્ત્રો અને કળામાં પ્રવીણ થઇ કઠીણ વિષયો ઉપર શીઘ્ર વ્યાખ્યાન આપવા ઊપરાંત શીઘ્ર-કવિતા કરવા લાગી.

વૈદ્યશિરોમણિ વાગ્‌ભટ્ટ પોતાના રસ રત્નસમુચ્ચય નામના ગ્રંથમાં જણાવે છે કે:—માલકાંકણી નામની વેલ પીળાશ પડતા રંગની તથા પીળાં સુશોભિત ફુલોવાળી થાય છે. એ માલ કાંકણીનાં બીજ આષાઢ માસમાં શુકલ પક્ષમાં લાવવાં, અને તેને તલની માફક ઘાણીમાં પીલાવીને તેલ કાઢવું. અથવા ઘાણીએ ખાંડી કપડામાં નાંખી મુઠીથી નીચોવી તેલ કાઢી ગાળી લેવું. પછી તેલ જેટલું ગાયનું દુધ અને તેલથી ચોથા ભાગનું મધ નાંખી ધીમા અગ્નિથી પકાવતાં, એનો ભાગ બળી જઈ તેલ માત્ર બાકી રહે ત્યારે ઊતારી ગાળી લેવું, તેને એક ઘીના રીઢા વાસણમાં અથવા કાચની બાટલીમાં ભરી તેમાં ચણકબાબ, કપુર, તજ અને જાયફળ એ બધાં સરખાવજને લેઇ કરેલું ચૂર્ણ તેલના વજનથી આઠમા ભાગનું નાંખી, તે વાસણનું મહોડું બંધ કરી અનાજના ઢગલામાં એકવીશ દિવસ રાખી મૂકવું. પછી બહાર કાઢી ગાળી લેઇ સંભાળથી રાખી મૂકવું.

સવારમાં સુર્યોદય વખતે ચાર તોલા જેટલું એ તેલ પીવડાવવાથી થોડીવારમાં પીનાર માણસ બેભાન થઇ જશે. પછી ધીમે ધીમે શુદ્ધિ આવશે ત્યારે તે બુમો પાડવા તથા રોવા લાગશે. જ્યારે તેને ભૂખ લાગેલી જણાય અને ખાવા માગે ત્યારે દુધ

ભાતનો ખોરાક આપવો. એ પ્રમાણે હમેશાં ચાર, ચાર તોલા તેલ પીવડાવવું, જે પ્રકૃતિને માફક આવતા સુધી પ્રથમની માફકજ સ્થિતિ હમેશાં થશે. પરંતુ પંદર, વીશ દિવસ પછી તેવો કંઈ ઉપદ્રવ થશે નહિ.

આ પ્રમાણે એક મહીના સુધી એ તેલ સેવનાર મનુષ્ય શ્રુતધર એટલે ખાસ અધ્યયન કર્યા સિવાય જે કંઈ સાંભળે તે બધી વિદ્યાઓ યાદ રાખવાની તીવ્ર બુદ્ધિવાળો થાય છે. બે માસ સેવવાથી સૂર્યના જેવી કાન્તિવાળો, ત્રણ માસ સેવવાથી દેવતાઓને વશ કરવાવાળો, અને ચાર માસ સેવવાથી પોતાનું શરીર કોઇ ન દેખી શકે તેવો થાય છે.

આ ઔષધિ સમંધિ આવી મતલબના બીજા પણ અનેક પ્રયોગો જુદા જુદા ગ્રંથોમાં મળી આવે છે. પરંતુ વાંચકોની ખાત્રી માટે આ બે ઉદાહરણો બસ થશે. એ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે બુદ્ધિને તીવ્ર બનાવવાનો તેમાં અદ્ભુત ગુણ છે. પરંતુ વધારે પ્રમાણમાં લેવાથી અત્યંત દાહ કરવો, બેશુદ્ધિ લાવવી, ઝાડો ઉલટી કરવા વિગેરે ઉપદ્રવો પણ સમાયેલા છે. અને તેથી કેટલા પ્રમાણમાં પીવાથી નિર્ભય રીતે વાપરી શકાય તે વિચારવા જેવું છે.

મદ્રાસ સરકારના ઓનરેરી સરજન ખાનબહાદુર મુહંદીનશેરીફ કે જેમને નામદાર સરકારે આર્ય ઔષધિના ગુણોનો અનુભવ લેવાના કામમાં રોકયા હતા, તેઓ પોતાના લાંબા અનુભવના આધારે જણાવે છે કે:—માલકાંકણીનાં બીજને પાણી સાથે ઉકાળી અર્ક કાઢવાની રીતે કાઢવામાં આવેલું તેલ કે જેને આપણે ઓલીઅમ

નાઇગ્રમ અથવા તો કાળા તેલના નામે ઓળખીએ છીએ; તેમાં અને તેજ બીયાંને ક્રચરીને કાઢવામાં આવેલા તેલમાં ખુશ્બી રીતે તફાવત છે. કારણ ઊકાળીને કાઢવામાં આવેલું તેલ જ્યારે કાળું અને ઊમ ગંધવાળું હોય છે, ત્યારે દાબીને કાઢવામાં આવેલું પીળા રંગનું અને તેલને મળતુંજ નિકળે છે. દક્ષિણ સરકારના વિજગાપટ્ટણ અને મછલીપટ્ટણમાં કાળી જાતનું તેલ ઉત્તમ રીતે કાઢવામાં આવે છે, અને તે મૂત્રલ, સ્વેદલ તથા જ્ઞાનતંતુઓને ઉત્તેજન આપનાર તરીકે સારૂં છે. બેરીબેરી નામના વ્યાધિના માટે તે સર્વોત્તમ અને ચોકસ ઇલાજ છે. બીજી દવાઓનો લાંબો ઉપયોગ કર્યા છતાં પણ જેમને આરામ થયેલો નહિ, એવા ઘણા કેસોમાં આ તેલ શરૂ કરવાની સાથેજ ઉત્તમ અસર જણાઈ છે. આ ઔષધની પહેલીજ સરસ અસર એ થાય છે કે તેનાથી પેશાબનો જથ્થો વધેછે, અને તેથી સોજાને હતા નહતા કરી દે છે. જે ઉપરથી પૂર્ણ સ્વરૂપમાં આવી ગયેલા જળોદરના કેસોમાં પણ મેં વાપર્યું છે, અને તેમાં પણ સારૂ પરીણામ આવ્યું છે. મૂત્રલ તરીકે ૧૦ થી ૩૦ ટીપાં, પરસેવો લાવનાર તરીકે ૫ થી ૧૫ ટીપાં અને જ્ઞાન તંતુઓને ઉત્તેજીત કરવાને માટે પણ એજ પ્રમાણથી આપવામાં આવે છે.

ફારમા કોપીઆ ઇન્ડિકા નામના પુસ્તકમાં ડોક્ટર બેડન પોવેલ લખે છે કે આ તેલ બેરી બેરીને માટે સર્વોત્તમ દવા છે. સંધિવા અને પક્ષઘાતમાં પણ તે આપવામાં આવે છે. જ્યારે તેનાં ૧૦ થી ૧૫ ટીપાં દિવસમાં બે વખત આપવામાં આવે છે ત્યારે તેની સંગીન ઉત્તેજક અસર થાય છે. અને થોડા કલાકમાં ક્ષીણતા થયા સિવાય પુષ્કળ પરસેવો લાવે છે. તાજાં દરદોમાં તો તે ખાસ

અસરકારક છેજ. પરંતુ જ્યારે જ્ઞાન તંતુનાં અને પક્ષઘાતનાં ચિન્હો પૂર્ણ રીતે દેખતાં હોય છે ત્યારે પણ ખાસ અસર કરે છે,

ડૉકટર ડીમક જણાવે છે કે એનાં બીયાંને કચરી તેની સાથે લોબાન, લવિંગ, જાયફળ, અને જાવંત્રિ એ બધાં મળી આઠમા ભાગનાં મેળવી અર્કની રીતે તેલ ખેંચવામાં આવે છે.

આ ઉપરથી જણાય છે કે તેનું અર્કની રીતે ખેંચેલું તેલ ૩૦ ટીંપાં એટલે લગભગ બે માસા જેટલું એકી વખતે લેવાને હરકત આવતી નથી, તો પછી પીલીને કાઢેલું તેલ કે જે તેના કરતાં ઓછું તીવ્ર હોયછે, તે ચાર માસા જેટલું લેવાય તો કંઈ વાંધો આવે નહિ. પરંતુ એટલા પ્રમાણમાં લેવાથી બુદ્ધિ તીવ્ર થાય કે કેમ ? એ શંકા ઉપસ્થિત થાય છે.

ઉપરોક્ત મહાત્મા વાગ્ભટ્ટ વળી આ તેલનો ઉપયોગ કરવાની એક બીજી રીત એવી બતાવે છે કેઃ—

જમીનમાં એક હાથ ઊંડો ખાડો કરી તેમાં એક ત્રાંબાનું વાસણ મૂકવું. તેમાં એકસો તોલા માલકાંકણીનું પીલીને કાઢેલું તેલ ભરવું–પછી વાસણનું મોં ઢાંકણથી બંધ કરી રેંણ દેઇ તે ખાડામાં ચારે બાજુથી ધુળ દબાવી ભરી દેવો કે જેથી વાસણનો કંઈ પણ ભાગ દેખાય નહિ. છ મહિના સુધી એ વાસણને જેમનું તેમ જમીનમાં રાખ્યા પછી, તે જમીન ઉપર ડાંગરનાં ફોતરાંનો સાધારણ અગ્નિ આપવો. અને જ્યારે જમીન ઠંડી થાય ત્યારબાદ વાસણને બહાર કાઢી તેમાંથી તેલ ખાવાનો આરંભ કરવો. પહેલા દિવસે એકમાસો એટલે લગભગ પંદર ટીંપાં, બીજા દિવસે બે

માસા, ત્રીજા દિવસે ત્રણ માસા અને ચોથા દિવસે ચાર માસા એટલે સાઠ ટીપાં તેલ પીવું. પછી દરરોજ સાઠ ટીપાંના પ્રમાણ થીજ એ તેલ પીધાં કરવું. અને તેના ઉપર માત્ર દુધ અને મીઠું નાંખ્યા સિવાયનો ભાત કે ઘઉંની રોટલીનોજ ખોરાક લેવો. એ મુજબ બરાબર ત્રણ વર્ષનો પ્રયોગ કરવાથી તે મનુષ્ય એવો મોટો કવિ થાય છે કે જેની બરોબરી કોઇ પણ કરી શકતું નથી. અને દીર્ઘ આયુષ્ય ભોગવી શકે તેવું વજ્ર જેવું દ્રઢ શરીર થાય છે.

બેશક ! સાધારણ મનુષ્યોથી પણ બની શકે-તેવો આ નિર્ભય અને સરળ પ્રયોગ છે. આ પ્રયોગની મુદત જે ત્રણ વર્ષના માટે બતાવવામાં આવી છે તે દિવ્ય બુદ્ધિ પ્રાપ્ત કરવાને માટે છે. પરંતુ માત્ર ત્રણ માસનો પ્રયોગ કરવાથી પણ સ્મરણ શકિત, ધારણા અને બુદ્ધિ બળમાં અન્નયમ જેણે સુધારો થઇ શકે છે, એવું કાશી, કાંચી, અયોદ્ધા વિગેરેના કેટલાક વિદ્વાનો કે જેઓ પોતાના શિષ્યો માટે આ તેલનો ઉપયોગ કરે છે; તેઓના મુખથી અમે સાંભળ્યું છે. તેમજ એકાદ, બે કેસોમાં અનુભવ્યું પણ છે.

ઉચ્ચ શ્રેણિનો અભ્યાસ કરતા આજકાલના યુવકો કે જેઓને અતિશય મગજમારી કરવી પડે છે. તેઓ જો આ પ્રયોગનું સેવન કરે તો બેશક ! તેઓનો અભ્યાસ ઘણોજ સુખસાધ્ય થઇ જાય.

બજારમાં ગાંધીઓને ત્યાં માલકાંકણીનાં બી પુષ્કળ જથ્થામાં મળી શકે છે. તેઓના ચપટાપણાને લેઇ અમરતો ચીકાશને લેઇ ઘાણીમાં બરાબર પીલતાં ન ફાવે તો તેમાં થોડાએક ગુચ્ચ પાટના ટુકડા મેળવીને પીલવાથી સહેલાઇથી તેલ નિકળી આવે છે.

ધારણા અને સ્મરણ શક્તિને વધારવાનો એમાં ગુણ હોવાથી વાઇ, અને દોવાનાપણાના કેશોમાં પણ વૈદ્યો તેનો બહોળો ઉપયોગ કરે છે. કેટલીએક વખતે વાઇનું દરદ જોઇએ તેટલું સ્પષ્ટપણે ઓળખાય તેટલા જોરમાં નહોતાં માત્ર દરદીને ફેર આવી એક મિનિટના માટે બે શુદ્ધ થઇ જાય છે, અને પછી તરતજ શુદ્ધિમાં આવે છે; તથા મોઢે ફીણ વિગેરે આવતું નથી. એવા કેશોમાં તેનું તેલ બે આનીભારથી ૧ા તોલાની માત્રામાં આપવાથી રામબાણ ફાયદો થાય છે. વળી એ તેલના માલીસથી આંચકી તથા કોલેરામાં જોટલા ચડવા બંધ થાય છે. નાડી વ્રણ–ભરની ગળી ચાંદાં તથા ભગંદરમાં ચોપડવાથી ફનેહમંદ રીતે ફજ લાવે છે. કાકચંડીશ્વર નામનો સમર્થ પ્રાચિન રસાયન શાસ્ત્રી જણાવે છે કેઃ—હલદી જાતના સોનાને વારંવાર ઓગાળીને એના તેલમાં બુઝાવવાથી તેના કસમાં વધારો થાય છે.

એ સિવાય આ ઔષધિનો બીજો એક દીવ્ય ગુણ એ અનુભવમાં આવ્યો છે કેઃ—એનાં મૂળને રવીવારે ખોદી લાવી તેમાંથી ચાર આંગળનો ટુકડો લેઇ કાળા કપડામાં શીવી રાખવો. બાદ જે સ્ત્રીને ગર્ભપાત થતો હોય તેની કમરે બાંધવાથી ગર્ભપાત થતો બંધ થાય છે

જે સ્ત્રીને વારંવાર ગર્ભપાત થતો હોય તેણે પોતાને ગર્ભ રહે ત્યારથી એ પ્રમાણે એ મૂળને કમરે બાંધી રાખવું. અને જ્યારે પ્રસવનો દિવસો નજીક આવે ત્યારે છોડી નાંખવું. આ દુર્લભ ભારદોરીના નામે વ્યવહારમાં પ્રસિદ્ધ છે. અને તે અયોધ્યા નિવાસી મહાત્મા સરજુદાસજી મારફત પ્રાપ્ત થયો હતો.

મીઠું

સં.—લવણ, હિં. નોન, મ. મીઠ. ગુ. વડાગરૂ મીઠું, ફા, નિમક ફ Salt ઝા Chloride of sodium

વર્ણન—મીઠું દરરોજના ખોરાક સાથે વપરાતું હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે.

ઉપયોગ—જે ચીજોને આપણે છેક નજીવી ગણીએ છીએ, તેમા પણ કેટલીએક વખતે રોગશમનનો વિલક્ષણ પ્રભાવ રહેલો જણાઈ આવે છે. મીઠું કે જે દરરોજના ખોરાકની ચીજ હોવાથી, ભોજનને રૂચિકર બનાવવા પરાંત તેમાં કંઇ વિશેષ પ્રભાવ રહેલો હોય એવું ભાગ્યેજ આપણી કલ્પનામાં આવી શકે છે. પરંતુ કેટલી એક જાતના જ્વરોનું શમન કરવાનો તેમાં અજબ ગુણ રહેલો છે, એવું આપણા જાણવામાં આવે છે ત્યારે આપણી આશ્ચર્યતાનો પાર રહેતો નથી. બેશક! આ અનુભવ કંઇ નવો નથી. પ્રાચિન કાળના મહર્ષિઓ તેનો એ ગુણ સારી પેઠે જાણતા હતા. છતાં પ્રમાદને લેઇ પાછળથી ગુરૂ પરંપરામાં તે સબંધિનું જ્ઞાન નષ્ટ થવાથી આપણે તેનાથી મળતો લાભ ખોયો છે. પરંતુ પશ્ચિમનો બુક નામનો એક ડોકટર એના સબંધમાં ડિમ્‌ડિમ્ વગાડીને કહે છે કેઃ—

જ્યારે હું હંગરીના અને દક્ષિણ અમેરિકાના જીલ્લાઓમાં ફરતો હતો ત્યારે ત્યાં ચાલતા મેલેરીઆ તાવનો એક સાદો ઉપાય અજમાવતો હતો, જે એવો હતો કેઃ બારીક ખાંડેલું મીઠું એક

મુઠ્ઠી લેઇ તેને ધીમા તાપે સાફ કડાઇમાં શેકતાં, તેનો રંગ બદલાઇને બળી ગએલી કાપી જેવો થાય ત્યારે નીચે ઊતારી ઠંડુ થવા દેઇ એક બાટલીમાં ભરી રાખવું. બાદ તેમાંથી એક મોટો ચમચો ભરીને ગરમ પાણીમાં મેળવીને દરદીને પાવું, અને બે, ત્રણ કલાક સુધી ખોરાક આપવો નહિ. આ દવા પીધા પછી દરદીને અતિશય તરસ લાગે છે, પણ તેને ઘણુંજ થોડું પાણી પીવાને આપવું. અને ભૂખ લાગે ત્યારે હલકો પરંતુ પુષ્ટી કારક ખોરાક ખાવાને આપવો, અને શરદીથી રક્ષણ કરવું, બીજા દિવસ સવારે પણ ભૂખ્યા પેટે એજ દવા પાવી એટલે તેનો તાવ તદન નાશ પામશે. એકાંતરીઆ અને ચોથીઆ તાવવાળાને તાવ ઊતરી ગયા પછી થોડીવારે આ મીઠુંજ આપવું. ભૂખ્યા પેટેજ આ દવા ફાયદો કરે છે. છેલ્લા અઢાર વર્ષોમાં ઘણાએક દરદીઓ ઉપર આ નીમકનોજ ઉપયોગ કરતાં, જેમણે બરાબર દવા તથા ખોરાકનો નિયમ રાખેલો હતો તેઓ પૈકી એક પણ દરદી નિરાશ થયો નહોતો. આ સાદા ઉપાયથી હંગરી મધ્યે હજારો મનુષ્યો સારાં થયાં છે. ઇડીસ—નામની સ્ટીમર ઉપર કામ કરનારા એક અમલદારને ઘણાં વર્ષોનો તાવ આ ઉપાયથી ચોવીશ કલાકમાં નાબુદ થયો હતો. અમેરીકાના ગરમ ભાગોમાં વસતા યુરોપીઅનોના મોટા ભાગને ઘણો તાવ આવે છે, અને દારૂ તથા કવિનાઇન લીધા છતાં પણ તેમાંના સંકડો દરદીઓ મરણ પામે છે, ત્યારે તેમની નજીકના ભાગોમાં વસતા જે દરદીઓ આ ઉપાય અજમાવે છે તેઓમાંનો દરેક દરદી સારો થાય છે.

—વૈદ્ય કલ્પતરૂ સને ૧૯૧૭

આ ડૉકટર સાહેબ માત્ર મેલેરીયાના માટેજ મીઠાનો ઉપયોગ જણાવે છે, પરંતુ આપણા પ્રાચિન મહર્ષિ ભાવમિશ્ર તો એથી આગળ વધી એટલા સુધી જણાવે છે કે:—

षटीनिशाद्वयंदारुशुण्ठीपुष्करमूलकम् ॥
एलागुडुचीकटुकापर्पटश्चयवासकः ॥
शृंगीकिरातितिक्तंचदशमूलीतथैवच ॥
क्वाथमेषांपिबेत्कोष्णं सिन्धुचूर्णयुतंनरः ॥
ज्वरान्सर्वान्द्रुतंहन्तिनात्रकार्याविचारणा ॥
अनुभूतमिदम् ॥ भावप्रकाश ज्वराधिकारः ॥

ષડ્ગ્રંથો, હળદર, દારૂહળદર, દેવદાર, સુંઠ, પુષ્કર મૂળ અથવા તેની અવેજીમાં ઉપલેટ, એલચી, ગળો, કડુ, ખડસલીઓ, જવાસો, કાકડાસીંગ, કરીયાતુ અને દશમૂળ (બીલી, અરણી, અરડુસો, શીવણ, કાંટેચ,સમેરવો, ગધીસમેરવો, રીંગણી, ભોંયરીંગણી અને ગોખરૂ એઓનાં મૂળ) એ દરેક સરખા ભાગે લેઇ તેમાંથી ચાર તોલાને ચોસઠ તોલા પાણી સાથે ઉકાળતાં જ્યારે આઠતોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગળી લેઇ, તેમાં સિંધાલુણ નાંખી ગરમાગરમ પીવાથી બધી જાતના તાવો એકદમ હણાઈ જાય છે; એમાં કંઇ પણ સંશય નથી. કેમકે અમે એનો અનુભવ કરેલો છે.

લીંબુ.

સં. નિમ્બુક, જંબીર, હિં. નીંબુ, મ. લિંબુ. બં લેબુ. ઇં. લેમન્સ. ફા. લિમુન લા. Lemonum acidum,

વર્ણન—લીંબુ એ દરરોજના ઉપયોગની ચીજ હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે. એની કાગદી લિંબુ, ગોદડીઆં લિંબુ, મીઠાં લિંબુ વિગેરે જાતો છે, પરંતુ અત્રે જે ગુણો વર્ણવવામાં આવે છે તે કાગદી લિંબુનાજ સમજવા.

જરીબુટ્ટી તરીકેનો ઉપયોગ—કાગદી લિંબુનો રસ મરડા માટે એવો અકસીર ઇલાજ માલમ પડયો છે કે એના સબંધમાં લખતાં નાડકર્ણી સાહેબ જણાવે છે કે:—

Lime juice is most useful in dysentery with sloughing of the Mucous membranes. Twelve ounces a day have been given with success in a hopeless case.

લિંબુનો રસ કફ ઉત્પન્ન કરનારા અવયવોના સડા સાથેના મરડામાં અત્યંત ઉપયોગી છે. અને બિલકુલ આશા છોડી દીધેલા કેશમાં પણ આખા દિવસનો થઇને તે બાર ઔંસ આપવાથી ફર્તેહમંદ પરીણામ આવે છે.

સુરતના પ્રખ્યાત વૈદ્યરાજ શા. તિલકચંદ તારાચંદ સને ૧૯૧૩ ના ઓકટોબ્બર માસના વૈદ્ય કલ્પતરૂમાં જણાવે છે કે:—લીંબુનો રસ ટુંટીઆના દરદમાં ખાસ ચોકસ ઉપાય છે. જો કે આ

રોગમાં તાવની શરૂઆતમાં દરદી ખાતો નથી, છતાં પણ તેને બ-લામણ કરીએ છીએ કે એને ભૂખ લાગે તો કાંજી, દુધ વગેરે કાંઇ પણ ખાવાનું ન આપતાં લીલી દ્રાક્ષ, સંતરાં, મોસંબી અને અને-નાસ જેવું ખાવાને આપજો. જો સાંધા બહુજ દુઃખતા હોય અને દરદી કલ્લાગરો હોય તો તેને માત્ર બે રૂા. ભાર ઠંડા પાણીમાં એક લીંબુ નીચોવીને પાઇ દેવું. એવી રીતે દિવસમાં બે, ત્રણ લિંબુ પાયાં કે સાંધા દુખતા નરમ પડી જાય છે. અમારા વિશ્વાસુ માહ-કા પૈકી જેઓ ટુંટીયું આવતા પહેલાં તાવની સાથેજ લિંબુનો ઉ-પયોગ કરવા માંડે છે તેઓના સાંધા બહુ દુઃખતા નથી, અને પા-છળથી શરીરે ફોલ્લીઓ પણ થતી નથી. પરંતુ જેઓ ખટાસથી ડરે છે, અને દુધની કાંજી ખાંડ નાંખીને પીએ છે અથવા ગળપણ ખાય છે; તેઓને સાંધાનું દરદ પંદર, વીશ દિવસ પડોચીને હેરાન થવું પડે છે. વળી જેઓને આ વાત ઉપર શ્રદ્ધા ન બેસવાથી ઔષધ ખાવા ઉપર શ્રદ્ધા હોય છે તેઓને દાડમીનાં બીજ બે વાલ અને કુલાવેલી કટકડી એકવાલ સાથે મેળવીને પાણી સાથે પાવી. એમ દિવસમાં ત્રણવાર પાવાથી દરદ જલદી મટી જાય છે.

ઉપર મુજબે ઉક્ત વૈદ્યરાજનો અભિપ્રાય છે. એ ઉપરાંત વળી સને ૧૯૧૬ ની સાલમાં અત્રે ટુંટીયું આવ્યું હતું. ત્યારે પણ-એક દરદીઓ ઉપર અમે પણ આ ઇલાજનો અનુભવ લેતાં સા-બિત થયું છે કે:—જે દરદી બીજું કંઇ પણ ઔષધ નહિ વાપરતાં કેવળ ગળપણનો ત્યાગ કરી લિંબુનો ખટાશ ખાતો રહે તે વહેલો સારો થાય છે.

વાકેરીનું ભાતું.

મ૦ વાકેરી ભાતેં.

વર્ણન—કોંકણ પ્રાંતમાં સહ્યાદ્રિ પર્વતમાં એનાં ઝાડો થાયછે. એનાં ઝાડ કાંકરનાં ઝાડોને મળતાં હોઈ, પાંદડાં, કાંટા વિગેરે પણ કાંકરને મળતા હોય છે. એને કુલોના લાલ તુરા આવી શીંગો બેસે છે. એનાં મૂળીઆં નીચે એકાદ, બે અથવા દસ, વીશ કે તેથી પણ વધારે પુટના અંતરે ત્રાંસા અગર ઊંડા તંતુઓ જઈ ત્યાં આગળ ઝાડમાંને ગુણકારી રસ સંચય થાય છે. જે વજનમાં હલકો અને આકારમાં રતાળુ કે શક્કરીઆ જેવો જાડો હોય છે. એમાં લાકડાનો ભાગ નહિ હોવાથી લીલો હોય ત્યારે અથવા સૂકાયા પછી ભીંજવી રાખી તોડવાથી શક્કરીઆની માફક સરળતાથી ભાગી જાય છે. એ પ્રમાણે રસ સંચિત થઇને બનેલો જે ભાગ તેજ વાકેરીના ભાતાના નામે ઓળખાય છે.

કેટલીએક વખત આ ભાતુ કંદના સ્વરૂપમાં પણ હાથ આવે છે, પરંતુ તે અત્યંત દુર્મિલ છે. આ ભાતુ અત્યંત ઊંડાઇએથી મળતું હોવાથી તેને ખોદીને કાઢવું એ ઘણું મુશીબતભર્યું કામછે. તોપણ ચોમાસાની ઋતુમાં સહ્યાદ્રિ પર્વતમાં મોટી મોટી તેડો પડે છે ત્યારે તે નજરે દેખાય છે. આ ભાતાને કાઢી લાવી દુધમાં બારી રાખી મૂકવાથી, એક વર્ષ સુધી તેનો ગુણ જળવી શકાય છે. અને જો વગર બારે રાખવામાં આવે તો ત્રણ મહીના પછી તેનો ગુણ કમી થાય છે.

આ પ્રમાણે આ ભાતુ ઘણી મહેનતે હાથ આવતું હોવાથી તેના થડ અને મૂળ વચ્ચેનો ભાગ કે જે પણ ભાતા જેવો જાડો,

ગોળ અને જડ હોય છે. તેને ભાતાને નામે આપી અજાણ્યા માણસને કેટલાએક લોકો ઠગે છે. પરંતુ ભાતુ કે જે વજનમાં હલકુ હોઈ કંદની માફક સહેલાઈથી ભાગી જાય તેવું હોય છે તે અનુભવી મનુષ્યના હાથમાં આવતાં તરતજ ઓળખી શકે છે.

જો કે વાકેરીના ભાતામાં વિશેષ ગુણ સમાએલો છે, તોપણ તેનાં બધાં અંગો વધારે ઓછા પ્રમાણમાં ગુણદાયક છે. અને તેથી તેનાં મૂળીઆં અથવા થડનો પણ વધારે દિવસ ઉપયોગ કરવાથી ફાયદો થાય છે.

ગુણ તથા ઉપયોગ—પ્રાચીન મહર્ષિઓએ વર્ણવેલી વનસ્પતિઓ પૈકીની આ કઈ વસ્તુ છે તેનો નિર્ણય થઈ શકતો નથી. તેથી તેનું સંસ્કૃત નામ તેમજ ગુણો લખવામાં આવ્યા નથી. માત્ર દક્ષિણના વિદ્વાન વૈદ્યો તેને "વાકેરીભાતે" ના નામથી ઓળખે છે, અને ગુરૂ પરંપરાથી મળેલા અનુભવ પ્રમાણે તેનો ઉપયોગ કરે છે. પેશાબનું કમી ઊતરવું, અચકાઇને ઉતરવું, પેશાબ ઊતરતાં દાહ થવો, લાલ, પીળા અથવા ધાતુ મિશ્રિત પેશાબ થવો, લોહી પડતા અર્શ, ગુદદ્વારનો સોજો, નાક અથવા મહોંવાટે લોહી પડવું, આખા શરીરે દાહ બળવો, ઝીણો તાવ, ખરજ, પેશાબમાં ધાતુ કે ફોસ્ફરસનું જવું, સ્વપ્નામાં વીર્યસ્રાવ થવો, મહોં આવવું. સુકી અથવા પડવાણી ખસ, પ્રદર, ગરમ ઔષધોની ઉષ્ણુતા વિગેરે વિકારો ઉપર એનો ઉપયોગ રામબાણ ગણાય છે. તેમજ વણ, નાડીવણ એટલે ભરનીંગળ ચાંદીઓ, ભગંદર, શરીરમાં જડ ઘાલીને બેઠેલું ઉપદંશ–ગરમીનું ઝેર કે જે વખત જતાં કંઠમાળ કે ક્ષયનું સ્વરૂપ ધારણ કરે છે, તેઓ ઉપર ફન્તેદમંદીથી વપરાય છે.

વાપરવાની રીત—સવાર, સાંઝ બન્ને વખત દર ટાઇમે બે આનીથી પાવલી ભાર જેટલું એ ભાતું લેઇ દુધ અગર પાણી સાથે ઘસીને પછી તેમાં બીજું પાંચ તોલા ગાયનું દુધ અગર ઠંડુ પાણી મેળવીને પાવામાં આવે છે. જો સાધારણ દરદ હોય તો બેતાલીશ દિવસના ઉપયોગથી નાબુદ થાય છે. ક્ષય, ભગંદર જેવાં વિકટ દરદોમાં તેનો ચાર, છ મહીના અગર તો એકાદ વર્ષ સુધી ઉપયોગ કરવો જોઇએ. જે દરદોમાં ઉષ્ણતા વધારે હોય તેમાં કેટલાએક વૈદ્યો તેને દુધમાં ઘસ્યા પછી તેમાં થોડું એક ઘી, સાકર તથા જરાની ભૂકી મેળવીને પણ આપે છે. વળી શરીર ઉપર પડેલી ચાંદીઓ વિગેરેમાં પીવા ઉપરાંત પાણી સાથે ઘસીને દરદવાળા ભાગ ઉપર પણ ચોપડે છે.

પાવેલના પ્રસિદ્ધ આર્યોષધિ કારખાનામાં આ ભાતુ એક રૂપીઆનું ચાર તોલાના હિસાબથી વેચાય છે, અને બીજા કોઇપણ સ્થળેથી ખરીદેલા ભાતા કરતાં તે વધારે વિશ્વાસ પાત્ર છે. માટે જરૂર હોય તેણે ત્યાંથી મંગાવવું. અગર તો ડોંકણમાંથી જાતેજ મેળવી લેવું.

વાંઝણી કંકોડી.

સં. વંધ્યા કર્કોટકી હિં. વાંઝખખસા, વાંઝકકોડા મ. વાંઝકર્ટોલી બં. તિત્કાકરોલ લા. Momordica Dioica

વર્ણન—એના વેલા ચોમાસે ઘણા ઉગી આવે છે. તે સુતળી જેવા પાતળા હોય છે. પાંદડાં અખંડિત અથવા ખંડિત કોરવાળાં હૃદયા કૃતિનાં, પહોળાં કે લંબગોળ અથવા થોડાં ઘણાં ત્રણથી પાંચ

ચૂણીઆં હોય છે. પુલ પીળા રંગનાં ઊગડે છે, પરંતુ તેમાં માદા પુલ હોતાં નથી જેથી તેને ફળ આવતાં નથી. વેલા નીચે કંદ જેવાં મૂળ હોય છે, તે ઘણીવાર ઉપરથી જાડાં અને તળીયે પાતળાં થતાં ગાજરને મળતાં હોયછે. અને તે છ ઇંચથી એક ફુટ લાંબાં અને ત્રણેથી ત્રણ ઇંચ વ્યાસનાં અથવાતો અગડ ગઠ્ઠાં, ટુંકાં અને અનિયમિત રીતે લંબગોળ પણ હોય છે. આ મૂળીયાં જમીનમાં ઘણાં વર્ષ જીવતાં રહી શકે છે, અને તેથી દરેક વર્ષે ચોમાસાની શરૂઆતમાં તેમાંથી વેલા ફુટી નિકળે છે. મૂળનો વાસ ઊગ્ર અને સ્વાદ પ્રથમ ગળચટો અને પાછળથી કડવો લાગે છે.

ઉપયોગ—છેક પ્રાચિનકાળથી એનાં મૂળીયાં કે જે કંદ જેવાં હોય છે તેનો ઉપયોગ ઝેરના ઉપર જાણીતો થયેલો છે. અને તેથી સંસ્કૃત ગ્રંથોમાં તેનાં નાગદંત્રી, સર્પદમની, વિષ મોદ પ્રશમની વિગેરે નામો પણ મળી આવે છે. પરંતુ પ્રાચિન ગ્રંથોમાં તેનું પ્રમાણ આપવામાં આવ્યું નથી, પરંતુ અનુભવ લેતાં જણાયું છે કેઃ— આશરે દોઢેક તોલા જેટલો એ કંદ પાણી સાથે ઘસીને અગર વાટીને પાવાથી બે, ત્રણ મિનિટમાં સખ્ત ઊલટીઓ થવી શરૂ થઇ સાપનું ઝેર દુર થાય છે.

શેાદલ કહે છે કે વાંઝણી કર્કોડીનો કંદ સ્થાવર તેમજ જંગમ એ બંન્ને પ્રકારના વિષને દુર કરે છે. અને તેથી સર્પના ઝેર સિવાય બીજા વિષો ઉપર તેની અસર કેવી છે, તે સબંધિ અખતરા કરતાં એવો અનુભવ આવ્યો છે કેઃ—

એના કંદને પાણી સાથે ઘસીને ઉપર કહેલી માત્રામાં પાવાથી ઊદરનું તેમજ ભીંતગરોડીની લાળનું ઝેર ઊલટી વાટે નિકળી જાય

છે. જેથી ઊંદરવાની પીડા નાબુદ થાય છે.

એક શખ્સને કંઇ ઝેરી જનવર કરડેલું જેથી તેના પગે સોજો આવેલો હતો. એના ઉપર દશાંગ લેપ વિગેરેના ઉપયોગથી કંઈપણ ફાયદો થતો નહોતો. પરંતુ સદરહુ કંદને પાણી સાથે ઘસી ચોપડવાથી માત્ર બાર કલાકમાંજ સોજો, બળતરા વિગેરે શમી જઇ તદ્દન આરામ થયો હતો.

જે માંને કોઠે રતવાનું દરદ હોય અને તેથી તેનાં બાળકોને જો એ દરદ લાગુ પડી મરી જતાં હોય તો, પાણી સાથે આશરે ૧ા થી ૧ાા તોલા જેટલો આ કંદ ઘસીને દરરોજ પાવો. એમ પંદરેક દિવસ પીવાથી રતવા ગડગુમડ વિગેરેનું દરદ નાબુદ થાય છે.

હાથ રસની કુટેવથી નપુંસક સ્થિતિમાં આવી પડેલા એક દરદીને પુરૂષાતન લાવવા કોઈ અનાડી વૈદ્યે મોટી માત્રામાં સોમલ ખવડાવેલો; જેથી તેને અત્યંત દાહ ઉત્પન્ન થઇ આખું શરીર પક્ષઘાતની માફક રહી ગયું. અને રૂધિરનો રંગ કાજળ જેવો થઇ શરીર એકદમ શોષાવા લાગી જીંદગીની આશા છોડી દેવામાં આવી. સદરહુ વૈદ્યરાજે એની શાન્તિ માટે બીજા અનેક ઉપચારો કરવાની સાથે ત્રણ, ચાર મણ તાંદળજાનો રસપણ એ દરદીને પાયો હતો, પરંતુ તેનાથી માત્ર દાહની કંઈક શાન્તિ થવા ઉપરાંત બીજો કંઇ ખાસ ફાયદો થયો નહોતો. અને દરદીની જીભ, ગળું વિગેરે દીન પ્રતિદીન જડ થતાં જવાથી કંઇપણ ખોરાક લેઇ શકાતો નહોતો. માત્ર દુધ પણ મુશ્કેલીથી ઉતારી શકાતું હતું. આવી સ્થિતિમાં જોળીમાં નાંખી તે દરદી અમારી પાસે લાવવામાં આવ્યો. અમે કેટલોએક વિચાર કર્યાબાદ વાંઝણી કંકોડીનો કંદ, વેવનો

કંદ, સરસડાની છાલ અને ઊંબરાનાં પાંદડાં એ બધાં સરખા ભાગે મેળવી તેમાંથી સાંજ, સવાર ચાર, ચાર તોલા લેઇ રીતસર ઉકાળો કરી આપવા માંડયો. અને તેથી ધીમે ધીમે સોમલનું ઝેર દુર થઇ શરીર પ્રથમના જેવું સ્વસ્થ થયું. ત્યાર બાદ યોગ્ય અનુપાન સાથે સોનાની ભસ્મ આપવામાં આવી. જેથી હાથ રસની કુટેવથી થયેલી વિકિયાપણ દુર થઇ.

વળી વાંઝણી કંકોડીનો કંદ તોલા બે. મીંઢોળનો ગર્ભ તોલો એક, ખાખરાના મૂળની છાલ તોલો એક, આસંધ તોલો એક, કાળી પાઢનું મૂળ તોલો એક, ઇંદ્ર વારણીનું મૂળ તોલો એક, આકડાના મૂળની છાલ તોલો એક, કડવી ઘીલોડીનો ગર્ભ તોલો એક, તથા મોરયુથુ તોલો એક લેઈ સાથે મેળવી ચૂર્ણ કરી રાખવું. તેમાંથી ૧॥ તોલા જેટલું ચૂર્ણ ગરમ પાણી અથવા દુધ સાથે આપવાથી ઉલટી થઈ સ્થાવર જંગમ દરેક જાતનું ઝેર નિકળી જાય છે.

રસરત્ન સમુચ્ચયકાર કહે છે કેઃ—

वंध्या कर्कोटकी कंदं भक्ष्यं क्षौद्रसितायुतम् ॥
अश्मरी हन्तिनो चित्रं रहस्यंहि शिवोदितम् ॥

વાંઝણી કંકોડીના કંદને સુકાવી ચૂર્ણ કરી તેમાંથી દર વખતે ૧॥ તોલો ચૂર્ણ લેઇ, મધ અને સાકર સાથે ખાવાથી પથરીનું દર્દ મટી જાય છે. એમાં કંઇપણ આશ્ચર્ય પામવા જેવું નથી. શીવે કહેલો આ પ્રયોગ ગુપ્ત રાખવા જેવો છે.

શરપંખો.

સં. શરપુંખા, પ્લીહારી. હી. સરફોંકા. મ. ઉન્હાળી. લા. T. Purpurea.

વર્ણન—શરપંખાના છોડવા એકથી બે ફીટ વધે છે, અને તેમાંથી ઘણી શાખાઓ નિકળે છે; જે અડધી ઉંચી અથવા છાતલાની માફક પસરાતી હોય છે. તેમાં ગળીનાં ઝાડને મળતાં પાન આવે છે, જે આહાં તોડવાથી સીધાં ન તુટતાં પાનની વચમાં ખાંચ પડીને તુટે છે. એ ઉપરથીજ એનું શરપુંખ એટલે બાણની પણછ એવી ઉપમાવાળું નામ પડેલું છે. એનાં ફુલ પતંગીઆ આકારનાં, સુંદર ગુલાબી કે જાંબુડા રંગનાં ચોમાસે આવી શિયાળામાં તેની શીંગો પાકી જાય છે. એના કેટલાએક છોડવા તેમજ શીંગો ઉપર ધોળા વાળની રૂંછાળ વિશેષ હોય છે, ભીનાશવાળી જગ્યામાં ઘણું કરી બારેમાસ ફુલો ઉઘડે છે.

ઉપયોગ—એનાં બીજને ખાંડી જેવી રીતે ખાખરાનાં બીજનું તેલ કાઢવાને લખવામાં આવ્યું છે તેવીજ રીતે પાતાલ યંત્રથી અગ્નિ આપી તેલ કાઢી લેવું. પછી એ તેલ તથા શુદ્ધ કરેલો પારો એ બે સરખા ભાગે લેઇ એક કલાક સુધી તેઓને એક બીજા સાથે ઘુંટી, પછી ચીનાઇ માટીની પાકી કુલડી કે જે સોની લોકો સોનું ગાળવાના કામમાં વાપરે છે તેમાં ભરવું. બાદ એક લોખંડનું કોડીયું લેઇ તેમાં વાટેલો સિંધવ ભરી એ સિંધવના વચ્ચે પેલી માટીની કુલડી રાખવી. અને તેના ઉપર ઢાંકણું ઢાંકી ઉપર બીજું સિંધવ લુણ ભરી, તેના ઉપર લોઢાનું બીજું કોડીયું ઢાંકવું. સિંધવ એટલે ઉંચે સુધી ભરવો કે ઉપરનું ઢાંકણું પણ જાણે સિંધવથી ભરીને

જ ઉંધું ઢાંકેલું હોય તેમ ઉપરના લોખંડના કોડીયામાં પણ સ્નિગ્ધ લાગેલો રહે. પછી તેને ચુલે ચુઢાવી ૭ પ્રહર સુધી ધીના દીવાની આંચ આપવી. અને પછી અગ્નિ બંધ કરી સંપુટ શિતળ થયે પારાને કાઢી લેવો. જે ગોળીના સ્વરૂપમાં સ્થિર થએલો મળી આવે છે.

વળી ઉપર મુજબ પાતાળ યંત્રથી કાઢેલા એના બીજના તેલને ખરજવાં વિગેરે ચામડીનાં દરદો ઉપર લગાડવાથી અતિશય ફાયદો થાય છે.

આ શિવાય બરોળની વૃદ્ધિ, તાવ, ગાંઠ, ઉધરસ, દમ, ઉપદંશની બીજી અને ત્રીજી સ્થિતિ, તાજું તેમજ જુનું સીળસ, જુનો પ્રમેહ, પ્રદર, ઊંદરનું ઝેર વિગેરે દરદો મટાડવામાં એની અસર રામબાણ છે. આ કામ માટે એનાં મૂળ તથા કાસુંદરાનાં મૂળ સરખા ભાગે લેઇ બાંડી બારીક ચૂર્ણ કરવું. અને તે બે આનીભાર થી ૧ તોલા જેટલી માત્રામાં દિવસમાં બે વખત પાણી સાથે આપવું.

એના ઊપયોગથી કોઇ કોઇ દરદીને વખતે જીવ મોળો પડી મોળ છુટે છે, અને મહોડામાંથી પાણી છુટે છે અગર એકાદ હલકી ઉલટી થાય છે. જો એમ થાય તો ગભરાવું નહિ. ક્રમકે હમેશાં દવા લેવાનું શરૂ રાખવાથી પ્રકૃતિને અનુકુળ આવી એ ઉપદ્રવો બંધ થાય છે, અને શરીરમાંથી અનેક રોગોના સુક્ષ્મ જંતુઓ નાશ પામીને રૂધિરમાંનો મળ પેશાબ તથા પરસેવા મારફતે નિકળી જાય છે. તેમજ ગર્ભસ્થાન, રજ,અને વીર્યના દોષોનું શોધન થઇ પ્રમેહ ઉપદંશ વિગેરેના દોષથી વંધ્યત્વ ભોગવતી સ્ત્રીઓને ગર્ભોત્પત્તિ થાય છે.

સાપ.

सं सर्प. हिं. सांप इं. Snake.

વર્ણન—સાપ એ પ્રાણીના ડંખ વડે દર વર્ષે હજારો મનુષ્યોના પ્રાણ જતા હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે.

ઉપયોગ—આ પ્રાણી જેટલું ભયંકર, નિર્દય, હિંસક અને પ્રાણ ઘાતક છે; તેટલુંજ ઉપયોગી પણ છે. વાતરક્ત–પતનું દરદ કે જે બીજાં અનેક ઔષધો વાપરવા છતાં પણ મહા મુસ્કેલીએજ મટી શકે છે, તે આ પ્રાણીની ચરબીનું માલીસ કરવાથી અજબરીતે નાબુદ થાય છે. આ કામ માટે ચરબી કાઢવાની રીત એવી છે કે:—એક તરતના મુએલા સાપના શરીરમાંથી ઝેરની થેલી, આંતરડાં, કલેજું વિગેરે ભાગ દુર કરી, કેવળ માંસના ભાગને પાણી સાથે સારી પેઠે ઉકાળી ગળી લેવાથી તે પાણી ઠંડુ થયે તેના ઉપર ચરબીનો ભાગ ઠરેલા ઘીના જેવો જામી જાય છે, તે કાઢી લેઈ ઉપયોગમાં લેવો.

વળી આંખ, પડળ, નજલો વિગેરે કારણોથી આંખે આવેલા, અંધાપા માટે પણ તે અદભુત ઔષધ હોઇ નીચેની કૃતિથી ઉપયોગમાં લેવાય છે.

એક કાળા નાગને ચીરી તેના પેટમાંથી ચરબીનો ભાગ કાઢી લઇ, લોઢાની કડછીમાં મૂકી અંગારાં ઉપર ગરમ કરવાથી તેમાંથી તેલનો ભાગ જુદો છુટો પડશે; તે બારીક કપડા વડે ગાળી લેઈ એક બાટલીમાં રાખવો. બાદ સંધેસરાનો રસ કાઢીને તે રસ એક માટીના કોડીયામાં ચોપડવો, અને તે કોડીયાને છાંયે સુકવવું. આવી રીતે તે કોડીયાને ત્રણ, ચાર પુટ સંધેસરાના રસના પાવા. બાદ

આ કોડીયામાં ચરબીનું તેલ રેડવું, અને રૂની આંગળ જેવી જાડી વાટ તેમાં મૂકવી. પછી તે વાટ ઉપર તેમજ આસપાસ ચણુકબાબ તોલો ૦।, એલચી તોલો ૦।, અને બરાસ વાલ એક, એ ત્રણેની ભૂકી ભભરાવવી. પછી વાટ સળગાવી દીવો કરવો, અને તેના ઉપર બીજું માટીનું કોડીયું મરવું; જેથી ઉપલા કોડીઆમાં કાજળ પડશે. તે કાજળ કાચના મુખવાળા શીશીમાં ભરી રાખવું. જે એકાદ, બે માસ આંજવાથી ઉપરોકત દરદોથી આવેલો અંધાપો દુર થાય છે.

કાળો સુરમો, શંખ ભસ્મ અને નિર્મળીનાં બીજ એઓનું ચૂર્ણ કરી સાપની ચરબી સાથે બરલ કરી ગોળો બનાવવો. તેના ઉપર એરંડાનાં પાન વીંટાળી કપડમટીનો થર ચડાવી હલકા અગ્નિ એટલે અંગારાં વચ્ચે મૂકવાથી, માટીનો રંગ પાકીને લાલ થાય એટલે બહાર કાઢી, શિતળ થયે માટીનો ભાગ દુર કરી ઔષધને લેપ કરીથી બરલ કરી રાખી મૂકવું. એ ઔષધનું અંજન કરવાથી પણ પડળ, ઝાંખ, છાયા, મોતીઓ નજલો વિગેરે દુર થઈ દૃષ્ટિનું તેજ વધે છે.

માત્ર આ પ્રાણીની ચરબીજ ઉપયોગી છે એમ નથી. પરંતુ બીજા અંગોનો પણ વિધવિધ ઉપયોગ થાય છે. એક મુએલા સાપને બાળી બનાવેલી રાખ બહેડાંના બીજના તેલ સાથે મેળવી શરીરે ચોપડવાથી કરોળીયા, સુકા ધોળા કોઢ વિગેરે દુર થાય છે. વળીઃ-

સાપની કાંચળી તોલો ૦।, સિંદુર તોલો ૦।, કપીલો તોલો ૦।, એલચી તોલો ૦।, રાળ તોલો ૦। અને કરંજીયું તેલ તોલો ૦। લેપ, પહેલાં સિંદુર, એલચો, રાળ, કપીલો તથા સાપની કાંચળીને કુટી કપડછાણ કરી તેને કાંસાના વાડકામાં કરંજીઆ તેલ સાથે

ઉકાળી મલમ જેવું બનાવવું. પછી તેનો ચોપડવામાં ઉપયોગ કરવાથી કંઠમાળનું દરદ એસી જાય છે. તેમજ ભગંદર પણ દુર થાયછે.

સાપની કાંચળીની રાખ, હરડે, બહેડાં, આંમળાં, રાળ, સાજી, હીંગળોક, હીંગ, પારો, ગંધક, કપાસનાં મીંજ, રાયણનાં મીંજ અને મોરથુથુ એ બધાં સરખા વજને લેઇ ઝીણાં વાટી લસણના રસમાં ગોળી વાળવી. જે તુલસીના રસ સાથે ઘસી આંખમાં આંજવાથી મૂર્છા, હીસ્ટીરીયા, ઋતોન્માદ વિગેરેની બેશુદ્ધિ દુર થાયછે.

આ સિવાય વળી સાપનું ઝેર એ ત્રિદોષ, કોલેરા વિગેરે માટે દીવ્ય ઔષધ છે. સારામાં સારા વૈદ્યો અને ડોકટરોએ આશા મૂકી છોડી દીધેલા કેસો પણ એનાથી સારા થાય છે. આ દરદો માટે તેનો ઉપયોગ કેવી રીતે થાય છે, તે બીજા પ્રસંગે બતાવવામાં આવશે.

સેમળો.

સં. સાલ્મલી, હિં. સેમલ, મ. સાંવરી, શેંવરી, ઇ. Silk cotton tree, Salmalia malabarica

વર્ણન—સેંમળાનાં ઝાડ જંગલમાં ઘણાં થાય છે. એ ઘણાં ઊંચાં અને બહોળા વિસ્તારવાળાં થતાં હોઇ, એનાં ઝાડ ઉપર મજબુત પડઘીવાળા શંકુ આકારના મોટા કાંટા હોય છે. શાખાઓના છેડે પાનના ઝુમખા આવેલા હોઈ, તે દરેક ઝુમખામાં પાંચથી સાત પાંદડાં ચારથી બાર ઇંચ લાંબાં અને ૧॥ થી ચાર ઇંચ પહોળાં હોય છે. એ પાંદડાં શિયાળામાં ખરી જઈ એને વસંત

બેસતાં રાતા રંગનાં કમળના જેવાં મોટાં ફુલો આવે છે. અને ત્યારબાદ એને આકડાના જેવાં ફળો લાગે છે, જે સુકાઇ જઇ ફાટે છે ત્યારે તેમાંથી રૂ નિકળે છે. એ ઝાડના ગુંદરને મોચરસ કહે છે આ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—એનાં ફુલ સ્ત્રીઓના પ્રદર માટે રામબાણ ઇલાજ માનમ પડયો છે. અને તેની નીચે મુજબની બનાવટ આપવાથી અસાધ્ય પ્રદર પણ દુર થાય છે.

આંબળાનો રસ તોલા ૮૦, વિદારીકંદનો રસ તોલા ૮૦, સેમળનાં ફુલનો રસ તોલા ૮૦, શતાવરીનો રસ તોલા ૮૦, અને ડાંગર, શેરડી, ડાભ કાસ અને મુંજ એ પાંચેનાં મૂળ સરખા ભાગે લેઇ તેઓને ખાંડી અથવા ઊકાળી કાઢેલો રસ તોલા ૮૦, ગાયનું ઘી તોલા ૮૦ એ બધાં સાથે મેળવી ઉકાળતાં રસ અને દુધનો ભાગ બળી જઇ ઘી માત્ર બાકી રહે ત્યારે ઊતારી ગાળી લેઇ, તે ઠંડુ થયે તેમાં જેઠીમધ, નસોતર, જવખાર, વરધારો એ દરેકનું ચૂર્ણ ચાર, ચાર તોલા, સાકર બત્રીસ તોલા તથા મધ બત્રીશ તોલા મેળવવું. પછી તેમાંથી સવાર, સાંજ ૩૦ થી બે તોલા જેટલું ઘી ચાટવું. તીખા, ખાટા, ખારા, જડ અને ગરમ પદાર્થોનો ત્યાગ કરવો.

આ ઉપરાંત આ ઉપાય ચાલતો હોય ત્યારે નીચે પ્રમાણે દવાઓની સેાગઠી બનાવી પહેરવાના ઉપયોગમાં લેવાથી જલદી ફાયદો થાય છે.

માયાંકાંટાળાં, પુલાવેલી ફટકડી, લોદર, ધાવડીનાં ફુલ, બાવ-

જની પાલી, આમળાં, કમળકાકડી, જાંબાનાં બીજ, આંબાની ગોટલી, હીરાકસી, ઉંબરાનાં કાચાં સુકાં ફળ, વડની કુંપળો, અરડુસીનાં પાંદડાં, આસોપાલવની છાલ, દાડમની છાલ, વાવડીંગ, ઉદુમ્બર, આખરાનો ગુંદર, સેંમળાનો ગુંદર, ચંમેલીનાં પાંદડાં અને ખેરસાર એ બધાં સરખા ભાગે લેઇ બારીક ચૂર્ણ કરી અરણીના રસમાં ખરલ કરી ચણીબોર જેવડી ગોળી વાળવી. જે સૂકાયા પછી એક ગોળી ભાગીને જરા ગોળ ભેળવી ઘણાજ જુના ઘીમાં વીંટી ગોળી જેવું બનાવીને પહેરવું.

સંધિની.

સં. સંધિની, મ. માલેઅંધ.

વર્ણન—આ ઝાડની ઉંચાઈ એક વીતથી એક હાથ પર્યંતની હોઈ પાંદડાં એક આંગળ લાંબાં હોય છે. માત્ર દક્ષિણ કોંકણમાંજ એની ઉત્પત્તિ થતી હોવાથી બીજી ભાષાઓમાં એનાં નામ મળી શક્યાં નથી. ઝાડ ઉપર એનું પાંદડું અડધમાંથી તોડીને પાછું મેળવી દેવાથી તરતજ સંધાઇ જાય છે, એ તેની ખાસ ઓળખાણ છે.

ઉપયોગ—લક્ષ્મણજીને પ્રાપ્ત થયેલી મૂર્છા વાળવાના પ્રસંગે, હૃદયનો વ્રણ રૂઝાવવાને માટે સુષેણ વૈદ્ય તરફથી વપરાયેલી સંધિની નામની વનસ્પતિ કે જે રામાયણમાં વર્ણવવા આવી છે; તે આજ હોય એમ અનુમાન થાય છે. કારણ કોઈ પણ જાતના જંગમ અગર હાડકાના ભાગવા ઉપર, એનાં પાંદડાં વાટીને બનાવેલી

ચેપથી મૂકી તે ઉપર પાટો બાંધવાથી, ગમે તેવો ભયંકર જખમ હોય તો પણ તેમાંથી વહેતું લોહી તત્કાળ બંધ થઇ; ત્રણ દિવસમાંજ તે જખમ બરાબ આવે છે. કદાચ લીલાં પાંદડાંને બદલે સુકાં પાંદડાં મળે તો, તેને પાણી સાથે વાટી ઉપયોગમાં લેવાથી પણ તેવીજ અસરે કરે છે. માટે દરેક ચિકિત્સકે પોતાના ઔષધાલયમાં તેનો સંગ્રહ કરવા પ્રયત્નશીલ થવું જોઇએ.

સંજ્ઞાઓ.

સં. સિદ્ધેશ્વર, મ. અકંટક શ્વેતશેવરી, હિં. જેત, બં વૈજયંતી, ઉ. રવાસીન.

વર્ણન—એનાં ઝાડ ૧૫ થી ૨૫ ફુટ ઊંચાં થાય છે. તેમાં નહાની, નહાસી લીસી અને ચળકાટવાળી ઘણી શાખાઓ હોય છે. પાંદડાં બાવળની માફક સળી ઉપર આવેલાં હોઇ લંબાઇમાં ના ઇંચથી થોડાંક ટુંકાં અને ૂ ઇંચ પહોળાં હોય છે. ફુલ આવતી વખતે આ ઝાડની બે જાતો નજરે પડે છે. એક જાતને ધોળાં ફુલ આવે છે, અને બીજીને પીળાં આવે છે. બન્ને જાતનાં ફુલ મ્હોટાં એટલે લગભગ૧ૂંબે ઇંચ વ્યાસનાં હોઇ, તે વસંત ઋતુથી ચોમાસા સુધી આવે છે. ત્યાર બાદ શીંગો બેસે છે, જે ચપટી, ૪થી ૮ ઇંચ લાંબી અને ૦ા એક ઇંચ જેટલી પહોળી હોય છે. શીંગો કાચી હોય ત્યારે લીલાશ લેતા પીળા રંગની અને સફેદ

વાળની રૂવાંટીવાળી હોય છે. પરંતુ પાકેછે ત્યારે જીરાશ લેતા રાતા રંગની થઇ જાય છે. તેની અંદર લંબગોળ, જીરા રાતા રંગનાં, બન્ને પાસે જરા દબાએલાં બીજ હોય છે. ધોળાં ફુલ વાળી જાતના વળી બે પ્રકાર છે.

પહેલા પ્રકારના ઝાડનાં મૂળની છાલ લાલ હોય છે, પરંતુ અંદરનો ગર ધોળો હોય છે. એનાં ફુલ બીજા પ્રકારના ઝાડના ફુલ કરતાં જરા નાનાં હોય છે. મૂળીયું ભારે હોય છે.

બીજા પ્રકારનાં ઝાડને જરા મોટાં ફુલ થાય છે. મૂળની છાલ પીળાશ પડતી ધોળી હોય અંદરનો ગર પીળો થાય છે. આ જાતનું મૂળ પહેલા પ્રકાર કરતાં હલકું હોય છે. આ જાતનાં મૂળીયાં લીલી અને સુકી બન્ને સ્થિતિમાં વિશેષ ગુણકારક છે.

પીળાં ફુલવાળી જાતનાં મૂળીઆં લીલાં હોય છે ત્યાં સુધીજ ધોળાં ફુલવાળી જાત જેટલાં ગુણદાયક હોય છે. પરંતુ સૂકાઇ ગયા પછી તેટલાં ગુણદાયક રહેતાં નથી.

सिद्धेश्वरो हिमः स्निग्धः ग्रन्थि नाडीव्रणा पहः ॥
वात व्याधिहरश्चैव त्रिदोषामय नाशनः ॥

સંધેશરો શિતળ, સ્નિગ્ધ તથા ગાંઠ, નાડી વ્રણ, વાયુનાં દરદો અને ત્રિદોષનો નાશ કરનાર છે.

પ્રાચીન નિઘંટકારોએ માત્ર એના એટલાજ ગુણો વર્ણવ્યા છે. અને વ્યવહારમાં પણ એનાં પાંદડાંને વાટી થેપલી બનાવી ગડ, સુંમડ, ગાંઠ વિગેરે ઉપર બાંધવાં કે જખમ ઉપર મૂકવાં, તથા વા-

મુખી ઝણાએલા સાંધાઓ માટે વાટીને પીવા વિગેરે સાધારણજ ઉપયોગ થાય છે. પરંતુ જડી બુટ્ટીઓ સબંધિ શોધખોળ કરનારાઓને એનું મૂળીયું વીંછીના ડંખનું ઝેર ઊતારવાના કામમાં ઘણું અકસીર માલુમ પડયું છે.

નામદાર ગાયકવાડ સરકારના માજી ચીફ મેડિકલ ઑફીસર ડૉકટર સરજ્ઞાલચંદ્ર કૃષ્ણા ભાટવડેકર સાહેબે, એ મૂળીઆ સબંધિ પોતાને મળેલા અનુભવનો હેવાલ સને ૧૮૮૦ ના સપટેમ્બર માસમાં થીઓસોફીસ્ટ પત્રમાં પ્રકટ કરેલો છે. તેનો સાર વાંચકોની ખાત્રી માટે અત્રે આપવામાં આવે છે.

તેઓ સાહેબ જણાવે છે કે સને ૧૮૭૮-ના ફેબ્રુઆરી માસમાં રાવ બહાદુર જનાર્દન સખારામ ગાડગીલે, વિંછીના ઊતાર તરીકે પંકાતુ એક મુળીયું મને આપ્યું. ઔષધ તરીકે મને આપતા અગાઉ ઘણીક વખતે તેઓ સાહેબે અજમાવી જોયું હતું. તેમજ મને પણ તેની પરીક્ષા કરવાના ઘણા પ્રસંગ મળ્યા. જેમાં હું કવચીતજ નાઉમેદ થયો છું. આ પ્રમાણે એ મુળીયાના ગુણ વિષે અમારા બંનેની ખાત્રી થઇ, તેથી અમે ધાર્યું કે તેની બહોળી અજમાયેશ કરવી જોઇએ; એ માટે તેના કકડા આ રાજ્યમાંના ઔષધાલયોમાં મોકલ્યા.

જુદાં જુદાં ઔષધાલયોમાં થઇને કુલ ૮૦૪ મનુષ્યો જુદી જુદી જાતના વિંછીના ડંખ પાટે તેને અજમાવવામાં આવ્યું, અને બધે ઠેકાણે નિયમસર નોંધ રાખી હકીકત મોકલવામાં આવી. તેનું પરિણામ એ આવ્યું કે કુલ ૮૦૪ દરદીઓમાંથી માત્ર ૧૧ દરદીને આરામ થયો નહોતો. આથી જણાવે છે કે સેંકડે

૬૮.૬ નેં આરામ થએલેા છે, અને ૧–૪ ને થયેા નથી આ પરીણામ સંતેાષકારક છે. માત્ર ૧૧ દરદીને આરામ નહી થવાનું કારણ વખતે દરદીમાં કે તેના વૈદ્યમાં મંડયા રહેવાની ખામીના લીધે થયું હશે.

જે મુળીમામાં આ ગુણ છે તે કીયા ઝાડનું મુળ એ જાણવું આવસ્યકીય છે. ગુજરાતીમાં જેને સંધેસરો અથવા સંધેસરાના નામથી ઓળખે છે તે ઝાડનું એ મુળ હતું. આ સંધેસરીની બે જાત છે. એક ધેાળા પુલવાળી અને બીજી પીળાં ફુલવાળી. તેમાં ધેાળાં ફુલ વાળી વિશેષ ઉપયેાગી છે. કારણ પીળી જાતનાં મુળ સુકાઈ જયા પછી વિશેષ ગુણદાયક રહેતાં નથી. જો કે રાજેશ્રી નાટે કરે આ મુળીયાંની જાતેા મને જુદી પાડીને આપી નહેાતી. તેથી ઉપર જે ૮૦૪ દરદી ઊપર અજમાયશ બતાવેલી છે તેમાં બધી જાતનાં મુળ વપરાએલાં હતાં, અને તેથીજ કદાચ ૧૧ દરદીને આરામ નહી થયેા હેાય.

મી. નાટેકર કહે છે કેઃ–ઝાડમાંથી મુળીયાં જે વખતે કાપવામાં આવે તેને અનુસરીને તેમાં વધારે ઓછેા ગુણ હેાય છે. તેઓ કહે છે કે સૂર્યાસ્ત થવા માંડે ત્યારે એટલે પાછલા પેાહેારના ત્રણ વાગ્યા પછીથી સાંજ સુધીમાં એ મુળીયું કાપવું જોઇએ. વળી જેમનેા કહેવામાં છે કે બીજા કેાઈ દીવસ કરતાં રવીવારે કાપવું ઠીક છે, આનું કારણ સાંજની વખતે ઝાડના તમામ ભાગમાં રસનું ફરવું સમાનતાથી થતું હશે એમ કદાપી હશે.

ઝાડના મુળમાંથી ત્રણ, ત્રણ ચાર ચાર તસુના ટુકડા કાપી લેને ધેાઇ ને સાફ કરી ઉપયેાગમાં લેવાય છે. તેનેા ઉપયેાગ કર-

વાની રીત ઘણી સરળ છે, પરંતુ દેખીતી અશાસ્ત્રિય છે. જ્યાં સુધી વીંછી ચડયો હોય ત્યાંથી તે ડંખ સુધી આ મુળીયું ફેરવવું. મુળીયાનો એક છેડો શરીર તરફ શરીરની નજીક પરંતુ અડકે નહી એટલા અંતરે એટલે પા તસુના અંતરે રાખી ધીમે ધીમે ફેરવવું. અવળા દિશામાં ફેરવવું નહી. થોડીવાર ફેરવ્યા પછી દરદ ડંખમાં આવી જાય છે, પછી તે મુળીયું ડંખમાંથી દરદ નાશ થાય ત્યાં સુધી ઉપર ધરી રાખવું. એમ કરવા છતાં થોડી વારમાં ડંખમાંથી દરદ નાશ ન પામેતો મુળીઉં પાણીથી ધસી ડંખ ઉપર ચોપડવું. આમ કરવાથી જો દરદ પાછું ફેલાય તો પ્રથમ પ્રમાણે મુળીયું ફેરવી ઉતારવું,

એ પ્રમાણે કરવાથી ઘણાખરા કેસોમાં માત્ર અડધા કલાકમાં આરામ થઇ જાય છે. પરંતુ જો ડંખ ભારે હોય છે, તો દરદને ડંખમાં લાવી મુકવાને એક કલાક અથવા કંઇક વધુ વખત લાગે છે. માટે તેવા પ્રસંગે દરદી અને વૈદ્યે મંડયા રહેવું આવશ્યકછે.

જ્યારે મુળ સુકાઇ જાય છે, ત્યારે ધારેલો ફાયદો કરતું નથી. માટે તેને થોડીવાર ભીંજવી ઉપયોગમાં લેવું જોઇએ.

મારી જાતના અનુભવમાં આજ મુળીયું ૧૦૦ દરદીને અજમાવતાં ફકત બે દરદીને આરામ થયો નહોતો.

વીંછીના ઝેરના ઉપાયો ઘણા છે, પરંતુ તેમાંના વખતસર મળી શકતા નથી, જે મલે છે તેઓથી ફાયદો ઘણું કરીને થતો નથી. તેના કરતાં ફાયદા એ છે કે, જ્યાં જોઇએ ત્યાં તે તેનો ઉપયોગ કરવાની રીત સહેલી

ગુણ જાળવી શકાય છે, અને તેના ઉપયોગથી સંતોષકારક પરીણામ આવે છે.

ડૉ. સર ભાલચંદ્ર સાહેબના આ અભીપ્રાય ઉપરાંત અમે પણ ઘણા લાંબા વખતથી ઘણા દરદીઓ ઉપર આ મૂળની અજમાયશ લીધી છે, અને તેનું પરીણામ ઘણું સંતોષકારક આવ્યું છે. માટે દરેક વાંચકે તેનો બોહોળો ઉપયોગ કરી પોતપોતાનો અનુભવ જનહીત કાજે પ્રસિદ્ધ કરવો જોઇએ.

તન, મન અને ધનના અથાગ ભોગે પ્રાપ્ત કરેલું જડીબુટ્ટીઓ સબંધિ જ્ઞાનના સ્વરૂપ ભાગનું દિગ્દર્શન આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવ્યું છે. અને બાકીનો ભાગ પ્રસંગોપાત્ પ્રકટ કરવામાં આવશે. કંઈ પણ ગુપ્તભાગ રાખ્યા સિવાય જેટલા શુદ્ધ અંતઃકરણથી આ પુસ્તક લખવામાં આવ્યું છે, તેવાજ શુદ્ધ મનથી દરેક અનુભવી વિદ્વાન્ વૈદ્યરાજો પોતપોતાનો અનુભવ પ્રગટ કરવાનો ઉત્સાહ ધરાવે " તો બેશક ! થોડાજ સમયમાં આર્ય વૈદ્યકને પોતાની પ્રાચિન દીવ્ય સ્થિતિ પ્રાપ્ત થયા વિના રહે નહિ." ઇશ્વરકૃપાએ એ દિવસ સઘ આવે !

આ પુસ્તક વાંચ્યા બાદ તે સબંધી અભિપ્રાય જણાવવાને માટે, તેમજ પોતાને આ પુસ્તકમાં આપેલા અગર બીજી જડીબુટ્ટીઓ સબંધિ કંઇ વિશેષ જ્ઞાન હોય તો તે જણાવા, દરેક સુજ્ઞવાંચકને વિનતિ કરવામાં આવે
પુસ્તકની પુનરાવૃત્તિમાં યોગ્ય સુધારો થઈ
બીજા ભાગોમાં યોગ્ય સહાય મળી શકે.

પશુચિકિત્સા.

૨૪મી આવૃત્તિ પૃષ્ઠ ૩૦૦. ક્રાઉન કાગળો. પાકું પુઠું કિંમત રૂા. ૧-૪-૦ સવા. પોસ્ટેજ જૂદું.

(મળેલા અસંખ્ય અભિપ્રાયોમાંથી માત્ર એકાદ, બે).

આજકાલ ખરવાસ, મોવાસ, બળીઆ, ગાંઠ વિગેરે વિષવિષ દરદોથી સેંકડો ગાયો, ભેંસો, બળદો વિગેરેનો સંહાર વળી જા છે. તેવા પ્રસંગે જો આ પુસ્તકમાં બતાવેલા ઉપાયોનો ઉપયોગ કરવામાં આવે તો, બેશક મુંગા પ્રાણીઓ ઉપર ઉપકાર થઈ ઢો રના ધણીઓને તેમજ દેશને અનહદ ફાયદો થયા સિવાય રહે નહિ.

પિતામ્બર શંભુરામ જોશી.

કામદાર તાલુકે વડાવામ—મહીકાંઠા.

દરેક સાધારણ મનુષ્ય પણ બરાબર સમજી શકે એવી સરળતાથી આ પુસ્તક લખવામાં આવ્યું છે. ઉપાયો અસરકારક હોવા સહેલાઇથી બની શકે તેવા છે. દરદોની સારવાર ઉપરાંત વળી ઢો ની ઓલાદ કેમ સુધારવી ? ઘી, દુધની પેદાશ કેવી રીતે વધાર દરદો થતાં કેવી રીતે અટકાવવાં ? વિગેરે ઉપયોગી વિષયે ચર્ચવામાં આવ્યા છે.

ઠાકોરશ્રી અમરસિંહજી.

તાલુકે દધાલીઆ મહીકાંઠા.

બળીઆ અને ખરવાસના દરદથી જ્યારે સેંકડો ઢોરોનો ભે આ પુસ્તકમાં બતાવેલો એક સાદો ઉપાય ઢોરનું નુકશાન થયું નહોતું.

હનપુરી રામપુરી.

હલનો મંડ.